MARKET 4U (OPC) PVT. LTD.
જંગ-એ-ગુજરાત અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
ભરૂચ ઓફિસ
૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । મંગળવાર । તા. ૧૨-૦૫-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

2 અમેરિકામાં ૨૪ કલાકમાં ૭૫૦ના મોતઃ કુલ મૃત્યુઆંક ૮૦,૭૦૦ને પાર

4 સ્થાનિક સ્તરે ડોક્ટર્સ-મેડિકલ સ્ટાફને ન રોકવા કેન્દ્ર સરકારનો તમામ રાજ્યોને આદેશ

6 ૧૦ દિવસથી તાવ ન આવે તો ૧૭ દિવસ પછી આઈસોલેશન ખતમ કરી શકાશે

7 હવે કોઈ પણ જગ્યાએ પોતાની ખેત પેદાશો વેચી શકશે ખેડૂતો

દેશમાં કુલ સંક્રમિતોનો આંકડો ૬૭૧૫૨,મૃત્યુઆંક ૨૨૦૬એ પહોંચ્યો

૨૪ કલાકમાં રેકોર્ડબ્રેક ૪૨૧૩ પોઝિટિવ કેસઃ ૯૭ના મોત

દિલ્હીના ઉર્જા મંત્રાલયમાં એક ઓફિસરનો કોરોના રિપોર્ટ પોઝિટિવ,૩-૩ લોકડાઉન છતાં ભારતમાં કોરોના પોઝીટીવના કેસોમાં વધારો,હોમ આઈસોલેશનની ગાઈડલાઈનમાં ફેરફાર કરાયા,રિકવરી રેટ ૨૯ ટકા અને ડેથ રેટ ૨.૫ ટકા હોવાથી કોરોના સામેની લડાઈમાં હકારાત્મક પરિણામની આશા

ન્યુ દિલ્હી

દેશમાં કોરોના લોકડાઉન-૩ની મુદત ૧૭ મેના રોજ પૂરી થઈ રહી છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે પાંચમી વખત રાજ્યોના સીએમ સાથે બેઠક યોજીને લોકડાઉન ઘટાડવુ કે વધારવુ તે અંગે વિચારવિમર્શ હાથ ધર્યો હતો. તો બીજી તરફ આવતીકાલ ૧૨મીથી સ્પેશ્યલ ટ્રેનો દિલ્હીથી વિવિધ શહેરો વચ્ચે શરૂ છઈ રહી છે. ૩-૩ લોકડાઉન છતાં ભારતમાં કોરોના પોઝીટીવના કેસોમાં વધારો થયો છે અને છેલ્લાં ૨૪ કલાકમાં અત્યારસુધીમાં સૌથી વધારે રેકોર્ડબ્રેક સમાન ૪ હજાર કરતાં વધારે કેસો નોંધાયા હતા.,

સૂત્રોએ જણાવ્યું હતું કે, દેશમાં તમામ પ્રયાસો છતાં પણ કોરોના વાયરસ(કોવિડ-૧૯)નુ સંકટ ઝડપથી વધી રહ્યુ હોય તેમ આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે સોમવારે જણાવ્યુ કે હવે ભારતમાં કોરોના વાયરસ પૉઝિટીવ કેસોની સંખ્યા વધાને ૬૭,૧૫૨ થઈ ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના ૪૨૧૩ કેસો સામે આવ્યા છે. ૨૪ કલાકમાં ૧૧૧ લોકોના મોત થયા જેમાં, મુંબઈમાં સૌથી વધુ ૫૩ દર્દીઓએ જીવ ગુમાવ્યા હતા. દેશમાં કોરોના વાઈરસના કારણે મરનારા લોકોની સંખ્યા વધીને ૨,૨૦૬ થઈ ગઈ છે. જ્યારે સંક્રમિતોની સંખ્યા વધીને ૬૭,૧૫૨ થઈ છે. કેન્દ્રીય આરોગ્ય વિભાગ મુજબ, ગત ૨૪ કલાકમાં ૪,૨૧૩ નવા કેસ સામે આવ્યા છે. જે અત્યાર સુધીમાં સૌથી વધુ કેસ છે.કુલ પૉઝિટીવ કેસોની સંખ્યા વધીને ૪૪,૦૨૯ સક્રિય કેસો ૨૦૯૧૭ છે.

સોમવારે રાજસ્થાનમાં ૮૪, આંધ્રપ્રદેશમાં ૩૮, હરિયાણામાં ૨૮, ઓડિશામાં ૧૪ અને કર્ણાટકમાં ૧૦ કેસ સામે આવ્યા છે. આ પહેલા રવિવારે એક દિવસમાં સૌથી વધારે ૪૨૯૬ નવા દર્દીઓ નોંધાયા હતા. જોકે આ દિવસે સૌથી વધારે ૧૬૬૮ લોકો સાજા પણ થયા હતા. આ આંકડા covid19india.org અને રાજ્ય સરકારો પાસેથી મળેલી માહિતીના આધારે છે. કેન્દ્રીય સ્વાસ્થય મંત્રાલયના જણાવ્યા પ્રમાણે દેશમાં ૬૭,૧૫૨ દર્દીઓ છે. ૪૪,૦૨૯ લોકોની સારવાર ચાલી રહી છે. ૨૦, ૯૧૬ સાજા થઈ ગયા છે. કોરોનામાંથી દર્દીઓનો સાજા થવાનો દર ૩૧.૧૫ ટકા થઈ ગયો છે.. જ્યારે અત્યાર સુધી દેશમાં ૨૨૦૬ દર્દીઓના મોત થયા છે. છેલ્લાં ૨૪ કલાકમાં જે લોકોના મોત થયા તેમાં મહારાષ્ટ્રમાં ૫૩, ગુજરાતમાં ૨૧, પશ્ચિમ પંગાળમાં ૧૪, તમિલનાડુમાં ત્રણ, આંધ્ર પ્રદેશ, બિહાર, હરિયાણા, કર્ણાટકા અને રાજસ્થાનમાં એક-એક દર્દીનો સમાવેશ થાય છે.

દિલ્હીના ઉર્જા મંત્રાલયમાં એક ઓફિસરનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. ત્યારબાદ શ્રમ શક્તિ ભવનના છઠ્ઠા માળને સીલ કરવામાં આવ્યો હતો. આ માળે જ ઉર્જા મંત્રાલયનું કામકાજ થાય છે. મંત્રાલય દ્વારા કરવામાં આવેલી ટ્વીટમાં આ જાણકારી આપવામાં આવી છે. તેમાં કહેવામાં આવ્યું છે, ઓફિસમાં મંગળવારથી કામ શરૂ થશે.

અનુસંધાન પાના નં. ૬

૧૦૦ વાર વિચારવા જેવુ

સરકાર અને આપણી સામે બે પ્રોબ્લેમ છે કોરોનાથી બચવું હોય તો સખ્ત લોકડાઉન કરવું પડે અને લાંબા સમય સુધી લોકડાઉન કરી રાખો તો અર્થવ્યવસ્થા ચોપટ થઈ જાય.

એક વાર એક ચોર પકડાયો તો રાજાએ સજા કરી પણ બે વિકલ્પ આપ્યા કે ૧૦૦ કોરડા મારવામાં આવે અથવા કોરી ૧૦ KG દુંગળી એક બેઠકે ખાઈ જવાની.

ચોરે વીચાર્યું કે કોરડા ખાવા કરતા દુંગળી ખાવી સારી. તો એણે દુંગળી ખાવાની શરૂ કરી પણ ૪ દુંગળી ખાતા જ આંખ માંથી આંસુ પડી ગયા અને બોલી પડ્યો ભાઈ કોરડા ખાઈશ પણ દુંગળી ખાવાની તાકાત નથી. એને કોરડા મારવાના ચાલુ કર્યા અને દસ કોરડા ખાતા તો ઢળી પડ્યો કે ભાઈ ઉભા રો. મારે કોરડા નથી ખાવા . હું દુંગળી જ ખાઈ લઈશ. બીચારા એ આમ ને આમ ૬ કિલો દુંગળી યે ખાધી અને ૫૦ કોરડા પણ ખાધા છતા સજા પુરી થઈ નહીં.

અત્યારે આપણી યે આવી જ હાલત છે. કોરડા કે દુંગળી એ નક્કી કરી નથી શકતા.

તમે શું વીચારો છો? કોરોનાથી બચવા લોકડાઉન કડક રીતે હજુ લાંબા સમય સુધી ચાલુ રાખવું જોઈએ કે પડશે એવા દેવાશે તેવું વિચારીને બજાર ખોલી દેવા જોઈએ કે પછી દુંગળી ને કોરડા બન્ને ખાવા છે?

તમારા જવાબ ની રાહ છે.

૧૫ ટ્રેનો વિવિધ રાજ્યોના મુખ્ય શહેરોમાં જશે

કોરોના સંકટ વચ્ચે આજથી આંશિક રેલ સેવાનો પ્રારંભ

ન્યુ દિલ્હી

ભારતીય રેલવેએ કહ્યું છે કે, અમારી યોજના ૧૨ મેના મંગળવારથી ચરણબદ્ધ રીતે યાત્રી ટ્રેન સેવાઓ શરુ કરવાની છે. શરુઆતમાં પસંદગીના રૂટ પર ૧૫ જોડી ટ્રેન (અપ અને ડાઉન મળીને ૩૦) ટ્રેનો દોડાવવામાં આવશે. સાથે જ રેલવેએ કહ્યું છે કે, આ ટ્રેનોમાં પોતાની સીટ રીઝર્વ કરાવનાર પ્રવાસીઓએ એમના પ્રસ્થાન સમયથી ઓછામાં ઓછા એક કલાક પહેલા રેલવે સ્ટેશન પર પહોંચવું પડશે. અધિકારીઓએ જણાવ્યું કે, આરક્ષણ દરમિયાન પ્રાપ્ત ટિકિટો પર શું કરવું અને શું ન કરવું તે સ્પષ્ટપણે લખેલું હશે. તેમાં માર્ગદર્શિકાઓનો પણ સમાવેશ કરાયો હશે. જેમકે ઓછામાં ઓછા એક કલાક પહેલા રેલવે સ્ટેશન પર પહોંચવું પડશે, પ્રસ્થાન સ્થાન પર મેડિકલ તપાસ કરાવવી પડશે, કોરોના વાયરસ સંક્રમણ સાથે જોડાયેલા અન્ય પ્રોટોકોલ્સનું પાલન કરવું પડશે, મોઢા પર માસ્ક ફરજિયાત પહેરવું પડશે તેમજ આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરવાની રહેશે.

તેમણે કહ્યું કે, માત્ર કાયદેસર ટિકિટધારકોને જ રેલવે સ્ટેશનમાં પ્રવેશવાની મંજૂરી હશે. યાત્રીઓ માટે માસ્ક પહેરવું જરુરી છે અને સાથે જ સ્વાસ્થ્યની તપાસ પણ અનિવાર્ય હશે. માત્ર એ જ લોકોને ટ્રેનમાં ચઢવાની મંજૂરી મળશે જેમાં વાયરસના ચેપાન કોઈ જ લક્ષણો નહીં હોય. યાત્રા દરમિયાન ટ્રેન મર્યાદિત સ્ટેશનો પર થોભશે.

રેલવે સ્ટેશનો પર ટિકિટ બુકિંગ વિન્ડો બંધ હશે. પ્લેટફોર્મ ટિકિટ સહિત કોઈ પણ કાઉન્ટર ટિકિટ ઈસ્યૂ કરવામાં નહીં આવે. શરુઆતમાં તમામ ૧૫ રાજધાની ટ્રેનોના માર્ગો પર વાતાનુકુલિત ટ્રેનસેવા શરુ કરાશે અને તેમનું ભાડુ સુપરફાસ્ટ ટ્રેનો જેટલું હશે.

આ વિશેષ ટ્રેનો નવી દિલ્હી રેલવે સ્ટેશનથી રવાના થશે અને દિબ્રૂગઢ, અગરતાલા, હાવડા, પટણા,

અનુસંધાન પાના નં. ૬

કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન પ્રધાન હરદીપસિંહ પુરીની જાહેરાત

કોરોના મહામારી વચ્ચે ૧૫ મે પહેલા ઘરેલુ વિમાની સેવા ફરીથી શરૂ થવાની સંભાવના

ન્યુ દિલ્હી

દેશમાં કોરોના મહામારીની વચ્ચે ઘરેલુ ઉડાન કામગીરી એક અઠવાડિયામાં ફરી શરૂ થવાની સંભાવના છે. કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન પ્રધાન હરદીપસિંહ પુરીએ એક અંગ્રેજી મેગેઝીનને આપેલી મુલાકાતમાં જણાવ્યું હતું કે સરકાર ૧૫ મે પહેલા ઘરેલુ ઉડાન કામગીરી ફરીથી શરૂ કરવાની યોજના બનાવી રહી છે.

"અમે ઘરેલું ફ્લાઈટ ઓપરેશન્સ ૧૫ મે પહેલા જ શરૂ કરવાનું વિચારી રહ્યા છીએ. મારો પ્રયાસ હશે કે તે ખૂબ જલ્દીથી શરૂ કરવાની દિશામાં આગળ વધવાનો પ્રયત્ન કરીશ. હું તેના પર કોઈ તારીખ લગાવી શકતો નથી કારણ કે જ્યારે આપણે વિદેશમાં ફસાયેલા ભારતીયોને લાવવની કામગીરીની યોજના ઘડી રહ્યા હોવ ત્યારે તમને જરૂર છે કે , સ્થાનિક નાગરિક ઉડ્ડયન ખોલવા માટે, મને સ્થાનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરની પણ જરૂર છે .

તેમણે કહ્યું કે શરૂ થનારી ઘરેલું વિમાની સેવા કોઈ રેસ્ક્યૂ કામગીરી નહીં હોય. કેમ કે મંત્રાલય ફરીથી વ્યવસાયિક કામગીરી શરૂ કરશે. "અમે એકવાર ઘરેલું નાગરિક ઉડ્ડયન શરૂ કરીશું,

અનુસંધાન પાના નં. ૬

કેજરીવાલે લોકડાઉનમાં રાહત માંગી

વડાપ્રધાન મોદીએ લોકડાઉન સંદર્ભમાં રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે યોજી બેઠક

ન્યુ દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોરોના લોકડાઉન-૩ની મુદત ૧૭ મેના રોજ પૂરી થવા જઇ રહી છે ત્યારે તેમાં વધારો કરવો કે વધુ છૂટછાટો સાથે ધીમે ધીમે લોકડાઉન ઉઠાવી લેવું તેની ચર્ચા દેશના વિવિધ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે આજે યોજી હતી. દરેક રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે તેમની આ પાંચમી વખત વીડિયો કોન્ફરન્સિંગ બેઠક હતી.. આ બેઠક બપોરે ૩ વાગે શરૂ થઈ હતી..આ બેઠક બે તબક્કામાં થવાથી છે. બેઠકનો પહેલો તબક્કો ૩થી ૫.૩૦ વાગ્યા સુધી ચાલશે અને બેઠકનો બીજો તબક્કો ૬ વાગે શરૂ થશે અને કોઈ પરિણામ ન આવે ત્યાં સુધી ચાલુ રહેશે.

આ બેઠકમાં દરેક મુખ્યમંત્રીઓને તેમની વાત રજૂ કરવાનો મોકો મળશે. લોકડાઉનનો ત્રીજો તબક્કો ૧૭ મેના રોજ પૂરો થઈ રહ્યો છે. આ સંજોગોમાં મોદી મુખ્યમંત્રીઓ સાથે કોરોનાને ટક્કર આપવાની રણનીતિ, લોકડાઉનમાં છૂટછાટ આપવા અને આર્થિક ગતિવિધિને વેગ આપવા વિશે સુચન માંગશે. બીજી બાજુ કેન્દ્ર સરકારનું ફોકસ હવે ઈકોનોમીને ગતિ આપવા માટે રાજ્યોનું કામકાજ શરૂ કરાવવા પર રહેશે.

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ પહેલાં જ લોકડાઉનમાં રાહતની માંગણી કરી ચૂક્યા છે. કેજરીવાલે કહ્યું છે કે, લોકડાઉને આર્થિક સ્થિતિ બગાડી દીધી છે. આ સંજોગોમાં દિલ્હીને ખોલવું જરૂરી. તેમનું કહેવું છે કે, આ સંજોગોમાં દિલ્હીમાં કેસ વધશે તો પણ અમે તેને ટક્કર આપવા તૈયાર છીએ. કેજરીવાલ પહેલાં જ કહી ચૂક્યા છે કે, આપણે કોરોના સાથે જીવતા શીખવું જ પડશે.

અનુસંધાન પાના નં. ૬

આજની પરિસ્થિમાં આપની આવક વધારવા અને આપની તંદુરસ્તી માટે નીચેની લિંક ખોલી જુઓ

સામાન્ય માણસ જ્યારે કોરોનાની મહામારી અને મંદીનો સામનો કરી રહ્યું છે ત્યારે ૧૬ વર્ષ જુના જંગ એ ગુજરાત અખબાર ગ્રુપનું નવું નજરાણું

MARKET4U(OPC) PRIVATE LIMITED

જેમાં જુદા જુદા બે પ્લેટફોર્મ ની લિંક અત્રે પ્રસ્તુત છે જે લિંક ખોલી આપ વિગત સમજી શકશો ન સમજાય તો અમારા 9904733000 અને 9978406257 પર કોલ કરી શકો છો.

www.market4u.in

જ્યાં આપ પોતાની જાહેરાત અને જરૂટિયાં માત્ર રૂપિયા ૫૫૦/- માં ૬ મહિના સુધી કરી ખૂબ પ્રસિદ્ધિ કરી કમાઈ શકશો

www.connectindians.in

જ્યાં આપ જોડાયબદ અન્યને market4u ની વિગત સમજાવી અન્ય ને જોડશો તો મહેનત મુજબ ખુબ કમાઈ શકશો તદુપરાંત અમે લાવ્યા છીયે આપના સ્વસ્થ્ય માટે જરૂરી નેગેટિવ આયન્સ રિસ્ટબેન્ડ જે આપને માટે હાલના સમયમાં ખુબજ જરૂરી છે નેગેટિવ આયન એટલે શું? શામાટે આપણા સ્વસ્થ જીવન માટે જરૂરી છે? ક્યાંથી મેળવી શકશો આપ?

9978406257

http://www.jungegujarat.in/negative-ion/

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટ

ગુજરાતના તમામ સ્થળે ટીમ લીડર નીમવાના છે

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટ **(રજી.ગુજ/૧૩૧૪/ભરૂચ/૨૦૧૧)**માં સભ્ય બની તમારા વિસ્તારમાં અન્યોને મદદરૂપ થાઓ. શુ આપ સહેલાઈથી ઓછો મહેનતે ઘર ચલાવવા કે બચત કરવા માંગો છો? શુ આપ અભ્યાસ સાથે સ્વનિર્ભર બનવા માંગો છો તો આજે જ સંપર્ક કરો

7574888861

(ટ્રસ્ટની સભ્ય ફી માત્ર ૧૦૦ રૂપિયા રહેશે. જોડાવા માટે આધાર કાર્ડ પાન કાર્ડ જરૂરી રહેશે. વાર્ષિક સામાન્ય સભ્યનું ઈ ઓળખ પત્ર મળશે)

-:: ફી મોકલવાની ડિટેલ ::-

Phone pay 7574888859 • Act No. 33586780623
State Bank of India • Ifsc code SBIN0009164
Pritam nagar Branch, Bharuch 392002



જમ્મુ -કાશ્મીરના વિશ્વ પ્રસિધ્ધ દાલ લેકનું આ દ્રશ્ય છે. લોકડાઉનને કારણે સરોવર શાંત છે. એકાદ -બે નૌકા અને શિકારા ધીમા ધીમા તરતા તરતા તેની ખામોશી તોડતા દેખાય છે. પીપ પંજાબ રેંજના પર્વતો તથા હઝરતબલ દરગાહનું પ્રતિબિંબ લેકની સુંદરતા ઓર ચાંદ લગાડે છે.

‘વંદે ભારત મિશન’ હેઠળ ૩૨૬ ભારતીયોને લંડનથી દિલ્હી લવાયા

ન્યુ દિલ્હી

લંડનમાં ફસાયેલા ૩૨૬ જેટલા ભારતીયો આજે વહેલી સવારે દિલ્હી પહોંચ્યા હતા. તેઓ વંદે ભારત ઈવેક્યુએશન મિશન હેઠળ એર ઈન્ડિયાની વિશેષ ફ્લાઇટમાં દિલ્હીમાં સવારે ૧૨.૩૦ કલાકે ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર ઊતર્યા હતા.

આ પહેલા રવિવારે સાંજે રિયાધથી આશરે ૧૩૯ જેટલા ભારતીયો રાષ્ટ્રીય કેરિયરની ફ્લાઇટમાં IGR એરપોર્ટ પર પહોંચ્યા હતા. વંદે ભારત મિશન હેઠળ ચોથા દિવસ દરમ્યાન એર ઇન્ડિયા અને એની સબસિડિયરી એર ઇન્ડિયા એક્સપ્રેસ ભારતીય પેસેન્જરોને યુકે, બંગલાદેશ, ફિલિપિન્સ, અમેરિકા, સિંગાપોર અને ગલ્ફ દેશોમાંથી દેશનાં અનેક શહેરોમાં પરત લાવી રહી છે.

અમેરિકામાં ફસાયેલા ૨૨૫ ભારતીય નાગરિકો વતન પરત ફર્યા

કેન્દ્ર સરકાર કોરોના વાયરસનાં કારણે લોકડાઉનમાં ફસાયેલા ભારતીઓને વિદેશથી પરત લાવવા માટે સતત પ્રયત્નો કરી રહી છે. વંદે ભારત મિશન અંતર્ગત વિદેશમાં ફસાયેલા ભારતીઓને પરત લાવવામાં આવી રહ્યા છે. આ મિશન અંતર્ગત અમેરિકાનાં સેન ફ્રેન્સિસ્કોથી ૨૨૫ ભારતીયોને લઇને એર ઇન્ડિયાનું પહેલું વિમાન મુંબઈ એરપોર્ટ પર પહોંચ્યું છે. યુ.એસ.નાં સેન ફ્રેન્સિસ્કો શહેરથી ૨૨૫ ભારતીયોને લઇને આ વિશેષ એર ઇન્ડિયા વિમાન સોમવારે વહેલી સવારે મુંબઈ પહોંચી ગયું હતું. વિદેશ પ્રધાન એસ જયશંકરે ખુદ ટ્વિટ કરીને આ માહિતી આપી છે.

આ કોરોના વાઇરસના રોગચાળા દરમ્યાન ફસાયેલા ભારતીયોને સ્વદેશ લાવવા માટે એક મિશન ચાલી રહ્યું છે, જેના ભાગરૂપે ભારતીય સરકાર વિદેશમાં ફસાયેલા ભારતીયોને પરત લાવવાના પ્રયાસો કરી રહી છે અને મોટા પ્રમાણમાં ‘વંદે ભારત મિશન’ હેઠળ એર ઇન્ડિયા અને તેની સહાયક કંપની એર ઇન્ડિયા એક્સપ્રેસ દ્વારા સાત મેથી આ માટે ફ્લાઇટો શરૂ કરવામાં આવી છે.

એર ઇન્ડિયા ગ્રુપ કુલ ૬૪ ફ્લાઇટ્સ દ્વારા ભારતીયોને લાવશે અને આ મિશન હેઠળ ૧૨ દેશોમાં ફસાયેલા ૧૪,૦૦૦ ભારતીયોને પરત લાવશે.

પાકિસ્તાને લદ્દાખના હવામાનની સ્થિતિ જણાવવામાં ભૂલ કરતા ઠેકડી ઉડી

ન્યુ દિલ્હી

ભારતે ૮મી મેથી PoKના ગિલગિટ અને બાલ્ટિસ્તાનના હવામાનની આગાહી આપવાનું શરૂ કરતાં પાકિસ્તાને પણ તેનો જવાબ આપતા લદ્દાખ, પુલવામા અને જમ્મુ વિષે હવામાન આગાહી કરવાનું શરૂ કર્યું હતું. પરંતુ પાકિસ્તાનને આરંભમાં જ કટાક્ષનો સામનો કરવો પડ્યો. હકીકતમાં પાકિસ્તાની રેડિયોએ લદ્દાખનું લઘુત્તમ અને મહત્ત તાપમાન વિષે ટ્વીટ કર્યું હતું. તેણે મહત્તમ તાપમાન માઈનસ ૪ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન માઇનસ ૧ લખ્યું હતું.

ટ્વિટરે પાકિસ્તાન પર કટાક્ષ કરતાં કહ્યું કે આ ખોટું છે. મહત્તમ તાપમાન માઇનસ એક અને લઘુત્તમ તાપમાન માઇનસ ચાર હોવું જોઇએ.

પાકિસ્તાન રેડિયોએ જમ્મુ અને પુલવામાના હવામાન અંગે પણ ટ્વિટ કર્યું હતું. ટ્વિટર ઉપરાંત સોશિયલ મીડિયા પર પાકિસ્તાન રેડિયોની મજાક ઉડી હતી. એક યુઝરે પાકિસ્તાન રેડિયોની ટ્વિટ પર લખ્યું હતું કે આ વાંચીને પાકિસ્તાની મેક્સિમમ ઓકાત અને મિનિમમ આઇક્યૂ વિષે માહિતી મળી ગઇ.

એક બીજા ટ્વિટર યુઝર્સે લખ્યું હતું કે કોમનસેન્સના આત્માને શાંતિ મળી ગઇ. મેક્સિમમ માઇનસ ચાર અને મિનિમમ માઇનસ એક? કયા ગોળા પર વિજ્ઞાન ભણ્યા છો?

ભારતે ગિલગિટ-બાલ્ટિસ્તાનમાં ચૂંટણી યોજવાના પાકિસ્તાનના નિર્ણયનો વિરોધ નોંધાવતા જણાવ્યું હતું કે સમગ્ર જમ્મુ-કાશ્મીર અને લદ્દાખ ઉપરાંત ગિલગિટ અને બાલ્ટિસ્તાન પણ ભારતના અભિન્ન અંગ છે. ભારતે પોતાના હવામાન બુલેટિનમાં ગિલગિટ બાલ્ટિસ્તાન અને મુઝફ્ફરાબાદનો પણ સમાવેશ કર્યો હતો.

પાકિસ્તાને લદ્દાખના હવામાનની સ્થિતિ જણાવવામાં ભૂલ કરતા ઠેકડી ઉડી

ન્યુ દિલ્હી

ભારતે ૮મી મેથી PoKના ગિલગિટ અને બાલ્ટિસ્તાનના હવામાનની આગાહી આપવાનું શરૂ કરતાં પાકિસ્તાને પણ તેનો જવાબ આપતા લદ્દાખ, પુલવામા અને જમ્મુ વિષે હવામાન આગાહી કરવાનું શરૂ કર્યું હતું. પરંતુ પાકિસ્તાનને આરંભમાં જ કટાક્ષનો સામનો કરવો પડ્યો. હકીકતમાં પાકિસ્તાની રેડિયોએ લદ્દાખનું લઘુત્તમ અને મહત્ત તાપમાન વિષે ટ્વીટ કર્યું હતું. તેણે મહત્તમ તાપમાન માઈનસ ૪ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન માઇનસ ૧ લખ્યું હતું.

ટ્વિટરે પાકિસ્તાન પર કટાક્ષ કરતાં કહ્યું કે આ ખોટું છે. મહત્તમ તાપમાન માઇનસ એક અને લઘુત્તમ તાપમાન માઇનસ ચાર હોવું જોઇએ.

પાકિસ્તાન રેડિયોએ જમ્મુ અને પુલવામાના હવામાન અંગે પણ ટ્વિટ કર્યું હતું. ટ્વિટર ઉપરાંત સોશિયલ મીડિયા પર પાકિસ્તાન રેડિયોની મજાક ઉડી હતી. એક યુઝરે પાકિસ્તાન રેડિયોની ટ્વિટ પર લખ્યું હતું કે આ વાંચીને પાકિસ્તાની મેક્સિમમ ઓકાત અને મિનિમમ આઇક્યૂ વિષે માહિતી મળી ગઇ.

એક બીજા ટ્વિટર યુઝર્સે લખ્યું હતું કે કોમનસેન્સના આત્માને શાંતિ મળી ગઇ. મેક્સિમમ માઇનસ ચાર અને મિનિમમ માઇનસ એક? કયા ગોળા પર વિજ્ઞાન ભણ્યા છો?

ભારતે ગિલગિટ-બાલ્ટિસ્તાનમાં ચૂંટણી યોજવાના પાકિસ્તાનના નિર્ણયનો વિરોધ નોંધાવતા જણાવ્યું હતું કે સમગ્ર જમ્મુ-કાશ્મીર અને લદ્દાખ ઉપરાંત ગિલગિટ અને બાલ્ટિસ્તાન પણ ભારતના અભિન્ન અંગ છે. ભારતે પોતાના હવામાન બુલેટિનમાં ગિલગિટ બાલ્ટિસ્તાન અને મુઝફ્ફરાબાદનો પણ સમાવેશ કર્યો હતો.

પેરામિલિટ્રી ફોર્સમાં કોરોનાનો કહેર, અત્યાર સુધી ૭૫૦ સુરક્ષા કર્મી સંક્રમિત

ન્યુ દિલ્હી

ચીનના વુહાન શહેરમાંથી સમગ્ર દુનિયામાં ફેલાયેલો કોરોના વાઈરસનો કહેર વ્યાપી ગયો છે. મોદી સરકારે કોરોના વાઈરસને ફેલાવવાથી રોકવા માટે દેશવ્યાપી લોકડાઉન કરી દીધુ છે. કોરોના વાઈરસમાંથી ઉકેલ મેળવવા માટે સેના અને ડોક્ટર દિવસ-રાત કામ કરી રહ્યા છે. તેમ છતાં કોરોના વાઈરસ રોકાઈ રહ્યો નથી.

આ ઘાતક વાઈરસની ચપેટમાં સેના પણ આવી રહી છે. અત્યાર સુધી પેરામિલિટ્રી ફોર્સમાં ૭૫૦ કોરોના વાઈરસના પોઝિટિવ કેસ આવી ચૂક્યા છે. સીઆરપીએફમાં અત્યાર સુધી કુલ ૨૩૬ સેનાના કર્મી કોરોના પોઝિટિવ આવી ચૂક્યા છે જ્યારે બીએસએફમાં કોરોનાની ચપેટમાં આવનારા સુરક્ષા કર્મીઓની સંખ્યા ૨૭૬ સુધી પહોંચી ગઈ છે.

આઈટીબીપીમાં કોરોના વાઈરસના ૧૫૬ કેસ, સીઆઈએસએફમાં ૬૪ કેસ અને એસએસબીમાં કુલ ૧૮ કોરોના વાઈરસના કેસ સામે આવી ચૂક્યા છે. ગત ૨૪ કલાકમાં બીએસએફમાં કોરોના વાઈરસના ૧૮ નવા કેસ સામે આવ્યા જ્યારે આઈટીબીપીમાં ૨૪ કલાકમાં ૫૬ કોરોના પોઝિટિવ નોંધાયા. આ પ્રકારે છેલ્લા ૨૪ કલાકમાં સીઆઈએસએફમાં કોરોના વાઈરસના ૧૮ નવા કેસ જોવા મળ્યા.

છેલ્લા ૨૪ કલાકમાં સીઆરપીએફમાં કોરોનાનો માત્ર એક કેસ નોંધાયો છે. આ સીઆરપીએફ માટે રાહતના સમાચાર છે.

પૂર્વ મુખ્યમંત્રી મુલાયસિંહ યાદવની તબિયત લથડતા હોસ્પિટલમાં દાખલ

લખનૌ

ઉત્તર પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી મુલાયમ સિંહ યાદવ છેલ્લા કેટલાક દિવસોથી પેટ સંબંધી સમસ્યાથી હેરાન થઈ રહ્યા છે. આ બાબતને લઈને તેમને એક જ અઠવાડિયામાં બીજી વખત હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

સમાજવાદી પાર્ટીના માર્ગદર્શક અને ઉત્તર પ્રદેશના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન મુલાયમ સિંહ યાદવની તબિયત ફરી એકવાર કથળી છે. પેટમાં દુખાવાની ફરિયાદ બાદ તેમને ફરીથી મેદાતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. બુધવારે પણ મુલાયમ સિંહ યાદવની તબિયત લથડી હતી, ત્યારબાદ તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

ગત વખતે પણ તેને પેટની સમસ્યા હતી. સારવાર બાદ શુક્રવારે તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. આ અગાઉ પૂર્વ મુખ્યમંત્રી અને સપા પ્રમુખ અખિલેશ યાદવ અને તેમની પત્ની ડિમ્પલ યાદવ હોસ્પિટલમાં મુલાયમ સિંહ યાદવને મળવા પહોંચ્યા હતા. મુલાયમ સિંહ યાદવના ભાઈ અને પ્રગતિશીલ સમાજવાદી પાર્ટી લોહિયાના સ્થાપક શિવપાલ યાદવ પણ હોસ્પિટલ પહોંચ્યા હતા.

અફઘાનિસ્તાનની રાજધાની કાબુલમાં એક પછી એક ૪ બોમ્બ ધમાકા

કાબૂલ

અફઘાનિસ્તાનની રાજધાની કાબુલમાં સોમવારે ચાર બોમ્બ બ્લાસ્ટ થયા છે. પીડી-૪ એરિયાના તાહિયા મસકન વિસ્તારમાં એક બાદ એક બ્લાસ્ટ થયા છે. જાનહાનિની કોઈ જાણકારી સામે આવી નથી. અગાઉ ૧૧ ફેબ્રુઆરી ૨૦૨૦એ કાબુલના પીડી-૫ સ્થિત માર્શલ ફહીમ મિલિટ્રી એકેડેમી પર હુમલો થયો હતો. આ હુમલો તે સમયે થયો હતો જ્યારે કર્મચારી અને કેડેટ એકેડેમીમાં જઈ રહ્યા છે. આ હુમલામાં ૫ મિલિટ્રી જવાનો અને બે સ્થાનિક લોકોના મોત નીપજ્યા હતા તેમજ કેટલાકને પહોંચી હતી. ગયા વર્ષે સપ્ટેમ્બરમાં પણ કાબુલમાં હુમલો થયો હતો. પીડી-૯ સ્થિત મિનિસ્ટરી ઑફ ડિફેન્સ બિલ્ડિંગની પાસે એક આત્મઘાતી હુમલો કરવામાં આવ્યો હતો. જેમાં ૨૨ લોકોના મોત નીપજ્યા હતા જ્યારે ૩૮ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. આ હુમલાની જવાબદારી તાલિબાને લીધી હતી.

આરોપી સાથે બે અન્ય કેદીઓને જેલમાં જ ક્વોરન્ટાઈન કરાયા દિલ્હીમાં રેપ પીડિતા કોરોના પોઝિટિવ, આરોપીને તિહાડ જેલમાં ક્વોરન્ટાઈન કરાયો

ન્યુ દિલ્હી

દેશભરમાં કોરોના વાયરસના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. ત્યાંજ દિલ્હીમાં એક બળાત્કાર પીડિતાનો કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. ત્યારબાદ બળાત્કારના આરોપીને જેલમાં જ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યો છે. બળાત્કારનો આરોપી દિલ્હીની તિહાડ જેલમાં બંધ છે. તેની સાથે બે અન્ય કેદીઓને પણ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે.

જણાવવામાં આવી રહ્યું છે કે, આરોપીને થોડા દિવસો પહેલા જ તિહાડ જેલમાં લાવવામાં આવ્યો હતો. તેને જેલ નંબર-૨માં રાખવામાં આવ્યો હતો. ૯મેના રોજ જેલને જાણ થઈ કે આરોપીએ જે યુવતી પર બળાત્કાર ગુજાર્યો છે તે કોરોનાથી સંક્રમિત થઈ ગઈ છે. ત્યારબાદ જેલ વહીવટી તંત્રએ આરોપી અને બે અન્ય કેદીઓના ટેસ્ટ કરાવ્યા હતા.



કોરોના સંકટને કારણે દેશભરમાં લોકડાઉન ચાલુ છે. તેવામાં કોલકતામાં ક્ષૌર ભાઈઓની એક તસ્વીર સામે આવી છે. જેમાં તેઓ ફુટપાથ પર બેસી લોકોની હજામત કરતા નજરે પડે છે.

કોરોના સંક્રમિતોનો આંકડો ૧૩.૬૭ લાખથી વધુ

અમેરિકામાં ૨૪ કલાકમાં ૭૫૦ના મોતઃ કુલ મૃત્યુઆંક ૮૦,૭૦૦ને પાર

ન્યૂયોર્ક

અમેરિકામાં આશરે પાંચ સપ્તાહ બાદ એક દિવસમાં કોરોનાથી સંક્રમિત થનારા નવા મામલા અને મોતનો આંકડો ઘટ્યો છે. અમેરિકામાં ૨૦,૩૨૯ નવા કેસ સામે આવ્યા અને ૭૫૦ કોરોના પીડિતોના મોત થયા હતા. જ્યારે એક દિવસ પહેલા ૨૫,૫૨૪ નવા કેસ આવ્યા હતા અને ૧,૪૨૨ લોકોના મોત થયા હતા. સમગ્ર વિશ્વના એક તૃતીયાંશ કોરોના દર્દી અમેરિકાના છે.

વર્લ્ડોમીટર પ્રમાણે અમેરિકામાં કોરોના વાયરસના દર્દીની સંખ્યા સોમવારે સવારે વધીને ૧૩ લાખ ૬૭ હજાર ૬૩૮ થઈ છે. જ્યારે ૮૦,૭૮૭ લોકોના મોત થયા છે. જોકે બે લાખ ૫૬ હજાર લોકો સાજા થઈ ગયા છે. ન્યૂયોર્કમાં સૌથી વધારે ૩,૪૫,૪૦૬ કેસ સામે આવ્યા છે. માત્ર ન્યૂયોર્કમાં ૨૬,૮૧૨ લોકો માર્યા ગયા હતા. ન્યૂજર્સીમાં ૧,૪૦,૦૦૮ કોરોના દર્દીમાંથી ૯૨૬૪ લોકોના મોત થયા છે. આ ઉપરાંત મેસાચુસેટ્સ, ઈલિનોયસ પણ સૌથી વધારે પ્રભાવિત થયા છે.

આંકડા પ્રમાણે અમેરિકાના વૃદ્ધાશ્રમો તથા વૃદ્ધોની દેખરેખ રાખતી સંસ્થાઓમાં ઓછામાં ઓછા ૨૫,૬૦૦ વૃદ્ધ અને કર્મચારીની કોવિડ-૧૯થી મોત થયા છે. વૃદ્ધાશ્રમમાં મોતના મામલાની સંખ્યા અમેરિકામાં એક તૃતીયાંશ અને સંક્રમિત મામલાનો દર દેશના ૧૦ ટકા જેટલો છે. રિપોર્ટ પ્રમાણે રિપબ્લિકન પાર્ટીના ટ્રમ્પ હંમેશા વડીલોના મત પર નિર્ભર રહે છે, જ્યારે ડેમોક્રેટિક પાર્ટી યુવા મતદારોમાં લોકપ્રિય છે.

બ્રિટનમાં મૃત્યુઆંક ૩૧,૮૦૦ને પારઃ લૉકડાઉન ૧ જૂન સુધી લંબાવાયુ

બ્રિટીશ વડાપ્રધાન બોરિસ જહોન્સને પોતાના સંબોધનમાં કહ્યું હતું કે, ૧ જૂન સુધી દેશમાં કેટલીક છૂટછાટો સાથે લોકડાઉન વધારવામાં આવશે. તો ૧ જુલાઈ સુધી કેટલાક સ્થળો ખોલવામાં આવશે તેમ પણ જણાવ્યું છે.

દેશને સંબોધન કરતી વખતે તેમણે કોરોના સામે લડવા અંગે નવી ચેતવણી પ્રણાલીની જાહેરાત કરી હતી. જેના વડે બ્રિટનની સરકાર કોરોનાના સંક્રમણ પર નજર રાખશે, જેને આર રેટ કહેવામાં આવે છે. દેશમાં કોરોના વાઈરસથી ૨,૧૯,૧૮૩ લોકો સંક્રમિત છે. ઉપરાંત ૩૧,૮૫૫ લોકો મૃત્યુ પામ્યા છે.

બાંગ્લાદેશને ડુંગળી સપ્લાય કરવા ભારતીય રેલવેએ દોડાવી સ્પેશ્યલ ટ્રેન

ઢાકા

બાંગ્લાદેશને ડુંગળી સપ્લાય કરવા માટે ભારતીય રેલવેએ સ્પેશ્યલ માલ ગાડી દોડાવી છે. મધ્ય રેલનું ભુસાવળ મંડળ ડુંગળીનુ પ્રસિદ્ધ પરિવહન કેન્દ્ર છે જ્યાંથી હવે બાંગ્લાદેશમાં ડુંગળીની નિકાસ કરવામાં આવી રહી છે. ડુંગળીની પહેલી ટ્રેન લાસલગામથી ૬ મે એ રવાના થઈ હતી.

કોરોના વાઈરસના સંકટ વચ્ચે રેલવેએ ડેમરેજ અને વારફેજમા છુટ, મિની રેકની બુકિંગ માટે અંતર પ્રતિબંધમાં છુટ અને બે-બિંદુ રેક અને માનક રેક માળખું વગેરેનું એલાન કર્યું છે. આને લઈને વાણિજ્ય અને પરિચાલન વિભાગે દ્વારા વીડિયો કૉન્ફરન્સ દ્વારા લોડરો સાથે બેઠક કરવામા આવી. જે બાદ બાંગ્લાદેશના દા રસાના, બેનાપોલ અને રોહનપુર સ્ટેશનને ડુંગળીની નિકાસ કરવાનું શરૂ કરી દીધુ.

જિલ્લા વહીવટીતંત્ર સાથે સમન્વય સાધીને લોડરોને દરેક સંભવ મદદ કરાઈ રહી છે. આ દરમિયાન સોશ્યલ ડિસ્ટન્સિંગ અને સેનિટાઈઝેશનનુ પૂરૂ પાલન કરાઈ રહ્યુ છે.

મધ્ય રેલે લોકડાઉન દરમિયાન માલના એક લાખથી વધારે વેગન લોડ કર્યા છે. મધ્ય રેલે મુંબઈ, નાગપુર, ભુલાવળ, સોલાપુર અને પૂણે મંડળમાં લોકડાઉનના એલાન બાદ અનાજ, કોલસો અને અન્ય જીવન જરૂરિયાત વસ્તુઓના એક લાખ ૦૭ હજાર ૬૯૮ વેગન લોડ કરવામાં આવી ચૂક્યા છે.

દિલ્હી સરકાર કન્સ્ટ્રક્શન મજૂરોના ખાતામાં ૫ હજાર રૂપિયા જમા કરાવશે

ન્યુ દિલ્હી

દેશમાં કોરોના વાયરસના કારણે લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે. જેના કારણે વેપાર ઉદ્યોગ બંધ છે. આ દરમિયાન મજૂરોને સૌથી વધુ નુકસાન થયું છે. લોકડાઉનમાં કામ મળતું બંધ થઈ જવાના કારણે મજૂરોની હાલત કફોડી બની છે.

આ દરમિયાન દિલ્હી સરકારે કન્સ્ટ્રકશન મજૂરોને ૫૦૦૦ રૂપિયા આપવાની જાહેરાત કરી છે. દિલ્હીના લેબર મિનિસ્ટર ગોપાલ રાયે કહ્યું, "ગત મહિને દિલ્હી સરકારે નોંધાયેલા કન્સ્ટ્રક્સન વર્કર્સના ખાતામાં ૫૦૦૦ રૂપિયા જમા કરાવ્યા હતા. લોકડાઉન લંબાવવામાં આવ્યું હોવાથી સરકારે આ મહિને પણ તેમના ખાતામાં ૫૦૦૦ રૂપિયા જમા કરીને મદદરૂપ થવાનો નિર્ણય લીધો છે.

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કહ્યું હાલ પણ પ્રવાસી મજૂરો મજબૂરીમાં દિલ્હી છોડીને જવાની કોશિશ કરી રહ્યા છે. આ લોકો પગપાળા જઈ રહ્યા છે. ભૂખ્યા પેટે ઘણા કિલોમીટર સુધી ચાલે છે જે યોગ્ય નથી. તેમણે કહ્યું, મારૂ દિલ્હીમા પ્રવાસી મજૂરોને નિવેદન છે કે અમે તમારા માટે જમવાની સગવડતા કરી છે, છતા પણ તમે વતન જવા માંગો છો તો તેના માટે અમે કેંદ્ર સરકાર અને રાજય સરકાર પાસે ટ્રેનને લઈને વાત કરી રહ્યા છીએ.

MARKET4U (OPC) PVT. LTD. ની તમામ જિલ્લા-શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જોજો ચૂકી જતા આ મોકો

MARKET4U (OPC) PVT LTD

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા 300/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને

જીતો

MARUTI ALTO





HONDA ACTIVA



BRANDED MIXER

ડ્રો 31st ડિસેમ્બર

(શરતો લાગુ રહેશે)

9978406257

શુ આપ MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત MARKET4U (OPC) PVT. LTD.ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. (T.& C.Apply)

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri,
Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના) ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- (T. @ C.apply)

ઓફીસ એડ્રેસ

સુરત

MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ

MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ MARKET4U (OPC) PVT. LTD.નું નવું સાહસ WWW.CONNECTINDIANS.IN

MARKET4U (OPC) PVT. LTD.ના connectindians પ્લાન સાથે માત્ર રૂપિયા ૨૦૦/-ભરી જોડાઈ જાવ અને MARKET4U (OPC) PVT. LTD. વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો **9978406257**

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૩૦૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી MARKET4U (OPC) PVT. LTD. કંપની આપની આવકમાંથી TDS બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં NEFTથી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૩૦૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in

ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs. 200
INCOME ILLUSTRATION OF 1 X 5 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	5	20	100	5	95
2	25	10	250	13	238
3	125	5	625	31	594
4	625	5	3125	156	2969
5	3125	5	15625	781	14844
6	15625	5	78125	3906	74219
7	78125	5	390625	19531	371094
8	390625	5	1953125	97656	1855469
TOTAL EARNING :					2319520

Note : This illustration is based on assumption that every Member makes 5 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટર:** જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો રૂા. ૧૫૦૦ની MRPનું નેગેટીવ આયર્ન બ્રેસલેટ ફ્રી ગીફ્ટમાં મળશે

★ **સિલ્વર ડાયરેક્ટર:** જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટર:** જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટર:** જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૩૦૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ www.connectindians.in વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી 99999999 Dhananjay આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257

(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

તંત્રી લેખ

સુધારાઓની આશા છે

રાજનીતિમાં અપરાધીકરણને રોકવા માટે દશકોથી પગલા લેવામાં આવી રહ્યા છે. રાજકીય પક્ષો દ્વારા પણ મોટા મોટા દાવા કરવામાં આવી રહ્યા છે. વિવિધ પગલા લેવામાં આવ્યા હોવા છતાં હજુ ઘણા પગલા લઈ શકાય છે. સુધારાની આશા ન્યાયપાલિકા પાસેથી પણ રહેલી છે. ચૂંટણી સુધારા માટે સક્રિય રહેલા અને જનરલ સેક્રેટરી એસએનમ શુક્લા નક્કરપણે માને છે કે સુધારાની આશા ન્યાયપાલિકા પાસે રાખી શકાય છે. કોઈ પણ રાજકીય પક્ષ પાસેથી એવી આશા રાખી શકાય નહી કે તે સ્વચ્છ પ્રતિષ્ઠાવાળા સભ્યોને ટિકિટ આપીને દાખલો બેસાડશે. હવે કાયદા કોર્ટ તો બનાવી શકે નહી. એક સુધારો એવો પણ કરવો જોઈએ કે કોઈ ધારાસભ્ય, સાસદને સજા પડી ગયા બાદ તેની સભ્યતાને ખતમ કરવા માટે જાહેરનામુ જારી કરવાની સત્તા સંસદના સ્પીકરની પાસે ન રહે. જાહેરનામુ જારી કરવાની સત્તા ચૂટણી પંચ પાસે રહે તે જરૂરી છે. ચૂંટણી પંચ તો પોતાના સ્તર પર સક્રિયતા દર્શાવે છે પરંતુ સખત કાયદાની ગેરહાજરીમાં સુધારા કરવાની બાબત મુશ્કેલ છે. પબ્લિક ઈન્ટરનેટ ફાઉન્ડેશન અને કોમન કોઝ નામની સંસ્થાએ કોર્ટમાં એક અપીલ દાખલ કરી હતી ૧૦મી માર્ચ ૨૦૧૪ના દિવસે સુપ્રીમ કોર્ટે કહ્યુ હતુ કે ચૂંટાયેલા સાંસદ અને ધારાસભ્ય જેમના પર અપરાધિક મામલા છે તે તમામને કોર્ટ દ્વારા ચાર્જ ફ્રેમ કરવામાં આવ્યાના મામલાને એક વર્ષની અંદર નિકાલ કરવો જોઈએ. પરંતુ સંસદમાં અને વિધાનસભામાં એવા સભ્યો મળી જશે જેમની સામે આવા મામલા ચાલી રહ્યા છે સાથે સાથે મામલા લટકેલા છે. સુપ્રીમ કોર્ટના આ આદેશનુ પાલણ હાઈકોર્ટને નીચલી અદાલવત પાસેથી કરાવવાની જરૂર હતી. પરંતુ આ કામ પણ થઈ શક્યુ નથી. મતલબ એ થયો કે સુપ્રીમ કોર્ટના આદેશને પણ પાળવામાં ઉદાસીનતા દેખાઈ રહી છે. સુપ્રીમ કોર્ટમાં એક અરજી એ વિષય પર પણ મુકવામાં આવી છે કે જે લોકોની સામે ગંભીર અપરાધના કારણે એફઆઈઆર દાખલ કરવામાં આવી ચુકી છે અને તેમને પાંચ વર્ષની જેલની સજા થઈ શકે તો તો તેમને ચૂંટણી લડવાથી રોકવામાં આવે તે જરૂરી છે. હાલમાં આવી કોઈ જોગવાઈ નથી. સૌથી હેરાન કરનાર અને પરેશાન કરનાર બાબત એ છે કે સ્વતંત્રતાના ૫૦ વર્ષ પૂર્ણ થયા બાદ સંસદમાં એક સંકલ્પપત્ર પસાર કરવામાં આવ્યો હતો તેના પહેલા ફકરામાંજ લખવામાં આવ્યુ હતુ કે તમામ રાજકીય પક્ષો રાજનીતિમાં ભ્રષ્ટાચાર અને અપરાધિકરણને રોકવા માટે એક સાથે મળીને કામ કરશે. તમામ રાજકીય પક્ષોની પાસે આનો કોઈ જવાબ દેખાતો નથી. આવી સ્થિતીમાં મામલો ખુબ ગંભીર બની જાય છે. મોટી ચર્ચા એ છે કે સુધારની આશા ન્યાયાપાલિકા પાસેથી જ રાખી શકાય છે. આજે અપરાધીકરણ પર પ્રહાર કરવા માટે શુ કરવુ જોઈએ તે વિષય પર ચર્ચા કરવા જઈ રહ્યા છીએ. ભારતીય રાજનીતિમાં રાજકીય બિરાદરી અપરાધીકરણને સુરક્ષિત રાખવા માટે કામ કરે છે. તેમની હિમ્મત એટલી હદ સુધી વધી ગઈ છે કે તે જનતાની અવગણા કરીને અપરાધીઓને પાર્ટીમાં રાખવા માટે તમામ પ્રયોગ પણ કરે છે. અપરાધીકરણને રોકવા માટેની બાબત અશક્ય નથી. પરંતુ આના માટે ચોક્કસ પહેલ થવી જોઈએ.

સુધારાઓની અપેક્ષા ન્યાયપાલિકાની પાસે રાખી શકાય છે : નિષ્ણાંત પણ સ્વીકારે છે

કોરોના રોકવામાં આયુર્વેદ ઓસડીયા સફળઃ લોકો પરંપરાગત પ્રણાલીઓ તરફ વળશે કે કેમ?

વિશ્વકર્મા આજે મોટાભાગના દેશોની હાલત ખરાબ કરી નાખી છે છતાં કોઈ પણ દેશના લોકો કોરોના સામે લડવામાં પાછા પડ્યા નથી....! તે સાથે જે તે દેશની સરકારોએ પોતાની મૂનસુફી અનુસાર લોકોને આર્થિક સહાય તેમજ અન્ય સહાય આપીને દોડતા રાખ્યા છે. હવે આ તમામ દેશો ધીરી ગતિએ પોતપોતાના દેશના અર્થતંત્રને પાટા પર ચડાવવા ઉદ્યોગ-ધંધા સહિતના કાર્યો શરૂ કરવાની છૂટછાટ આપવાની શરૂઆત કરી દીધી છે.... જેમાં ભારત પણ બાકાત નથી... પરંતુ ભારતમાં રેડ ઝોન વિસ્તારો માટે કઈ રીતે અને કેટલી છૂટછાટ આપવી તેમજ કેટલા પ્રકારે આપવી તે નક્કી કર્યા પછી તેની જાહેરાત કરવામાં આવશે. દુનિયાના દેશધ જાણે છે કે ૧૦૦ વર્ષે વિશ્વમાં એક નવા રોગનો ઉદય થાય છે જે મહામારી બની જાય છે કારણ કે રોગ નાથવાની દવા શોધવામાં લાંબો સમય વીતી જાય છે.... લાખો લોકો તેનો ભોગ બને છે અને મૃતાક પણ મોટો જ હોય છે. ૧૭૨૦ માં પ્લેગ આવ્યો હતો, ૧૮૨૦ માં ઝાડા ઉલટી એટલે કે કોલેરા, ૧૯૨૦ માં સ્પેનિશ ફ્લ્યુ અને અત્યારે ૨૦૨૦ માં કોરોના વાયરસ વિશ્વભરમાં ત્રાટક્યો છે.... હવે આ કોઈ રહસ્ય છે કે પછી માનવ ભુલો કે કુદરતી ક્રિયા તે કોઈ પણ સમજી શક્યા નથી તે હકીકત છે.....! ભારત એક એવો ઋષિ મુનિઓનો આયુર્વેદ ખાણીપીણી ઉપર ચાલતો દેશ છે કે જ્યાં વિશ્વના દેશોમાં ફેલાતા રોગ જેવા રોગો પેદા થતા ન હતા કે પછી ભારતથી દૂર રહેતા હતા..... ભારતના ખાદ્ય ખોરાક-ખાવા-પીવામાં રસોડાથી આયુર્વેદિક પદ્ધતિનો ઉપયોગ થતો રહ્યો છે..... પરંતુ છેલ્લા ઘણા વર્ષોથી ગ્રામ્ય વિસ્તારો છોડીને નાના-મોટા શહેરો પશ્ચિમી સંસ્કૃતિ સાથે તેના ખાવા પીવાનું-ખોરાક પદ્ધતિનું અનુસરણ કરતા ભારતમાં પણ વિદેશો જેવા વિવિધ રોગો થવા લાગ્યા..... અને આજે તેનું પરિણામ સૌ કોઈ ભોગવી રહ્યા છે. તેમાં પણ નાના- મોટા શહેરો આધુનિકતાના નામે આયુર્વેદ ખોરાક ભૂલવા લાગ્યા જીભના ચટાકા વધ્યા અને બીમારીઓમાં ઝડપથી ઊભા થવાય તેવી મેડિસિન ઉપયોગ કરવા તરફ મોટા પ્રમાણમાં વળી ગયા. ખોરાકમાં બર્ગર, પિઝા, મંચુરિયન, મેગી,પાસ્તા સહિતની ચાઈનીઝ તથા વિદેશી ખાવા-પીવા તરફ ઠંડા પીણા, આઈસ્ક્રીમ જેવા ખોરાક તરફ વળી ગયા..... પરિણામે શરીરની રોગનો સામનો કરવાની શક્તિ ઘટી ગઈ..... અને આજે તેના પરિણામ ભારતના લોકો ભોગવી રહ્યા છે.....! ત્યારે ફરી એકવાર કોરોનાનો સામનો કરવામાં ભારતમાં આયુર્વેદ ઓસડીયા એટલે કે આયુર્વેદ દવાને સફળતા મળી છે તે એક સત્ય હકીકત બનવા જઈ રહી છે.....“ ભારતમાં કોરોના દર્દીઓની સંખ્યા ૬૨,૯૪૧ પર પહોંચી ગઈ છે તો મૃતાંક ૨૧૦૦ થી આગળ વધ્યો છે. ગુજરાતમાં ૮૨૦૦ પર કોરોના દર્દીનો આંક પહોંચી ગયો છે ત્યારે મૃતાક ૪૯૫ પહોંચી ગયો છે પરંતુ ગુજરાતમાં અમદાવાદ કોરોના સંક્રમિતોનું મુખ્ય સેન્ટર બની ગયું છે. એકલા અમદાવાદમાં ૫૮૨૧ કેસ નોંધાયા છે અને મૃતાક ૩૮૨ પહોંચી ગયો છે. સરકારી- અર્ધસરકારી તમામ હોસ્પિટલો હાઉસફુલ થઈ જતા સરકારે ખાનગી હોસ્પિટલો, હોટલો, વિદ્યાર્થી હોસ્ટેલો પણ હસ્તગત કરવાની ફરજ પડી છે. જો કે સરકારની ચેતવણી અને આદેશ પછી ખાનગી હોસ્પિટલો- દવાખાના ખૂલી ગયા છે જેને કારણે અન્ય રોગ ધરાવનારાઓને રાહત થઈ ગઈ છે.... પરંતુ આવી ખાનગી સેવાઓ મહામારીના સમયમા માનવતા ભૂલી ગયાની ઘટનાઓ બહાર આવી રહી છે.....કેટલાકો પ્રજાને લૂંટવામાં પાછું વળીને જોતા નથી....ભારે મોટા ચાર્જ અને ફી વસુલી રહ્યા છે... તો laboratorio પણ ખોટા રિપોર્ટ આપી પ્રજાને લુટવાનું કાર્ય કરી રહી હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. જેનો તાજો દાખલો છે અમદાવાદ સાબરમતી ખાતે આવેલ એક લેબોરેટરીમાં એક ભાઈએ રિપોર્ટ કઢાવ્યો જે રિપોર્ટમા બતાવ્યું કે આઈએનઆર ૧.૫ છે. તારીખ ૫- ૫-૨૦૨૦ નો રિપોર્ટ છે. ત્યાર બાદ આ ભાઈએ યુ.એન.મહેતામાં રિપોર્ટ કરાવ્યો જેમાં તારીખ ૭- ૫-૨૦૨૦ ના દિવસે રિપોર્ટમાં આએનઆર ૩.૫૫ આવ્યું છે. આવી છે લેબોરેટરીઓ.... પ્રજાને ખોટા પૈસા ખર્ચા કરાવવાની રીત...! પરંતુ આ ડૉક્ટરો-નર્સો,મેડીકલ ટેકનીશીયનો એ ભૂલી જાય છે કે તેઓ ડૉક્ટરી અભ્યાસ કરે છે તેમાં તેમના ડોક્ટર બનવા પાછળ પ્રજાના પરસેવાનો પૈસો વપરાયો હોય છે..... ડોક્ટરને લોકો ભગવાનની તોલે માને છે... ત્યારે મહામારીના સમયમાં જે રીતે હોસ્પિટલો, દવાખાના બંધ કરી દીધા દર્દ ધરાવનારા લોકોને તકલીફ માં મૂકી દીધા.... અને સરકારની ચીમકી-આદેશ પછી પોતાના દવાખાના- હોસ્પિટલો ખોલીને એક નવું રૂપ બતાવ્યું છે ત્યારે લોકો હવે તમારા માટે શું કહેશે.....?

આ બધી બાબતો વચ્ચે એક વીડિયો વાયરલ થયો છે જેમાં કોરોના ટેસ્ટ કરવો હોય તો જાતે જ કરી શકો છો.ડૉક્ટરશ્રી નિખીલ અંબાણીયાએ દાવો કરતા બતાવ્યું છે કે વ્યક્તિ જાતે દિવસમાં સવાર- બપોર અને સાંજે કોરોનાની અસર છે કે નહીં તે જાણવા માટે વ્યક્તિએ ઊંડો શ્વાસ લઈ ૪૦થી ૫૦ સેકન્ડ રોકી રાખવાનો છે. જો તે રોકી શક્યા તો કોરોના અસર નથી... પરંતુ શ્વાસ લીધાના ૧૦ કે ૧૫ સેકન્ડમાં ઉધરસ આવે તો ટેસ્ટ રિપોર્ટ અવશ્ય કરાવો તેમણે એ પણ કહ્યું છે કે ખાનગી રિપોર્ટ માટે ૧૦ હજાર રૂપિયા ખર્ચ થાય છે. ત્યારે સરકારને એક રિપોર્ટ પાછળ પાંચેક હજાર ખર્ચ થાય છે..... અને આ સમયે બીજી અગત્યની અને મહત્વની સારી બાબત એ બની છે કે ગુજરાતના અમદાવાદના સમરસ હોસ્ટેલ કેર સેન્ટરમા કોરોના પોઝિટીવ ધરાવતા ૨૧૩ દર્દીને રોગ પ્રતિકારક શક્તિ વધારવા કેન્દ્ર સરકારના આયુષ્ય મંત્રાલયના માર્ગદર્શન અનુસાર સારવાર કરવામાં આવી. જેમાં દર્દીને સવાર-સાંજ બે-બે ગોળી સંશમવટી, દસમૂલ ક્વાથ, પથ્યાદિ ક્વાથ ૪૦ એમ એલ,ત્રિકુટ ચૂર્ણ ૨ ગ્રામ, આયુષ્ય ૬૪ એક ગોળી દિવસમાં બે વાર, તેમજ ષષ્ટિમધુ ઘનવટી ૬ ગોળી દર બે કલાકે એક એક ચુસવાની આપી હતી... પરિણામે પુનઃ રિપોર્ટ કરાવતા ૨૦૩ પોઝિટીવ દર્દિઓના રિપોર્ટ નેગેટીવ આવ્યા.... બાકી દર્દીઓની ટ્રીટમેન્ટ વધુ સમય ચાલશે.... ટૂંકમાં ભારતને કોરોના રોકવા માટે આદિ-અનાદિ કાળથી ચાલ્યા આવતા આયુર્વેદિક ઓસડિયાં એટલે કે આયુર્વેદ દવા ઉપયોગી સાબિત થઈ છે સો ટકા સફળતા મળી... તેમ કહીયે તો ખોટું નથી. ત્યારે એક જ વાત જરૂરી છે.ઘરમાં જ બનાવેલું ખાવા પીવાનું રાખો, ઠંડા પીણા-ખાવા પીવાથી દૂર રહો માટલાનું જ પાણી પીવો, એસીથી દુર રહો એ જ તમારું કાયમી સારા જીવનનુ ઉદ્ધારક છે.. પણ માણસ તરીકે સમજો તો.....?! વંદે માતરમ્

તમામ રાજ્યો શ્રમિક ટ્રેનની યોગ્ય સુવિધા કરેઃ કેન્દ્રીય ગૃહ સચિવ

સ્થાનિક સ્તરે ડોક્ટર્સ-મેડિકલ સ્ટાફને ન રોકવા કેન્દ્ર સરકારનો તમામ રાજ્યોને આદેશ

ન્યુ દિલ્હી

રાજ્યોના મુખ્ય સચિવોની સાથે કેબિનેટ સચિવની બેઠક બાદ કેન્દ્રીય ગૃહ સચિવે પણ તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના મુખ્ય સચિવોને બે અલગ અલગ પત્ર લખ્યા છે. આ પત્રમાં પ્રવાસી મજૂરોને રેલવે ટ્રેક અને સડક પર પગપાળા ચાલવા ન દેવામાં આવે તથા સ્થાનિક સ્તરે જે ડોકટરોના ક્લીનિક કે નર્સિંગ હોમ હોય તેને ખોલવામાં કોઈ અડચણ ન થાય તેમ કહ્યું છે.

કેન્દ્રીય ગૃહ સચિવે આજે તમામ રાજ્યોના મુખ્ય સચિવોને લખેલા પત્રમાં સ્પષ્ટ જણાવ્યું કે, પ્રવાસી મજૂર જો રેલવે ટ્રેક કે સડક પર પગપાળા ચાલતા મળી આવે તો તેમને તાત્કાલિક નજીકના શેલ્ટર હોમમાં લઈ જવામાં આવે. જ્યાં તેમને રહેવા, જમવાની વ્યવસ્થા કરવામાં આવે ઉપરાંત ડોક્ટરી તપાસ પણ કરાવે. જ્યાં સુધી તેમને બસ કે રેલવે દ્વારા પોતાના રાજ્ય સુધી પહોંચાડવાની કોઈ વ્યવસ્થા ન કરવામાં આવે ત્યાં સુધી રાખવામાં આવે.

આ ઉપરાંત રાજ્યોના મુખ્ય સચિવોને પોતાના રાજ્યોમાંથી વધારે શ્રમિક ટ્રેનો દોડાવવામાં રેલવેને સહયોગ આપવા કહ્યું છે.

અન્ય એક પત્રમાં કેન્દ્રીય ગૃહ સચિવે મેડિકલ સેવા સાથે સંકળાયેલા તમામ લોકોને આવવા-જવાની કોઈ મુશ્કેલી ન પડે તે જોવા જણાવ્યું છે.

આ પત્રમાં લખવામાં આવ્યું છે કે, સ્થાનીક સ્તરે જે ડોક્ટરોના નર્સિંગ હોમ કે ક્લિનિક હોય અને જ્યાં લોકો તેમની દવા લેવા આવતા હોય તેમને ખોલવામાં કોઈ તકલીફ ન થવી જોઈએ. કારણકે જ્યારે લોકોને સ્થાનિક લેવલે રૂટિન ચેકઅપની સુવિધા નથી મળતી ત્યારે તેઓ સરકારી હોસ્પિટલમાં જાય છે. આ રીતે સરકારી હોસ્પિટલોમાંથી રૂટિન બીમારીના મામલા ઘટાડી શકાશે.

રાહુલ ગાંધીએ લોકડાઉન વચ્ચે કેટલાક રાજ્યો દ્વારા મજૂર કાયદામાં ફેરફારનો કર્યો વિરોધ

ન્યુ દિલ્હી

કોંગ્રેસનાં નેતા રાહુલ ગાંધીએ કોરોના વાયરસ રોગચાળાને કારણે ચાલુ લોકડાઉન વચ્ચે કેટલાક રાજ્યો દ્વારા મજૂર કાયદામાં ફેરફારનો વિરોધ કર્યો છે. તેમણે એક ટ્વિટમાં કહ્યું કે, આ મૂળભૂત સિદ્ધાંતો પર કોઈ સમાધાન થઈ શકે નહીં. રાહુલે પોતાના ટ્વિટમાં લખ્યું, ઘણા રાજ્યો દ્વારા મજૂર કાયદામાં સુધારો કરવામાં આવી રહ્યો છે. અમે કોરોના સામે મળીને લડી રહ્યા છીએ, પરંતુ આ માનવાધિકારને કચડી નાખવા, અસુરક્ષિત કાર્યસ્થળને મંજૂરી આપવા, કામદારોનું શોષણ કરવા અને તેમનો અવાજ દબાવવા માટેનું બહાનું હોઈ શકે નહીં.

નોંધપાત્ર રીતે, કોરોના રોગચાળાને લીધે, વિશ્વનાં મોટાભાગનાં દેશોમાં આ સમયે લોકડાઉન ચાલુ છે. લોકડાઉનની સૌથી મોટી અસર અર્થવ્યવસ્થા પર પડી છે. દોઢ મહિનાથી વધુ સમયથી ભારતમાં લાગુ લોકડાઉનને કારણે ઉદ્યોગ-ધંધા ઠપ થઈ ગયા છે. ઉદ્યોગને પાટા પર લાવવા માટે, અત્યાર સુધી છ રાજ્યોએ તેમના મજૂર કાયદામાં ઘણા મોટા ફેરફારો કર્યા છે, આ રાજ્યોમાં મધ્યપ્રદેશ, રાજસ્થાન, ગુજરાત વગેરેનો સમાવેશ થાય છે. યુપી, ઓડિશા અને મહારાષ્ટ્રએ પણ તેમના મજૂર કાયદામાં ફેરફાર કર્યા છે. માનવામાં આવે છે કે ટૂંક સમયમાં કેટલાક અન્ય રાજ્યો પણ આવા બદલાવની ઘોષણા કરી શકે છે.

કોરોનાનો કેર છતાં લોકસભા સ્પીકરને સંસદનું ચોમાસુ સત્ર સમયસર યોજાવાની આશા

ન્યુ દિલ્હી

સામાન્ય પણે જુનના અંતિમ અથવા જુલાઈના પ્રથમ સપ્તાહમાં યોજાતા સંસદના ચોમાસુ સત્રને કોરોના વાઈરસના ઉપદ્રવના પગલે વિલંબ થાય એવી ચિંતા છતાં એ સમયસર યોજાશે એવી શકયતા લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ વ્યકત કરી છે.

ગયા વર્ષે ૨૦ જુન અને ૭ ઓગસ્ટ દરમિયાન ચોમાસુ સત્ર કાર્યરત રહ્યું હતું. અધ્યક્ષે ભારપૂર્વક જણાવ્યું કે કોવિડ-૧૯ની કટોકટીના પગલે આ કસોટીનો ગાળો આવી પડયો છે, પરંતુ એમ છતા સત્રને દર વખતની જેમ નિયત સમયપત્રક પ્રમાણે યોજી શકાશે.

'જૂન-જુલાઈમાં પણ સોશ્યલ ડિસ્ટન્સિંગના ચુસ્ત ધારાધોરણો અમલી હોય તો પણ સત્ર બોલાવી શકાશે ?' આ પ્રશ્નના જવાબમાં અધ્યક્ષે જણાવ્યું કે એવી પરિસ્થિતિ ઊભી થાય ત્યારે એના નિરાકરણરૂપ ઉપાય શોધી શકાશે.

નોંધનીય છે કે લોકોને મદદ કરવા માટે રાજયો વચ્ચે બહેતર સંકલન થઈ શકે એ માટે બિરલાના સૂચનથી લોકસભા અને રાજયની વિધાનસભાઓમાં કંટ્રોલ રૂમ શરૂ કરાયા છે. એમણે આ વિષે કહ્યું કે વિવિધ રાજયોના ચૂંટાયેલા પ્રતિનિધિઓ એકબીજા સાથે સંપર્કમાં રહી શકતા હોવાથી અને અન્યત્ર ફસાયેલા લોકોને પોતાના મતવિસ્તારમાં રહીને જ મદદ કરી શકતા હોવાથી કંટ્રોલ રૂમ શરૂ કરવાનો પ્રયોગ ખૂબ સફળ રહ્યો.

આ રોગચાળાના લીધે અમલી બનાવાયેલા લોકડાઉનમાં સાંસદોએ પક્ષાપક્ષી ભૂલી જઈને લોકો સુધી પહોંચીને એમને મદદ કરી છે. આ સાંસદો પ્રશસ્ય છે. હું એમનો આભારી છું એમ ઓમ બિરલાએ ઉમેર્યું.

નાના બિઝનેસ માટે ક્રેડિટ ગેરન્ટી સ્કીમ,પરપ્રાંતિય કામદારો માટે રોકડ સહાય જાહેર થશે

કોરોના સંકટઃ મોદી સરકાર વધુ એક રાહત પેકેજ જાહેર કરે તેવી શક્યતા

ન્યુ દિલ્હી

કેન્દ્ર સરકાર ચાલુ સપ્તાહે બહુપ્રતિક્ષિત બીજું સ્ટિમ્યુલસ પેકેજ જાહેર કરે તેવી શકયતા છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર પેકેજમાં નાના બિઝનેસ માટે તરલતાની સમસ્યા હળવી કરવા ક્રેડિટ ગેરંટી સ્કીમ તેમજ પરપ્રાંતિય કામદારો માટે રોકડ સહાય પણ સામેલ હશે. પેકેજનો પ્રથમ ભાગ લગભગ તૈયાર થઈ ચૂકયો છે અને ચાલુ સપ્તાહે તે જાહેર કરવામાં આવશે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર લોકડાઉનનો ત્રીજો તબક્કો ૧૭ મેના રોજ પૂરો થઇ રહ્યો છે. સરકાર અર્થતંત્રની સ્થિતિની સમીક્ષા કરી રહી છે ત્યારે પેકેજની જાહેરાત તબક્કાવાર ધોરણે કરાશે. ત્યાર પછી સૌથી વધુ નુકસાન વેઠનારા સર્વિસિસ સેકટર માટે પેકેજ આવશે. નાણાપ્રધાન નિર્મલા સીતારામન અને નાણામંત્રાલયના અધિકારીઓએ વડાપ્રધાન મોદી અને વડાપ્રધાન કાર્યાલયના અધિકારીઓ સાથે પેકેજના વિવિધ પાસાં નક્કી કરવા શ્રેણીબદ્ધ બેઠકો કરી હતી. PMO સમગ્ર પ્રક્રિયા પર ચાંપતી નજર રાખે છે અને તે વિવિધ પક્ષકારો સાથે સીધા સંપર્કમાં છે. સરકારે ચાલુ વર્ષ માટે ઋણનો લક્ષ્યાંક અગાઉના રૂા.૭.૮ લાખ કરોડ (બજેટનો અંદાજ) થી વધારી રૂા.૧૨ લાખ કરોડ કર્યો છે તેનો અમુક હિસ્સો સ્ટિમ્યુલસ પેકેજ માટે વાપરવામાં આવશે.

અગાઉ સરકારે રૂા.૧.૭ લાખ કરોડનું પેકેજ જાહેર કર્યું હતું. જેમાં ગરીબોને ૨૫ માર્ચે લોકડાઉનનો અમલ શરૂ થયો ત્યાર પછી તરત રોકડ સહાય, વિનામૂલ્યે અનાજ અને રાંધણ ગેસની વેચણી કરવામાં આવી હતી. ક્રેડિટ ગેરીં સ્કીમને પગલે બેન્કો માઈક્રો, સ્મોલ અને મીડિયમ એન્ટરપ્રાઈઝીસ (MSMEs)ને ધિરાણ કરવામાં ખચકાટ નહીં અનુભવે. ઉપરાંત, પરપ્રાંતિય કામદારોને નાણાકીય સહાયના મુદ્દાને પણ અગ્રિમતા આપવામાં આવશે. PSU બેન્કોએ રૂા.૩૦,૦૦૦ કરોડના ગેરંટી ફંડનું સૂચન કર્યું છે જે ત્રણ-ચાર વર્ષમાં ઉભું કરી શકાશે. અધિકારીના જણાવ્યા અનુસાર આવું ફંડ લગભગ રૂા. ૩ લાખ કરોડની લોન માટે ૧૦૦ ટકા સુધીની ગેરંટી આપશે. જો કે, સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ બેંક ઓફ ઈન્ડિયા (SIDBI) અને જાહેર ક્ષેત્રની બેન્કોએ ગેરંટીનો આંશિક બોજ વેઠવાનો રહેશે.

બદ્રીનાથના દરવાજા ૧૫ મેના રોજ ખુલશે, મુખ્ય પુજારી સહિત ૨૭ લોકો હાજર રહેશે

દહેરાદૂન

બદ્રીનાથ ધામના દરવાજા ૧૫ મેના રોજ સવારે ૪.૩૦ કલાકે ખુલશે. આ દરમિયાન મુખ્ય પુજારી સહિત માત્ર ૨૭ લોકો હાજર રહેશે. તેમાં પુજારી અને દેવસ્થાન બોર્ડના અધિકારીઓ સામેલ થશે. શ્રદ્ધાળુઓને હાજર રહેવાની પરવાનગી હશે નહિ. જોશીમઠના સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ અનિલ ચન્યાલે આ માહિતી આપી છે. મુખ્ય પુજારી ઈશ્વરી પ્રસાદ નંબૂદરીનો કોરોના ટેસ્ટ બે વખત નેગેટિવ આવી ચૂક્યો છે. તેઓ બે સપ્તાહનું ક્વોરેન્ટાઈન પુરું કરી ચૂક્યા છે. કેરળમાંથી પરત ફરવાને કારણે તેમને ક્વોરેન્ટાઈન કરવામાં આવ્યા હતા.

બદ્રીનાથ ધામમાં ભગવાનના પાંચ સ્વરૂપોની પૂજા કરવામાં આવે છે. વિષ્ણુજીના આ પાંચ સ્વરૂપોને પંચ બદ્રી કહેવામાં આવે છે. બદ્રીનાથના મુખ્ય મંદિર સિવાય અન્ય ચાર સ્વરૂપોના મંદિર પણ અહીં જ છે. શ્રી વિશાલ બદ્રી પંચ સ્વરૂપો મુખ્ય છે. આદિગુરુ શંકરાચાર્ય દ્વારા નક્કી કરવામાં આવેલી વ્યવસ્થાના જણાવ્યા મુજબ બદ્રીનાથ મંદિરના મુખ્ય પૂજારી દક્ષિણ ભારતના કેરળ રાજ્યના હોય છે. મંદિર દર વર્ષે એપ્રિલ-મેથી ઓક્ટોબર-નવેમ્બર સુધી દર્શન માટે ખુલ્લુ રહે છે.

ઉર્જા મંત્રાલયમાં એક કર્મચારી કોરોના પોઝિટિવ, શ્રમ શક્તિ ભવન સીલ

ન્યુ દિલ્હી

દિલ્હીમાં કોરોના વાયરસથી સંક્રમિત દર્દીઓની સંખ્યામાં સતત વધારો થઇ રહ્યો છે. દિલ્હીના શ્રમ શક્તિ ભવનને સીલ કરી દેવામાં આવ્યુ છે. અહીં કાર્યરત એક કર્મચારી કોરોના પૉઝિટિવ હોવાનું જાણવા મળ્યુ છે. ત્યારબાદ દિલ્હીમાં શ્રમ શક્તિ ભવનને પ્રોટોકોલ અનુસાર સીલ કરી દેવામાં આવ્યું છે. આ સાથે જ શ્રમ શક્તિ ભવનમાં કામ કરતા તમામ કર્મચારીઓને ઘરેથી કામ કરવાની સલાહ આપવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે દિલ્હીના સ્વાસ્થ્ય મંત્રી સત્યેન્દ્ર જૈન અનુસાર, રવિવારે મોડી રાત્ર સુધીમાં દિલ્હીમાં કોરોનાના ૩૧૦ નવા કેસ સામે આવ્યા છે, ત્યારબાદ દર્દીઓની સંખ્યા ૭૨૩૩ પહોંચી ગઇ છે. સત્યેન્દ્ર જૈને તમામ હૉસ્પિટલને આદેશ પણ જાહેર કર્યા છે કે તેઓ મૃત્યુના આંકડા અને ડેથ સમરી બંને જાહેર કરે. સમગ્ર દેશમાં છેલ્લા એક અઠવાડિયાની આંકડાકીય માહિતી જોઈએ તો પ્રત્યેક દિવસે ૩૦૦૦થી વધારે નવા કેસ સામે આવ્યા છે.

માતાના દૂધનો કમાલ : માત્ર ૨૬ દિવસના બાળકે દવા વગર કોરોના સામે જંગ જીતી

આગ્રા

નવજાત બાળક માટે માતાનું દૂધ અમૃત સમાન હોય છે. માતાના દૂધ વડે જ નવજાત બાળકને તમામ પ્રકારનું રક્ષણ મળે છે. અનેક સંશોધનોમાં આ વાત સાબિત થઈ છે. ત્યારેઆ વાતનું એક પ્રત્યક્ષ ઉદાહરણ સામે આવ્યું છે. માત્ર ૨૩ દિવસના એક નવજાત બાળકે કોરોના સામે જંગ જિત્યો છે. સૌથી મહત્વની વાત તો એ છે કે આ બાળક કોઈ પણ દવા વગર માત્ર ૧૫ દિવસની અંદર જ ચેપમુક્ત થયું છે. વર્તમાન સમયે આ બાળક ૩૮ દિવસનું થયું છે. ઘટના આગ્રાની છે, જ્યાં તાજગંજમાં રહેતા મોહમ્મદ આરિફના ૨૩ દિવસના દિકરા મોહમ્મદ સાદનો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યો. જેથી ૨૦ માર્ચના રોજ તેને એસએન મેડિકલ કોલેજના આઈસોલેશન વોર્ડમાં દાખલ કરવામાં આવ્યો. આ બાળક દેશનો અત્યાર સુધીનો કોરોનાનો સૌથી નાનો દર્દી છે. ડોક્ટરો માટે આ દર્દી ખાસ હતો, માટે તેના માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી. બાળકની દેખરેખ માટે તેની માતાને પણ સાથે રહેવાની અનુમતિ આપી. બાળકની માતા નેગેટિવ હતી, માટે પીપીઈ કિટ પહેરીને તે બાળક પાસે રહેતી.

તો બીજી તરફ નવજાત બાળકમાં રોગના કોઈ લક્ષણો નહોતા, તો સારવાર પણ શું આપવી? બાળકને તેની માતા દિવસમાં સાતથી આઠ વખત સ્તનપાન કરાવતી હતી. ૧૪ દિવસ બાદ બાળકનો રિપોર્ટ કરાવ્યો તો, નેગેટિવ આવ્યો. બાળકના પરિવારમાં તેના કાકાને કોરોના થયો હતો, જેથી તેનો રિપોર્ટ કરાવ્યો હતો. ડોક્ટરોએ જણાવ્યું કે આ બધી કમાલ માતાના દૂધની જ છે. તેની માતાને પૌષ્ટિક આહાર, ફળો અને દૂધ આપવામાં આવ્યું. ત્યારબાદ તે બાળકને સ્તનપાન કરાવતી. માતાના દૂધએ જ તેના માટે દવાનું કામ કર્યું.

ઈરાને પોતાના જ યુદ્ધ જહાજ પર હુમલો કર્યોઃ ૨૦થી વધુ નાવિકોના મોત

તહેરાન

ઈરાનના યુદ્ધ જહાજ જમરાને ફ્રેન્ડલી ફાયરમાં ભૂલથી બીજા જહાજ કોનારાકને નિશાન બનાવ્યું હતું. મળતી માહિતી મુજબ આ ઘટનામાં ૨૦થી વધુ લોકોનાં મોત નીપજ્યાં છે. કોનારાક પર ૩૦થી ૪૦ ક્રૂ મેમ્બર્સ હતા, જેઓ તાજેતરમાં ઈરાની નૌસેનામાં જોડાયા હતા.

સમાચાર એજન્સી અનાડોલુના જણાવ્યા અનુસાર આ દુર્ઘટનામાં વહાણના કમાન્ડરે પણ જીવ ગુમાવ્યો છે. ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ્સ કોર્પ્સ (આઈઆરજીસી) એ આ ઘટનાને માનવીય ભૂલ ગણાવી છે. જોકે, ઈરાની સેના તરફથી હજી સુધી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી. સૂત્રોના જણાવ્યા અનુસાર, ઈરાની નૌસેના આગામી કેટલાક કલાકોમાં નિવેદન જારી કરે તેવી સંભાવના છે. સ્થાનિક પત્રકારોનું કહેવું છે કે બેટલશિપ જમરાન નવી એન્ટી શિપ મિસાઈલનું પરીક્ષણ કરી રહી હતી, જે દરમિયાન તેણે લોજિસ્ટિક્સ જહાજ કોનારાકને ટક્કર આપી હતી.

રિપોર્ટ અનુસાર, આઈઆરજીસી તરફથી આ મિસાઈલ સમયપત્રક પહેલા જ ચલાવવામાં આવી હતી, ત્યાં સુધી કોનારાક લક્ષ્યથી આગળ વધ્યો ન હતો. સોશ્યલ મીડિયા પર પોસ્ટ કરેલા વીડિયોમાં જોઈ શકાય છે કે ઘાયલ નાવિકોને એમ્બ્યુલન્સથી હોસ્પિટલમાં મોકલવામાં આવી રહ્યા છે. જાન્યુઆરીમાં પણ, આઈઆરજીસીએ તેહરાન નજીક યુક્રેનિયન પેસેન્જર પ્લેનને આકસ્મિક રીતે માર્યું હતું. આ ઘટનામાં વિમાનમાં સવાર તમામ ૧૭૬ લોકોએ જીવ ગુમાવ્યા હતા.

ઉદ્ધવ ઠાકરેએ વિધાન પરિષદની બેઠક માટે ઉમેદવારી નોંધાવી

મુંબઈ

શિવસેના પ્રમુખ અને મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેએ મહારાષ્ટ્ર વિધાન પરિષદની બેઠકની ચૂંટણી માટે પોતાની ઉમેદવારી આજે નોંધાવી દીધી છે. ચૂંટણી પરિણામની જાહેરાત ૨૧ મેએ કરવામાં આવશે.

ઠાકરેએ આજે દક્ષિણ મુંબઈસ્થિત વિધાનભવનમાં જઈને પોતાનું ઉમેદવારીપત્ર સુપરત કર્યું હતું. એમની સાથે એમના પત્ની રશ્મી, પુત્રો – આદિત્ય અને તેજસ તથા મહાવિકાસ આઘાડી સરકારના અમુક સિનિયર નેતાઓ ઉપસ્થિત હતા.

ઉમેદવારી નોંધાવવા માટેની અંતિમ તારીખ ૧૧ મે છે. ઉમેદવારીપત્રોની ચકાસણી ૧૨ મેએ કરાશે અને ઉમેદવારી પાછી ખેંચવાનો અંતિમ દિવસ ૧૪ મે છે.

ઉદ્ધવ ઠાકરે હાલ રાજ્ય વિધાનમંડળના એકેય ગૃહના સભ્ય નથી. તે વિધાન પરિષદની ચૂંટણી માટેના એક નામાંકિત નેતા છે. હાલના વિધાન પરિષદના સભ્યોની મુદત ૨૪ એપ્રિલે પૂરી થઈ ગયા બાદ આ ચૂંટણી યોજવી જરૂરી બની છે. ઉદ્ધવ બિનહરીફ ચૂંટાઈ આવશે એ નિશ્ચિત છે, કારણ કે કોંગ્રેસ પાર્ટીએ પોતાના ઉમેદવારનું નામાંકન પાછું ખેંચી લીધું છે. કુલ ૯ બેઠકો માટે ચૂંટણી થવાની છે, જેના પરિણામની જાહેરાત ૨૧ મેએ કરાશે. વિધાન પરિષદની ચૂંટણી માટે ૨૮૮-સભ્યોની મહારાષ્ટ્ર વિધાનસભા મતદારમંડળ છે. કોઈ પણ ઉમેદવારને વિધાન પરિષદની બેઠક જીતવા માટે ૨૯ મત જીતવા પડે. કોંગ્રેસ પાસે ૪૪ વિધાનસભ્યો છે.

ગુજરાતમાં આગામી બે દિવસ પવન સાથે ગરમી વધવાની આગાહી

અમદાવાદ

રાજ્યમાં એકતરફ કોરોનાનો કહેર વ્યાપ્યો છે જ્યારે બીજી તરફ ગરમીનો પ્રકોપ વધ્યો છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને સાઇક્લોનિક સરક્યુલેશનના કારણે ઉત્તર-પશ્ચિમ ભારતનાં વિવિધ શહેરોમાં ૪૦થી ૫૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાયો હતો. જ્યારે રાજ્યમાં પ્રવર્તતા પશ્ચિમથી ઉત્તર-પશ્ચિમના પવનને કારણે અમદાવાદ સહિત રાજ્યનાં ૭ શહેરોમાં ગરમીનો પારો ૪૧ ડિગ્રી પાર કરી ગયો હતો. રવિવારે સમગ્ર રાજ્યમાં ૪૩.૩ ડિગ્રી સાથે સુરેન્દ્રનગર સૌથી ગરમ શહેર બન્યું હતું. હવામાન વિભાગની આગાહી પ્રમાણે, આગામી બે દિવસોમાં રાજ્યનાં વિવિધ શહેરોમાં ગરમી વધવશે આ સાથે પવનની ગતિ વધવાની શક્યતા છે. હવામાન વિભાગનાં આંકડા પ્રમાણે, રવિવારે અમદાવાદનું મહત્તમ તાપમાન ૪૨.૨ ડિગ્રી અને લઘુતમ તાપમાન સામાન્ય કરતાં ૧.૯ ડિગ્રી વધીને ૨૭.૯ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે સુરેન્દ્રનગરમાં ૪૩.૩, રાજકોટમાં ૪૩.૦, અમરેલીમાં ૪૨.૬, ગાંધીનગરમાં ૪૨.૦, વડોદરામાં ૪૧.૩, ડીસામાં ૪૧.૨ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું. આ સાથે હવામાન વિભાગની આગાહી પ્રમાણે,

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને સાઇક્લોનિક સરક્યુલેશનની અસરોથી આગામી ૨૪ કલાક દરમિયાન ભારે પવન ફૂંકાવાની સાથે ઉત્તરાખંડ અને પશ્ચિમ ઉત્તર પ્રદેશના કેટલાક વિસ્તારોમાં વરસાદી છાંટા પડવાની શક્યતા છે. હવામાન વિભાગે મે મહિનામાં કેવું હવામાન રહેશે તે અંગેની આગાહી કરી હતી. જેમા તેમણે કહ્યું હતું કે, મે મહિનાના પ્રથમ સપ્તાહમાં આકરી ગરમી રહેશે.

ટ્રમ્પે અમેરિકાના લોકોની પીઠમાં છરો ભોંકયો છે

ટ્રમ્પ હજારો લોકોના મોત માટે જવાબદાર: ફિલોસોફર પ્રો.નોઆમ ચોમસ્કી

વૉશિંગ્ટન

જાણીતા ફિલોસોફર પ્રો.નોઆમ ચોમસ્કીએ જણાવ્યું કે, અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ હજારો લોકોના મોત માટે જવાબદાર છે. તેમણે કોરોના મહામારીનો ઉપયોગ તેમની ચૂંટણી સંભાવનાઓ માટે કર્યો. દેશના અમીર કોર્પોરેટની મદદ માટે ચેપી બીમારીની સ્વાસ્થ્ય સુવિધાઓ અને શોધના ફડિંગમાં ઘટાડો કર્યો. ટ્રમ્પ મોટા ભાગના અમેરિકાના લોકોની પીઠમાં છરો ભોંકયો છે અને દેશના રક્ષક બનવાનો દેખાડો કરી રહ્યા છે.

પ્રો.નોઆમ ચોમસ્કીએ જણાવ્યું કે, ટ્રમ્પે તેમના કાર્યકાળમાં દર વર્ષ ફંડમાં ઘટાડો કર્યો છે. તેમની યોજના છે ફંડને ઓછું કરવામાં આવે જેથી પ્રજાને દયનીય બનાવી શકાય. તેઓ તેમના પ્રાઈમરી ચૂંટણી ઉમેદવારોની સંપત્તિ, કોર્પોરેટ શક્તિ અને તેમને લાભ પહોંચાડવા માગે છે.

તેમણે વધુમાં જણાવ્યું કે, રાષ્ટ્રપતિએ તેમનું કાર્ય યોગ્ય રીતે કર્યું નથી. તેમણે રાજ્યોના ગવર્નરને કોરોનાથી લડવાની લેવા માટે મજબૂર કર્યા. આ તેમની વધારે લોકોના મોત અને તેમની ચૂંટણીલક્ષી રાજકીય રણનિતી છે. વિશ્વ આરોગ્ય સંસ્થાની ફડિંગ રોકવાથી યમન અને આફ્રીકાના દેશોમાં મૃત્યુઆંક વધશે.

સોમનાથ મંદિરના ૭૦મા સ્થાપના દિનની સોશિયલ ડિસ્ટન્સ સાથે ઉજવણી કરાઈ

ગીર સોમનાથ

બાર જ્યોર્તિલિંગમાંની પ્રથમ એવા સોમનાથ મહાદેવ મંદિરના "૭૦"માં પ્રાણ પ્રતિષ્ઠાદિન નિમિતે સોશિયલ ડિસ્ટન્સ સાથે શ્રી સોમનાથ મહાદેવની વિશેષ મહાપૂજા કરવામાં આવી હતી. તારીખ ૧૧ મે ૧૯૫૧ ના રોજ શ્રી સોમનાથ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠાદિન નિમીતે શ્રી સોમનાથ મહાદેવની વિશેષ મહાપૂજા સોમનાથ ટ્રસ્ટના જનરલ મેનેજરના હસ્તે કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, લોકડાઉનની શરૂઆતના ૧૯ માર્ચથી જ સોમનાથ મંદિર યાત્રીઓ માટે બંધ કરવામાં આવ્યું છે, ત્યારે વિશ્વ કોરોનામુક્ત થાય અને લોકોનું જનજીવન પૂર્વવત થાય તેવી વિશ્વ કલ્યાણની ભાવના સાથે સોમનાથ મહાદેવને પ્રાર્થના કરવામાં આવી હતી.આ વિશેષ અવસર પર સોમવારે સાંજે સોમનાથ મહાદેવને વિશેષ શ્રુંગાર દર્શન, દીપમાળા કરવામાં આવશે. જેના દર્શન ભાવિકો સોમનાથ ટ્રસ્ટના તમામ સોશિયલ મીડિયા હેન્ડલ પર નિહાળી શકશે.

પાલનપુરનું હોટસ્પોટ ગઠામણ બન્યું કોરોનામુક્ત, વધુ ૪ દર્દીને અપાઈ રજા

પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં સૌ પ્રથમ પાલનપુર તાલુકાના ગઠામણ ગામે કોરોના વાયરસનો પોઝિટિવ કેસ નોંધાયો હતો. અમદાવાદ ગયેલા ગામના આધેડ ચેપ લઈને આવ્યા બાદ લોકલ સંક્રમણથી એક પછી એક ૨૧ વ્યક્તિઓ પોઝિટિવ બન્યા હતા. તે તમામે કોરોનાને મ્હાત આપી સ્વસ્થ થયા છે. અને રવિવારે વધુ ૪ દર્દીઓને પાલનપુર કોવિડ હોસ્પિટલમાંથી રજા અપાતા હવે સંપૂર્ણ ગામ કોરોના મુક્ત બન્યું છે. પાલનપુર સ્થિત કોવિડ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા ગઠામણ ગામના ચાર દર્દીઓનો કોરોના રિપોર્ટ નેગેટિવ આવતાં રવિવારે તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. જેની સાથે ગામના તમામ પોઝિટિવ દર્દીઓ સ્વસ્થ થયા છે. ઉલ્લેખનીય છે કે, બનાસકાંઠા જિલ્લામાં સૌ પ્રથમ પાલનપુર તાલુકાના ગઠામણ ગામે કોરોના વાયરસનો પોઝિટિવ કેસ નોંધાયો હતો. અમદાવાદ ગયેલા ગામના આધેડ ચેપ લઈને આવ્યા બાદ લોકલ સંક્રમણથી એક પછી એક ૨૧ વ્યક્તિઓ પોઝિટિવ બન્યા હતા. જોકે, તે તમામે કોરોનાને મ્હાત આપી છે.

ભેદી બિમારીના કારણે સેવાલિયાના રાજુપુરામાં ૮ મોરનાં મોત, અગ્નિસંસ્કાર

સેવાલિયા

ગળતેશ્વરના સેવાલિયા નજીક આવેલા રાજુપુરા સીમમાં છેલ્લા ત્રણ દિવસમાં ભેદી બિમારીના કારણે આઠ રાષ્ટ્રીયપક્ષી મોરના મૃત્યુ થયા હતા. અને ત્રણ મોર સારવાર હેઠળ છે. મૃત્યુપામેલા મોરનું સન્માન સાથે ડાકોર વન વિભાગની કચેરી ગાઉન્ડમાં અગ્નિસંસ્કાર કરવામાં આવ્યું હતું. આ મોરના મૃત્યુ ગરમી કે અન્ય બિમારના કારણે થયુ તે અંગેના પી.એમ રિપોર્ટ બાદ માલૂમ પડશે તેમ વન વિભાગના સૂત્રો દ્વારા જાણવા મળેલ છે.

સેવાલિયા નજીક મહીસાગર નદી તટ વિસ્તારમાં આવેલ રાજુપુરા સીમમાં સેંકડો જેટલા રાષ્ટ્રીયપક્ષી મોર છે.જેને લઈ આ વિસ્તારમાં દિવસભર મોરના ટહુકા સંભળાય છે. પરંતુ છેલ્લા ત્રણ દિવસથી આ ગામની સીમ વિસ્તારમાં મોર તરફડીને મોતને ભેટે છે. આ અંગેની જાણ ગ્રામજનોએ વનવિભાગના રુહીન વ્હોરાને કરવામાં આવી હતી જીવદયાપ્રેમીઓની મદદથી મૃતક મોરને પોસ્ટમોર્ટમ માટે ડાકોર પશુ દવાખાનમાં મોકલી આપવામાં આવ્યા હતા. આ ઉપરાંત રવિવારે ભેદી બિમારીથી ત્રણ મોર તરફડ્યા મારતાં મળી આવ્યા હતા. ગ્રામજનોએ મોરને સારવાર અર્થે મોકલી આપ્યા હતા. આ મોરના મૃત્યુ અંગેનું ચોક્કસ કારણ પી.એમ રીપોર્ટ બાદ માલૂમ પડે તેમ છે.

કોરોના વાયરસનો પ્રકોપ બે વર્ષ સુધી રહેવાની સંભાવનાઃ અમેરિકી રિસર્ચ

વૉશિંગ્ટન

અમેરિકી રિસર્સે એક નવી સ્ટડીમાં અનુમાન લગાવ્યું છે કે કોરોના વાયરસ મહામારીનો પ્રકોપ આગામી ૧૮થી ૨૪ મહિના સુધી રહેવાની સંભાવના છે. સાથે જ દુનિયાભરની સરકારોને ચેતવી છે કે તે આગામી બે વર્ષ સુધી બીમારી સમય સમય પર માથું ઊંચકશે તેના માટે તૈયાર રહે. અમેરિકાની મિનેસોટા યૂનિવર્સિટીમાં સેન્ટર ફોર ઈન્ફેક્શિયસ ડિસીઝ રિસર્ચ ફંડ પૉલિસી તરફથી કોવિડ-૧૯ નામથી કરવામાં આવેલી આ સ્ટડી ઈન્ફ્લુએન્ઝા મહામારીનાં ગત પેટર્ન પર આધારિત છે.

આને ૪ લોકોએ મળીને તૈયાર કરી છે. તેમના નામ છે – ડૉ. ક્રિસ્ટીન એ મૂર (મેડિકલ ડાયરેક્ટર CIDRAP), ડૉ. માર્ક લિપ્સિઝ (ડાયરેક્ટર, સેન્ટર ફોર કોમ્યૂનિકેબલ ડિસીઝ ડાયનામિક્સ, હાવર્ડ ટીએચ ચાન સ્કૂલ ઑફ પબ્લિક હેલ્થ) અને માઈકલ ટી-ઓસ્ટરહોમ (ડાયરેક્ટર, CIDRAP). વર્ષ ૧૭૦૦ની શરુઆત બાદ દુનિયાભરનાં ૮ ઈન્ફ્લુએન્ઝા મહામારી જોવા મળી. આમાંથી ૪ તો ૧૯૦૦ બાદ આવી. ૧૯૦૦-૧૯૧૯, ૧૯૫૭, ૧૯૬૮ અને ૨૦૦૯-૧૦માં. રિસચર્સનો તર્ક છે કે પ્રકૃતિથી વર્તમાન SARS-CoV-2ની પ્રકૃતિ ઘણી અલગ છે.

સ્ટડી પ્રમાણે અત્યારે કોરોના વાયરસનાં પૈથોઝેન્સને જોતા તેને લઈને પૂર્વાનુમાન ના લગાવી શકાય. ઈન્ફ્લુએન્ઝા વાયરસ અને કોવિડ-૧૯ વાયરસની વચ્ચે અંતર હોવા છતા ઘણી સમાનતાઓ છે, જેને વૈજ્ઞાનિકો પણ માને છે. બંને મુખ્ય રીતે શ્વાસનળી દ્વારા ફેલાય છે. બંને લાખો લોકોને સંક્રમિત કરવા અને દુનિયાભરમાં ઝડપથી ફેલવામાં સક્ષમ છે. બંને નોવેલ વાયરલ પૈથોઝન્સ છે.

સ્ટડીમાં કહેવામાં આવ્યું છે કે કોવિડ-૧૯ અને ઈન્ફ્લુએન્ઝાની એપિડેમિયોલોજીમાં મહત્વની સમાનતાઓ અને વિભિન્નતાઓની ઓળખથી કોવિડ-૧૯ મહામારીનાં કેટલાક સંભવિત પરિદ્રશ્યોનું અનુમાન લગાવવામાં આવી શકે છે. ગત મહામારીઓનાં આધાર પર શોધકર્તાઓએ નોવેલ કોરોના વાયરસ માટે ત્રણ સંભવિત પરિદ્રશ્યોનું અનુમાન લગાવ્યું છે. જો કે તે બંને મહત્વનાં અંતર તરફ પણ ધ્યાન દોરે છે જે કોવિડ-૧૯ને મોટો ખતરો ગણાવે છે.

ભીખારીને મુખ્યમંત્રી આવાસ પર બોલાવીને રીક્ષા ભેટમાં આપી

ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેને ભીખારીને મળવા માટે ૪૫ મિનિટ ઉભા રહ્યા..!!

રાંચી

મીડિયામાં ઘણી વખત એવા સમાચાર આવે છે કે કોઈ વિસ્તારના સાંસદ-ધારાસભ્ય ચૂંટણી બાદ ક્યારેય તેમના મતવિસ્તારમાં ગયા નથી. જો કે ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેન અને મંત્રી મિથલેશ ઠાકુર ભીખ માગીને ગુજારો કરાનાર રવિદાસ નામના એક વ્યક્તિને મળવા માટે ૪૫ મિનિટ સુધી રાહ જોઈ હતી. આ પગલાથી મુખ્યમંત્રીએ રાજયની પ્રજાને સંદેશ આપવાનો પ્રયાસ કર્યો કે મુખ્યમંત્રી તેમનો સેવક છે.

રાજકુમાર રવિદાસ હજારિબાગ જિલ્લાના એક ગામનો રહેવાસી છે. લગભગ ૪ વર્ષ પહેલા તે રાંચી આવ્યો હતો અને રીક્ષા ચલાવીને પરિવારનો પેટ ભરતો હતો. કેટલાક મહિના પહેલા તેની રિક્ષા ચોરાઈ ગઈ હતી, ત્યારબાદ તે કચરો ઉઠાવવા લાગ્યો હતો.

લોકડાઉનને કારણે ભંગારની દુકાનો બંધ થઈ ગઈ હતી જેને કારણે રવિદાસની સામે ભૂખમરાનો સંકટ આવી ગયો હતો. હવે રવિદાસ રાંચીની સેન્ટ ઝેવિયર કોલેજની પાસે બેસીને ભીખ માગે છે. જો કે લોકાડાઉનમાં લોકોની અવર-જવર ઓછી થઈ જતા તેને ભીખ પણ મળતી નહતી.

સ્થાનિક મીડિયામાં જ્યારે રવિદાસની દુ:ખની કહાણી પ્રકાશિત થઈ મંત્રી મિથલેશ કુમારે તેમના પૈસાથી એક પેડલ રીક્ષા ખરીદી અને મુખ્યમંત્રીના હાથે રવિદાસને રીક્ષા અપાવી. જણાવવામાં આવી રહ્યું છે કે, રવિવારે મુખ્યમંત્રી કાર્યાલયથી રવિદાસને સૂચના આપવામાં આવી હતી કે મુખ્યમંત્રી હેમંત સોરેન તેને રીક્ષા આપવા માટે બોલાવી રહ્યા છે. ભીખ માગી રહેલા રવિદાસને વિશ્વાસ થયું નહતું. ત્યારબાદ તે મુખ્યમંત્રી આવાસ પહોંચી ગયો હતો. જો કે તેને ત્યાં પહોચવામાં થોડી વાર થઈ ગઈ હતી. જેને કારણે મુખ્યમત્રી હેમંત સોરેન અને મંત્રી મિથલેશ ઠાકુર ૪૫ મિનિટ સુધી નવી રિક્ષા લઈને તેની રાહ જોઈ હતી.

આરોગ્ય વિભાગને અર્પણ!! ૪૩ ડીગ્રી ગરમીમાં વીજળી વગર ચાલે છે રાંધેજાનુ PHC કેન્દ્ર!

ડોક્ટર નથી, કંપાઉન્ડર નથી, ઈમારત ખંડેર છે, પાણીની વ્યવસ્થા નથી, લાઈટ નથી...પંખો નથી....

ગાંધીનગર

આ પેટા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કાંઈ કચ્છના કોઈ દૂર અંતરિયાળ વિસ્તારમાં નથી. જ્યાંથી સરકાર ચાલે છે તે ગાંધીનગરથી સહેજ દૂર રાંધેજા ખાતે આવેલું છે. હાલમાં ૪૩ ડિગ્રી ગરમીનો પારો ચાલી રહ્યો છે. બહાર નિકળિયે તો શેકિ જાય એવી ગરમી છતાં આ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર-પીએચસી-માં વીજળીની સુવિધા નથી. કોરણ.....જઈબીવાળા મીટર કાઢીને લઈ ગયા છે....!! પંખો છે પણ લાઈટ નથી. અને આ પીએચસી કેન્દ્રની બિલ્ડીંગ એટલી જર્જરિત અવસ્થામાં છે કે અદંર ધાબામાંથી ગમે ત્યારે પોપડા માથા ઉપર પડે....!! ધાબાના સળિયા દેખાય છે. વોટર કૂલર છે પણ વીજળી જ નથી, તો પાણી ક્યાંથી કૂલ કૂલ થાય....!

રાંધેજા પ્રાથમિક કેન્દ્ર નજીકના રૂપાલ કેન્દ્ર સાથે જોડાયેલું છે. આખી ઈમારત ખંડેર જેવી લાગે. ઠેરઠેર પોપડા ઉખડી ગયેલી છત છે. ટોઈલેટ-ઈજિજત ઘર- એવા છે કે જે જોઈને આરોગ્ય વિભાગની ઈજિજતને ચાર ચાંદ લાગી જાય...! ચારેકોર ગંદગી, બદબૂ, કચરાના ઢગલા, તૂટેલી ફૂટેલી પ્લાસ્ટિકની ડોલ અને સાફસપાઈના તો કોઈ ઠેકાણા જ નથી. આ કેન્દ્ર અંગે સ્થાનિકો કહે છે કે આવી ખરાબમાં ખરાબ પરિસ્થિતમાં પણ કોઈ વાધેલા નામના કર્મચારી ૪૩ ડીગ્રી ગરમીમાં પંખા વગર કામ કરવા મજબૂર છે. આ પેટા કેન્દ્ર સાથે ૧૦ જેટલી આશા વર્કરો અને અન્ય સ્ટાફ જોડાયેલો છે. ગામમાં ટીબીના દર્દીઓને નિયમિત દવાનો ડોઝ, સગર્ભા મહિલાઓની સારસંભાળ અને અન્ય નાના મોટા કામ આ પેટા કેન્દ્ર દ્વારા ચાલે છે. નજીકમાં ગાંધીનગર આરોગ્ય વિભાગના સત્તાવાળાઓ સમક્ષ રજૂઆતો કરાઈ કે જીઈબી વાળા મીટર કાઢીને લઈ ગયા છે, છતાં પુનઃજોડાણ માટે કોઈ કાર્યવાહી થઈ નથી.... શરીર દાઝે એવી આટલી ભીછણ ગરમીમાં કામ કઈ રીતે થાય....? પણ આરોગ્ય વિભાગને ત્યારે જ ખબર પડે કે અક્ષયકુમારની ફિલ્મ ટોઈલેટમાં ગામડામાં શૌચાલયો બનાવવા માટેની ફાઈલોના ઢગલા કરનાર કચેરીના તમામ ટોઈલેટને તાળા મારી દેવામાં આવ્યા ત્યારે જે કર્મચારીઓને ટોઈલેટની અગત્યતા સમજાઈ તેમ આરોગ્ય વિભાગના સત્તાધીશોને વીજળી વગર કામ કરવાની ફરજ પાડવામાં આવે ત્યારે સમજાય કે રાંધેજા પેટા કેન્દ્ર વગર વીજળીએ ૪૩ ડીગ્રી ગરમીમાં કઈ રીતકે કામ કરે છે....!! શરમ આવવી જોઈએ આવા સરકારી બાબુઓને કે જેઓ એસી ચેમ્બરમાં બેસીને તંત્ર ચલાવી રહ્યાં છે. જો કે રાંધેજા પેટા કેન્દ્રની સમસ્યા તેની જાણકારી વિભાગે આપવી જોઈએ. જઈબીના સત્તાવાળાઓ મીટર કાઢીને લઈ ગયા તો તેનો અર્થ કે વીજબિલ ભરવામાં આવ્યું નહીં હોય, રાંધેજા પેટા કેન્દ્ર દ્વારા રૂપાલ કેન્દ્રને જાણ કરાઈ હશે, રૂપાલ કેન્દ્રએ ઉપલી કચેરીને જાણ કરી હશે. આમ મામલો ક્યાંકને ક્યાંક તો પહોંચ્યો હશે કે રાંધેજા પેટા કેન્દ્રમાં વીજળીની વ્યવસ્થા નથી તો ત્યાં કામ કઈ રીતે ચાલતું હશે.....!!

સ્વાસ્થ્ય મંત્રાલયે નવી હોમ આઈસોલેશન ગાઈડલાઈન જાહેર કરી

૧૦ દિવસથી તાવ ન આવે તો ૧૭ દિવસ પછી આઈસોલેશન ખતમ કરી શકાશે

ન્યુ દિલ્હી

સ્વાસ્થય વિભાગે કોરોનાના ખૂબ સામાન્ય લક્ષણ અથવા પ્રી સિમ્પોમેટિક દર્દીઓ માટે હોઈ આઇસોલેશનની ગાઈડલાઈનમાં ફેરફાર કર્યા છે. હોમ આઈસોલેશન વાળા દર્દીઓ શરૂઆતના લક્ષણ દેખાયાના ૧૭ દિવસ પછી આઈસોલેશન ખતમ કરી શકે છે. પ્રી-સિમ્પટોમેટિક કેસમાં સેમ્પલિંગના દિવસથી ૧૭ દિવસ ગણવામાં આવશે. બંને કેસમાં એવી શરત રાખવામાં આવશે કે ૧૦ દિવસથી તાવ ન આવ્યો હોય.

સ્વાસ્થય મંત્રાલયે હોમ આઈસોલેશન વાળા દર્દીઓ અને તેમની સારવાર કરતાં લોકો માટે પણ નિર્દેશ જાહેર કર્યા છે. બંનએ ત્રિપલ લેયર માસ્ક પહેરવું જરૂરી છે.

દર્દીઓ માટેના ૧૦ નિર્દેશ

૧) દરકે સમયે ત્રિપલ લેયર વાળુ મેડિકલ માસ્ક પહેરવું પડશે. દર ૮ કલાકે તેને બદલવું પડશે. જો માસ્ક ભીનુ અથવા ગંદુ થઈ જાય તો તેને તુરંત બદલવું પડશે.

૨) માસ્કનો ઉપયોગ કર્યા પછી તેને જિસ્કાર્ડ કરતાં પહેલાં ૧ ટકા સોડિયમ હાઈપો-ક્લોરાઈડથી ડિસઈન્ફેક્ટેડ કરવું પડશે.

૩) દર્દીએ તેના રૂમમાં જ રહેવું પડશે, ઘરના અન્ય સભ્યોના સંપર્કમાં આવવાનું નથી.

૪) દર્દીએ સતત આરામ કરવો જોઈએ અને બહુ જ વધારે પાણી અથવા પ્રવાહી વસ્તુઓ લેવી જોઈએ.

૫) શ્વાસની સ્થિતિ પર નજર રાખવા માટે જે આદેશ આપવામાં આવ્યા હશે તે માનવા પડશે.

૬) સાબુ-પાણી અથવા આલ્કોહોલવાળા સેનિટાઈઝરથી ઓછામાં ઓછા ૪૦ સેકન્ડ સુધી હાથ સાફ કરતા રહેવું જોઈએ.

૭) પર્સનલ વસ્તુઓ બીજા સાથે શેર ન કરવી.

૮) રૂમમાં જે વસ્તુઓને વારંવાર અડવું પડે એવું હોય જેમકે ટેબલટોપ, દરવાજાની સ્ટોપર, હેન્ડલ તેને ૧ ટકા હાઈપો-ક્લોરાઈડ સોલ્યુશનથી સાફ કરવી જોઈએ.

૯) દર્દીએ ડોક્ટરના આદેશ અને દવાઓ સાથે જોડાયેલી સલાહ માનવી પડશે.

૧૦) દર્દી પોતાની સ્થિતિને જાતે મોનિટર કરશે. રોજ શરીરનું તાપમાન માનશે, જો સ્થિતિ ખરાબ થતી લાગે તો તુરંત જાણ કરવી પડશે.

દર્દીની સારવાર રાખનાર વ્યક્તિ માટેની ગાઈડલાઈન

★ દર્દીના રૂમમાં જતી વખતે ત્રિપલ લેયરવાળું મેડિકલ માસ્ક પહેરવું પડશે. માસ્કનો ઉપયોગ કરતી વખતે તેની બહારના હિસ્સાને ન અડવું. જો માસ્ક ભીનું અથવા ગંદુ થઈ જાય તો તેને તુરંત બદલી દેવું જોઈએ. ઉપયોગ કર્યા પછી માસ્કને ડિસ્કાર્ડ કરવું અથવા હાથને સારી રીતે સાફ કરવા.

★ સારવાર કરનાર વ્યક્તિએ તેના ચહેરા, નાક અથવા મોઢાને ન અડવું જોઈએ.

★ દર્દી અથવા તેના રૂમના સંપર્કમાં આવ્યા પછી હાથ સારી રીતે ધોવા જોઈએ.

★ જમવાનું બનાવતા પહેલા અને પછી, જમતા પહેલાં, ટોયલેટ ગયા પછી અને તે સિવાય પણ હાથ જ્યારે ગંદા લાગે ત્યારે ધોવા જોઈએ. હાથને સાબુ અને પાણીથી સતત ૪૦ સેકન્ડ સુધી ધોવા. હાથમાં ધૂળ ન લાગી હોય તો સેનિટાઈઝરનો ઉપયોગ પણ કરી શકાય છે.

★ સાબુ-પાણીથી હાથ ધોયા પછી તેને ડિસ્પોઝેબલ પેપર નેપકીનથી લુછવા જોઈએ. પેપર નેપકીન ન હોય તો ચોખ્ખા રૂમાલનો ઉપયોગ કરવો જોઈએ.

યૂપીના ચિત્રકૂટમાં ૪૭ મકાનોમાં આગ: એક મહિલા સહિત પશુઓ બળીને ખાખ

ચિત્રકૂટ

ચિત્રકૂટ જિલ્લામાં એક આગ લાગવાની ઘટના સામે આવી છે. આ આગમાં ૪૭ મકાનો સપડાયા હોવાનું પોલીસે સોમવારે જણાવ્યું હતું.

પોલીસે જણાવ્યું હતું કે, જિલ્લાના સુરવાલ ગામમાં રવિવારે સાંજે આગ લાગી હતી. રાજપુર પોલીસ સ્ટેશનના સ્ટેશન હાઉસ ઓફિસર ગુલાબચંદ્ર ત્રિપાઠીએ જણાવ્યું હતું કે, રવિવારે સાંજે સાડા સાત વાગ્યાની આસપાસ એક મકાનમાં આગ લાગી હતી. જે બાદ વાવાઝોડાને કારણે ઝડપથી ફેલાઈ હતી. આ વિસ્તારમાં ૫૦ પરિવારો રહે છે.

ત્રિપાઠીએ જણાવ્યું હતું કે, આગ લાગવાનું ચોક્કસ કારણ હજૂ સુધી જાણી શકાયું નથી. આ આગમાં લાખો રૂપિયાની ઘરવખરી બળીને ખાખ થઈ ગઈ હતી. હાલ મહેસૂલના અધિકારીઓ નુકસાનનું મૂલ્યાંકન કરી રહ્યા છે. આગમાં એક મહિલા તેમજ ૪ પ્રાણીઓના મોત નિપજ્યા છે.

ગામના વડા શબ્બીર ખાને આરોપ લગાવ્યો છે કે, ઘટનાની જાણ કર્યાના બે કલાક બાદ ફાયર ટેન્ડર આવ્યા હતા. ફાયર ટેન્ડર ઘટના સ્થળે પહોંચ્યા ત્યાં સુધીમાં તો બધુ બળીને ખાખ થઈ ગયું હતું.



લખનૌમાં મજૂરો પોતાના ગામે પરત જઈ રહ્યા છે.

જમ્મૂ-કાશ્મીરમાં ૪-જી સેવા ફરીથી ચાલુ કરવા આદેશ આપવાનો સુપ્રિમનો ઈન્કાર

ન્યુ દિલ્હી

જમ્મૂ-કાશ્મીરમાં 4G ઈન્ટરનેટ સેવા ફરીથી ચાલુ કરવાના આદેશ આપવાનો સુપ્રીમ કોર્ટે ઈંકાર કર્યો છે. કોર્ટે જમ્મૂ-કાશ્મીરમાં ૪૫ ઈન્ટરનેટ સેવા પ્રદાન કરવાની વિનંતી પર વિચાર કરવા માટે ગૃહ મંત્રાલયના સચિવની અધ્યક્ષતામાં એક સમિતિની રચના કરવાનો આદેશ કરવામાં આવ્યો છે.

જસ્ટિસ એન વી રમન્ન, જસ્ટિસ આર સુભાષ રેડ્ડી અને જસ્ટિસ બી આર ગવઈની બેન્ચે પોતાના નિર્ણયમાં કહ્યુ કે આ સમિતિમાં જમ્મૂ-કાશ્મીરના મુખ્ય સચિવ અને કૉમ્યુનિકેશન સચિવ પણ સામેલ થશે. આ સમિતિ 4G ઈન્ટરનેટ સેવા ફરીથી શરૂ કરવાની અરજદારની વિનંતી પર વિચાર કરશે.

સુપ્રીમ કોર્ટે ફાઉન્ડેશન ફૉર મીડિયા પ્રોફેશનલ્સ અને જમ્મૂ કાશ્મીર પ્રાઈવેટ સ્કૂલ એસોસિયેશનની અરજી પર આ નિર્ણય જાહેર કર્યો છે આ સાથે જ કહેવામાં આવ્યું છે કે રાષ્ટ્રીય સુરક્ષા અને માનવ અધિકારો વચ્ચે સંતુલન સુનિશ્ચિત કરવાની જરૂર છે.

અરજદાર દ્વારા દાખલ કરવામાં આવેલી દલીલમાં દાવો કરવામાં આવ્યો છે કે 2G સેવાઓ શિક્ષા અને અન્ય સેવાઓના સંચાલન માટે પર્યાપ્ત નથી. જસ્ટિસ એનવી રમન્ને કહ્યુ કે કોર્ટને સુનિશ્ચિત કરવાનું છે કે રાષ્ટ્રીય સુરક્ષા અને માનવાધિકાર સંતુલિત રહે. તેમણે કહ્યુ કે અમે સમજીએ છીએ કે કેન્દ્ર શાસિત પ્રદેશ સંકટમાં છે.

ઉલ્લેખનીય છે કે આ પહેલાના કેસની સુનાવણીમાં જમ્મૂ કાશ્મીરના વહીવટી તંત્રે સોગંદનામું દાખલ કરીને સેવા ફરીથી શરૂ કરવાનો વિરોધ કર્યો હતો. વહીવટી તંત્રએ કહ્યુ હતુ કે જમ્મૂ કાશ્મીરમાં સક્રિય આંતકવાદી મૉડ્યુલ નકલી માહિતી ફેલાવીને લોકોને ઉશ્કેરી રહ્યા છે.

મુંબઈમાં કોરોનાના કમ્યુનિટી ટ્રાન્સમિશનના પુરાવા મળ્યા: રાજ્યના સ્વાસ્થ્ય અધિકારી

મુંબઈ

મહારાષ્ટ્રમાં કોરોના વાયરસ કેસોની સંખ્યા ૨૨ હજારને પાર પહોંચી ગઈ છે. ત્યાંજ મહારાષ્ટ્રના ડિઝીઝ સર્વેલન્સ ઓફિસર ડોક્ટર પ્રદીપ આવટેએ જણાવ્યું કે, મુંબઈ અને મહારાષ્ટ્રના કેટલાક ભાગોમાં કોરોનાના કોમ્યુનિટી ટ્રાન્સમિશનના કેટલાક પુરાવા છે.

પ્રદીપ આવટેએ જણાવ્યું કે, અમને મુબઈ અને મહારાષ્ટ્રમાં કોરોના વાયરસના ક્લસ્ટર કેસ મળી રહ્યા છે. માત્ર મુંબઈમાં જ નહીં પરંતુ મહારાષ્ટ્રના કેટલાક અન્ય વિસ્તારોમાં પણ કોરોનાના કમ્યુનિટી ટ્રાન્સમિશનના પુરાવા મળ્યા છે. પરંતુ સંપૂર્ણ તસવીર કલસ્ટર કેસની જ છે.

દેશના પાટનગર મુંબઈમાં કોવિડ-૧૯ના દર્દીઓની સંખ્યા ઝડપથી વધી રહી છે. જે અંગે આવટેએ જણાવ્યું કે, મુંબઈના કેસ દેશના અન્ય વિસ્તારોની તુલનમાં અલગ છે. અહિંયા વસ્તી વધારે છે અને વિશેષ સામાજીક-આર્થિક મહત્વ છે.

તેમણે જણાવ્યું કે, મુંબઈમાં પ્રતિ વર્ગ કિમી ૨૦ હજાર લોકો રહે છે. જે એક મુખ્ય કારણ છે કે મુંબઈમા કોરોના સૌથી વધારે કેસ સામે આવી રહ્યા છે. અમારે દરેક કેસમાં લિંક શોધવી પડશે, યાત્રા ઈતિહાસ, કોઈ અન્ય વ્યક્તિ સાથે સંપર્ક બધી જ વસ્તુઓની જાણકારી મેળવવી પડશે.

પી.ચિદમ્બરમે ટ્રેનો શરૂ કરવાના મોદી સરકારના નિર્ણયને આવકાર્યો

ન્યુ દિલ્હી

કોરોના મહામારીના કારણે દેશમાં ઘોષિત લૉકડાઉનના કારણે બંધ પેસેન્જર ટ્રેનો ૧૨ મેથી ફરીથી ચાલુ થશે. આ દરમિયાન બીજા રાજ્યોમાં ફસાયેલા લોકો અને જરૂરી કામ બીજી જગ્યાએ જતા લોકો મુસાફરી કરી શકે છે. સરકારના આ નિર્ણયનુ કૉંગ્રેસના વરિષ્ઠ નેતા અને પૂર્વ કેન્દ્રીય નાણામંત્રી પી ચિદમ્બરમે સ્વાગત કર્યુ છે.

તેમણે કહ્યુ કે અમે આંતરરાજ્ય પેસેન્જર ટ્રેનોના સંચાલને સાવચેતીપૂર્વક શરૂ કરવાના સરકારના નિર્ણયનુ સ્વાગત કરીએ છીએ. માર્ગ પરિવહન અને હવાઈ પરિવહનને પણ આ રીતે શરૂ કરવુ જોઈએ. તમને જણાવી દઈએ કે કોરોના વાયરસ પર કાબુ મેળવવા માટે દેશભરમાં લૉકડાઉન લાગુ છે તેમછતાં આના સંક્રમણના કેસ ઝડપથી વધી રહ્યા છે.

ન્યૂયોર્કમાં રહસ્યમય બીમારીથી ત્રણ બાળકોના મોત: ૧૦૦થી વધુ કેસ

ન્યૂયોર્ક

અમેરિકાના ન્યૂયોર્કમાં એક રહસ્યમય બીમારીથી ત્રણ બાળકોના મોત નીપજ્યાં છે. અહીં આ બીમારીના ૭૩ કેસ સામે આવ્યા છે. ૭ રાજ્યોમાં અત્યાર સુધી ૧૦૦ કેસ નોંધાયા છે. આ બીમારીથી પીડાતા બાળકોની ઉંમર ૨થી ૧૫ વર્ષની છે. તેની જાણકારી ગવર્નર એન્ડ્રુ ક્યુમોએ આપી છે. તેમણા જણાવ્યા પ્રમાણે, રહસ્યમય બીમારીવાળા મોટાભાગના બાળકોમાં શ્વાસ સંબંધી લક્ષણો નથી દેખાતા. જે બાળકોના મોત થયા છે, તેમનામાં પણ લક્ષણો નથી દેખાયા.

બીમારીનું કારણ જાણવા માટે ન્યૂયોર્ક જીનોમ સેન્ટર અને રોકફેલર યુનિવર્સિટી સાથે મળીને રિસર્ચ કરી રહ્યા છે. અત્યાર સુધી માતા-પિતા, હેલ્થ એક્સપર્ટ એવું વિચારીને રાહત અનુભવી રહ્યા હતા કે, કોરોનાથી બાળકોના મોત વધારે નથી થતા. પરંતુ હવે તેમને સાવચેત રહેવું પડશે. જે સમયે ક્યુમો મીડિયાને નવી બીમારીથી મૃત્યુ વિશેની જાણકારી આપી રહ્યા હતા, ત્યારે ન્યૂયોર્કમાં કોરોનાથી ૧૦ બાળકોના મોતનાં સમાચાર આવ્યા હતા. સ્વાસ્થ્ય વિભાગ તપાસ કરી રહ્યું છે કે આ બાળકોનું મોત રહસ્યમય બીમારીથી તો નથી થયું ને.

યુરોપિયન દેશોમાં બ્રિટેન, ફ્રાન્સ, સ્વિટ્ઝર્લેન્ડ અને ઈટાલીમાં પણ આ રહસ્મય બીમારીના લગભગ ૫૦ કેસ સામે આવ્યા છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના વૈજ્ઞાનિક ડો.મારિયા વૈન કેરખોવે તેની પુષ્ટિ કરી છે. તેમણા જણાવ્યા પ્રમાણે, યુરોપિયન દેશોમાં આ રોગના લક્ષણો બાળપણમાં થતી બીમારી કાવાસાકીના લક્ષણો જેવા જ છે. જેમ કે, હાથ-પગમાં સોજો, શરીર પર ફોલ્લીઓ વગેરે. અમેરિકામાં પણ આવા જ લક્ષણો જોવા મળ્યા છે.

ન્યૂયોર્કમાં રહસ્યમય બીમારીથી ત્રણ બાળકોના મોત: ૧૦૦થી વધુ કેસ

ન્યૂયોર્ક

અમેરિકાના ન્યૂયોર્કમાં એક રહસ્યમય બીમારીથી ત્રણ બાળકોના મોત નીપજ્યાં છે. અહીં આ બીમારીના ૭૩ કેસ સામે આવ્યા છે. ૭ રાજ્યોમાં અત્યાર સુધી ૧૦૦ કેસ નોંધાયા છે. આ બીમારીથી પીડાતા બાળકોની ઉંમર ૨થી ૧૫ વર્ષની છે. તેની જાણકારી ગવર્નર એન્ડ્રુ ક્યુમોએ આપી છે. તેમણા જણાવ્યા પ્રમાણે, રહસ્યમય બીમારીવાળા મોટાભાગના બાળકોમાં શ્વાસ સંબંધી લક્ષણો નથી દેખાતા. જે બાળકોના મોત થયા છે, તેમનામાં પણ લક્ષણો નથી દેખાયા.

બીમારીનું કારણ જાણવા માટે ન્યૂયોર્ક જીનોમ સેન્ટર અને રોકફેલર યુનિવર્સિટી સાથે મળીને રિસર્ચ કરી રહ્યા છે. અત્યાર સુધી માતા-પિતા, હેલ્થ એક્સપર્ટ એવું વિચારીને રાહત અનુભવી રહ્યા હતા કે, કોરોનાથી બાળકોના મોત વધારે નથી થતા. પરંતુ હવે તેમને સાવચેત રહેવું પડશે. જે સમયે ક્યુમો મીડિયાને નવી બીમારીથી મૃત્યુ વિશેની જાણકારી આપી રહ્યા હતા, ત્યારે ન્યૂયોર્કમાં કોરોનાથી ૧૦ બાળકોના મોતનાં સમાચાર આવ્યા હતા. સ્વાસ્થ્ય વિભાગ તપાસ કરી રહ્યું છે કે આ બાળકોનું મોત રહસ્યમય બીમારીથી તો નથી થયું ને.

યુરોપિયન દેશોમાં બ્રિટેન, ફ્રાન્સ, સ્વિટ્ઝર્લેન્ડ અને ઈટાલીમાં પણ આ રહસ્મય બીમારીના લગભગ ૫૦ કેસ સામે આવ્યા છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના વૈજ્ઞાનિક ડો.મારિયા વૈન કેરખોવે તેની પુષ્ટિ કરી છે. તેમણા જણાવ્યા પ્રમાણે, યુરોપિયન દેશોમાં આ રોગના લક્ષણો બાળપણમાં થતી બીમારી કાવાસાકીના લક્ષણો જેવા જ છે. જેમ કે, હાથ-પગમાં સોજો, શરીર પર ફોલ્લીઓ વગેરે. અમેરિકામાં પણ આવા જ લક્ષણો જોવા મળ્યા છે.

ટ્રેડ વોર બાદ કોરોના, ચીનનું અમેરિકામાં રોકાણ એક દશકના તળિયે

બેઇજિંગ/વૉશિંગ્ટન

ગત વર્ષે અમેરિકામાં ચીનનું સીધુ રોકાણ ૨૦૦૯ની આર્થિક મંદી બાદ સૌથી નીચા સ્તરે પહોંચી ગયું છે. નોંધપાત્ર બાબત એ છે કે, કોરોના વાયરસ રોગચાળાને કારણે વૈશ્વિક વેપાર બંધ થતાં પહેલા આ ઘટાડો થયો હતો.

વિશ્વની બે સૌથી મોટી અર્થવ્યવસ્થાઓ વચ્ચે તણાવ અને ચીન સરકારનું વિદેશમાં રોકાણ પર લગાવાયેલા પ્રતિબંધના કારણે અમેરિકામાં બેઇજિંગનું રોકાણ ઘટ્યું છે.

અમેરિકા અને ચીન વચ્ચેના સંબંધો પર રાષ્ટ્રીય સમિતિ અને રોડિયમ ગ્રુપ કન્સલ્ટન્સીના સોમવારે આવેલા અહેવાલમાં જાણવા મળ્યું છે કે, અમેરિકામાં ચીનનું સીધું રોકાણ ૨૦૧૮માં થયેલા ૫.૪ અબજ અમેરિકી ડોલરથી ઘટી ૨૦૧૯માં પાંચ અબજ ડોલર થયું છે, જે ૨૦૦૯ની મંદી બાદ ઘણું ઘટ્યું છે.

સીધા રોકાણમાં મર્જર, એક્વિઝિશન અને ઓફિસો અથવા ફેક્ટરીઓમાં રોકાણનો સમાવેશ થાય છે, પરંતુ શેર અથવા બોન્ડની ખરીદી જેવા નાણાકીય રોકાણોનો સમાવેશ કરાતો નથી.

૨૪ કલાકમાં પહેલા પાનાથી ચાલુ

સ્વાસ્થય વિભાગે કોરોનાના ખૂબ સામાન્ય લક્ષણ અથવા પ્રી સિમ્પોમેટિક દર્દીઓ માટે હોમ આઇસોલેશનની ગાઈડલાઈનમાં ફેરફાર કર્યા છે. હોમ આઈસોલેશન વાળા દર્દીઓ શરૂઆતના લક્ષણ દેખાયાના ૧૭ દિવસ પછી આઈસોલેશન ખતમ કરી શકે છે. પ્રી-સિમ્પટોમેટિક કેસમાં સેમ્પલિંગના દિવસથી ૧૭ દિવસ ગણવામાં આવશે. બંને કેસમાં એવી શરત રાખવામાં આવશે કે ૧૦ દિવસથી તાવ ન આવ્યો હોય. સ્વાસ્થય મંત્રાલયે હોમ આઈસોલેશન વાળા દર્દીઓ અને તેમની સારવાર કરતાં લોકો માટે પણ નિર્દેશ જાહેર કર્યા છે. બંનએ ત્રિપલ લેયર માસ્ક પહેરવું જરૂરી છે.

મહારાષ્ટ્ર આરોગ્ય મંત્રાલય વિભાગના જણાવ્યાં અનુસાર, રાજ્યમાં કોરોના સંક્રમણના ૧૨૭૮ કેસ આવ્યા બાદ કુલ કેસોની સંખ્યા ૨૨,૧૭૧ થઈ ગઈ છે જ્યારે મૃતકોનો આંકડો વધીને ૮૩૨ થઈ ગયો છે. રાજ્યમાં કોરોનાના સૌથી વધુ ૧૩૭૩૯ કેસ મુંબઈ અને ૨૩૭૭ પૂણે મહાનગર પાલિકામાં સામે આવ્યા છે ગુજરાત સરકારના જણાવ્યા અનુસાર રાજ્યમાં કોરોના વાયરસ સંક્રમણના કુલ કેસ વધીને ૮૧૯૪ થઈ ગયા છે જ્યારે અત્યાર સુધી ૪૯૩ કોરોના દર્દીનો મોત થયા છે. રાજ્યમાં સૌથી વધુ ૫૮૧૮ કેસ અમદાવાદ, ૯૯૫ સુરત, ૫૧૮ વડોદરા, ૧૨૯ ગાંધીનગર, ૯૪ ભાવનગરથી સામે આવ્યા છે.

તમિલનાડુમાં ૭,૨૦૪, દિલ્હીમાં ૬,૯૨૩, રાજસ્થાનમાં ૩,૮૧૪, મધ્ય પ્રદેશમાં ૩,૬૧૪ અને ઉત્તર પ્રદેશમાં ૩,૪૬૭ કેસો નોંધાયા છે. હિમાચલ પ્રદેશમાં ૫૦ અને લદ્દાખમાં અત્યાર સુધી ૪૨ કેસ સામે આવ્યા છે.અંદામાન અને નિકોબાર દ્વીપસમૂહમાં કોવિડ-૧૯ના ૩૩ કેસ છે.મેઘાલયમાં સંક્રમણના ૧૩, પોંડીચેરીમાં ૯, જ્યારે ગોવામાં ૭ કેસ છે.મણિપુરમાં કોવિડ-૧૯ના ૨, જ્યારે મિઝોરમ, અરૂણાચલ પ્રદેશ અને દાદરા એન્ડ નગર હવેલીથી ૧-૧ કેસ સામે આવ્યા છે.

કોરોના સંકટ પહેલા પાનાથી ચાલુ

બિલાસપુર, રાંચી, ભુવનેશ્વર, સિકંદરાબાદ, બેંગલુરૂ, ચેન્નઈ, તિરુવનંતપુરમ, મડગાંવ, મુંબઈ સેન્ટ્રલ, અમદાવાદ અને જમ્મૂ-તાવી જશે. શ્રમિક ટ્રેનોથી અલગ આ ટ્રેનોના ડબ્બાઓમાં તમામ ૭૨ સીટો પર બુકિંગ થશે અને તેમના ભાડામાં કોઈપણ પ્રકારની છૂટની શક્યતા નથી. શ્રમિક સ્પેશિયલ ટ્રેનોમાં એક ડબ્બામાં ૫૪ યાત્રીઓને યાત્રા કરવાની મંજૂરી છે.

કોરોના વાયરસના સંક્રમણને ફેલાતુ રોકવા માટે આ ટ્રેનોમાં યાત્રા કરનારા લોકોને બ્લેકેટ, ચાદર અને નેપકીન સહિતની કોઈપણ વસ્તુઓ આપવામાં નહી આવે.

વડાપ્રધાન મોદીએ પહેલા પાનાથી ચાલુ

વડાપ્રધાન મોદીએ સૌ પહેલા ૨૫ માર્ચે લોકડાઉનની જાહેરાત કરી હતી. પહેલું લોકડાઉન ૨૧ દિવસનું આપવામાં આવ્યું હતું. તે ૧૪ એપ્રિલે પુરૂ થવાનું હતું. પરંતુ ત્યારપછી લોકડાઉન ૧૯ દિવસનું વધારી દેવામાં આવ્યું. ૩ મેના રોજ ખતમ થતાં લોકડાઉનને ફરી ૧૪ દિવસ માટે વધારી દેવામાં આવ્યું. જે હવે ૧૭ મેના રોજ ખતમ થવાનું છે.

સોમવારે મોદી ૫૧ દિવસમાં પાંચમી વખત વિડીયો કોન્ફરન્સ યોજી હતી. આ પહેલાં તેમની મુખ્યમંત્રીઓ સાથે ચાર વખત વીડિયો કોન્ફરન્સ થઈ ચૂકી છે. તેમણે ૨૦ માર્ચ, ૨,૧૧ અને ૨૭ એપ્રિલે પણ વીડિયો કોન્ફરન્સથી મુખ્યમંત્રીઓ સાથે ચર્ચા કરી હતી.

કોરોના મહામારી પહેલા પાનાથી ચાલુ

તો તેને બચાવ કાર્ય કહી શકાય નહીં. અમે વ્યાપારી કામગીરી શરૂ કરી રહ્યા છીએ, અને દરેક તેમાં મુસાફરી કરી શકશે."

ગ્રીન ઝોન વચ્ચે ફ્લાઈટ ઓપરેટિંગ વિશે બોલતા મંત્રીએ વધુમાં ઉમેર્યું કે, "આ અંગે અમારે અંતિમ નિર્ણય લેવો પડશે. જો તમે ભારતના નકશા પર નજર કરો તો ગ્રીન ઝોન વચ્ચે સંચાલન કરવું સહેલું છે. પરંતુ જો તમે બધા મહાનગરો પર નજર નાખો તો તેઓ રેડ ઝોનમાં છે. અમે તેમને સંપૂર્ણ પણ છોડી શકતા નથી. આ અંગે આગામી થોડા દિવસોમાં નિર્ણય લેવામાં આવશે. " વિદેશમાં ફસાયેલા ભારતીયોને પરત લાવવા સરકારે પહેલેથી જ ફ્લાઈટ કામગીરી શરૂ કરી દીધી છે. ૨૦૦ થી વધુ ભારતીયો આજે બાદમાં શારજાહથી પાછા ભારત પ્રવાસ કરશે.

હવે એપીએમસીની ઈજારાશાહીનો આવશે અંત

હવે કોઈ પણ જગ્યાએ પોતાની ખેત પેદાશો વેચી શકશે ખેડૂતો

અત્યાર સુધીમાં ૨ લાખ ૫૬ હજાર પરપ્રાંતીય શ્રમિકોને મોકલવામાં આવ્યા, આજે વધુ ૩૦ ટ્રેન રવાના થશે

ગાંધીનગર

કોરોનાકાળમાં રાજ્યના ખેડૂતો માટે મોટા સમાચાર આવ્યાં છે. રાજ્ય સરકાર એક વટહુકમ લાવી છે જે મુજબ હવે ખેડૂતો ક્યાંય પણ પોતાની ખેતપેદાશો વેચી શકશે. જિલ્લા બહારની એપીએમસી કે ખાનગી બજારમાં તેઓ જણસ વેચી શકશે. વેપારીઓ પણ સીધી ખરીદી કરી શકશે. અત્રે જણાવવાનું કે આ અંગે ખેડૂત આગેવાનો દ્વારા અનેકવાર સરકારને રજૂઆત કરવામાં આવી હતી. ભારતીય કિસાન સંઘે પણ આ મામલે રજૂઆત કરી હતી. લોકડાઉન દરમિયાન સરકારનો આ નિર્ણય રાહતના સમાચાર એટલા માટે છે કારણ કે તમામ એપીએમસી બંધ છે અને ખેડૂતોને જો પોતાની જણસ વેચવી હોય કે ખેતપેદાશ વેચવી હોય તો તેમની પાસે કોઈ વિકલ્પ નથી ત્યારે તેવા સંજોગોમાં સરકારનો આ નિર્ણય ખેડૂતો માટે મોટી રાહત સમાન છે.

સરકારના આ નિર્ણયથી ખેડૂતોને રાહત મળશે. એપીએમસી બંધ હોવાથી ખેડૂતોને સીધો લાભ મળશે. ખેડૂતોના આગેવાન સાગરભાઈ રબારીએ આ અંગે જણાવ્યું કે "પહેલી નજરે આ સારો નિર્ણય છે. ૧૧મી ફેબ્રુઆરીએ રાજ્ય સરકારને પત્ર લખીને એપીએમસી એક્ટમાં સુધારા સૂચવ્યા હતાં. જૂના એક્ટમાં જોગવાઈ હતી કે જેની પાસે એપીએમસીનું લાઈસન્સ નથી તેવા વેપારીને ખેડૂત માલ વેચી શકે નહીં અને જો કોઈ વેપારી આવી રીતે ખરીદે તો ગુનો બનતો હતો. ખેડૂતો માટે આ સૌથી મોટી મર્યાદા હતી કે લાઈસન્સ વગરનો કોઈ વેપારી તેમનો માલ ખરીદી શકતો નહતો. આ સુધારો થવાથી, મે જે માગણી કરી હતી કે પ્રોસેસરો, એક્સપોર્ટરો અને બીજા હોલસેલરો પણ ખેડૂતો પાસેથી સીધી ખરીદી કરી શકે તે પ્રમાણેનો ફેરફાર થવો જોઈએ તે વાત આમા સ્વીકારવામાં આવી છે.

આથી ખેડૂતો માટે હવે તેમના બજારમાં વ્યાપ વધ્યો છે. તેમણે કહ્યું કે આના કારણે થોડી હરિફાઈ વધશે તો ખેડૂતોને જે અત્યારે ભાવ મળે છે, જે કન્ટ્રોલ માર્કેટ છે ૧૦- ૨૦ લાઈસન્સધારકો જ માલ ખરીદી શકતા હતાં એટલે એક પ્રકારે તેમની મોનોપોલી રહેતી હતી, આ મોનોપોલી થોડે અંશે હળવી થશે અને ખરીદી માટેની હરિફાઈ વધવાથી ખેડૂતોને સારા ભાવ મળે તેવી પૂરેપૂરી સંભાવના આમાં દેખાય છે.

મૃતક મહિલાના પતિએ શાહીબાગ પોલીસમાં નોંધાવી ફરિયાદ

અમદાવાદ કોવિડ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મૃત્યુ પામેલી મહિલાના દાગીના ગાયબ

અમદાવાદ

શહેરના અમરાઈવાડીમાં શુરા ભગતની ચાલીમાં રહેતા ૫૪ વર્ષના આધેડ મહિલાનું કોરોનાની સારવાર દરમિયાન આજે કોવિડ હોસ્પિટલ સિવિલમાં મૃત્યુ નિપજ્યું. તે મૃતદેહ જ્યારે તેમના પતિને બતાવવામાં આવ્યો તો તેમના શરીરના અંગો પરથી સોનાના ઘરેણા ગાયબ હતા.

મળતી માહિતી મુજબ અમરાઈવાડીના ૫૪ વર્ષની મહિલાનું કોરોનાની સારવાર દરમિયાન આજે કોવિડ હોસ્પિટલ સિવિલમાં મૃત્યુ નિપજ્યું અને મૃતદેહ જ્યારે પતિએ જોયો તો શરીર પરથી સોનાના દાગીના ગાયબ થયેલા જોવા મળ્યાં. કાનની સોનાની બુટ્ટીઓ, નાકની સોનાની ચૂની અને મોબાઈલ ચાર્જર સુદ્ધા ગાયબ હતાં. આ અંગેની ફરિયાદ મૃતક મહિલાના પતિએ શાહીબાગ પોલીસમાં નોંધાવી છે.

ધોળકામાં કેડીલા કંપનીનાં વધુ બે કર્મચારી પોઝીટીવ, કુલ આંક ૫૩ થયો

ધોળકા

ધોળકાના ત્રાસદ ગામે આવેલી કેડિલા ફાર્મા કંપનીના કર્મચારીઓનો કોરોના પોઝિટિવ આવવાનો સીલસીલો યથાવત છે. કંપનીના વધુ બે કર્મચારીને કોરોના પોઝિટિવ આવ્યો છે. ધોળકાના કલીકુંડમાં આવેલી સીતાબા કોલોનીમાં રહેતા અને ત્રાસદ ગામના એક કર્મચારીને કોરોના પોઝિટિવ આવ્યો છે. કેડિલા કંપનીના અત્યાર સુધીમાં કુલ ૫૩ કર્મચારીઓ કોરોનાથી સંક્રમિત થયા છે. ધોળકામાં આવેલા કેડિલા યુનિટનો પ્લાન્ટ ત્રાસદમાં આવેલો છે. આ પહેલા ૫૧ કર્મચારીઓને કોરોના થયો હોવાનું સામે આવ્યું હતું. અમદાવાદ ગ્રામ્યમાં સૌથી વધારે કેસ ધોળકા અને દસકોઈમાં નોધાયા છે. આ અંગે કલેકટર કચેરી ખાતે મીટીંગ યોજાઇ છે. જેમાં નિર્ણય કરાયો કે ઈન્ડસ્ટ્રી અને કંપનીમાં કામ કરતા કર્મચારીઓ હેલ્થની જવાબદારી જે તે કંપનીની રહેશે સાથે જ સુપર સ્પ્રેડરનું સ્કીનીંગ કરવામાં આવશે.

વડોદરાની ગોત્રી હોસ્પિટલમાં ૧૪ માસની બાળકી અને ૮ માસના બાળકે કોરોનાને હરાવ્યો

વડોદરા

વડોદરામાં ગોત્રી કોવિડ હોસ્પિટલમાં સારવાર લઇ રહેલા બે પોઝિટિવ બાળકો આજે ચેપ મુક્ત થતાં તેમને રજા આપવામા આવી હતી. બે બાળકો પૈકી ૧૪ માસની બાળકી વડોદરાના નાગરવાડાની છે જ્યારે ૮ માસનો બાળક હાલોલનું છે. બન્ને બાળકોને આજે તેની માતાઓને સોંપવામાં આવતા લાગણીસભર દ્રશ્યો સર્જાયા હતા. ગોત્રી હોસ્પિટલે આપેલી મધર્સ ડે ગિફ્ટથી બન્ને માતાઓના આંખમાં હરખના આંસુ આવી ગયા હતા.

ગોત્રી હોસ્પિટલમાં અત્યાર સુધીમાં કોરોના પોઝિટિવ ૮ બાળકો દાખલ થયા જેમાંથી ૬ સાજા થયા, એક સારવાર હેઠળ છે અને એકનું મોત થયું. આજે કોરોના મુક્ત જાહેર કરાયેલા બે બાળકોમાં ૮ માસનો ચબરાક મહંમદ હુસેન હાલોલના લીમડી ફળિયાનો છે જ્યારે ૧૭ માસની શીયા મિનેશ રાણા નાગરવાડાની છે આશ્ચર્ય વચ્ચે બન્ને બાળકોની માતાને કોરોનાનો ચેપ લાગ્યો ન હતો પરંતુ પરિવારના અન્ય સભ્યોને ચેપ લાગ્યો હોવાથી તેમના થકી બાળકોને પણ ચેપ લાગ્યો હતો.

બન્ને બાળકોને ગોત્રી હોસ્પિટલમા બાળ રોગ વિભાગમા ભરતી કરવામાં આવ્યા હતા અને ૧૪ દિવસ સુધી માતાથી અળગા રહેલા આ બન્ને બાળકોની સંભાળ ગોત્રી હોસ્પિટલના સ્ટાફે જ કરી હતી. બાળરોગ વિભાગના ડો.ગૌતમ શાહે કહ્યું હતું કે અત્યાર સુધીમાં કોરોનાની અસર પામેલા ૮ બાળકોને અહી ગોત્રી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા જેપૈકી ૬ ને સાજા કરવામાં સફળતા મળી છે.હાલમાં એક સારવાર હેઠળ છે અને એક બાળકનું મરણ થયું છે.

ગોંડલમાં નકલી મંજૂરી સાથે ૫૪ શ્રમિકોને જતા બે વ્યક્તિ વિરુદ્ધ કાર્યવાહી

રાજકોટ

કોરોનાના કહેર અને લૉકડાઉનના કારણે પરપ્રાંતિય મજૂરોની હાલત કફોડી થવા પામી છે. ત્યારે કેટલાક લેભાગુ તત્વો દ્વારા ૫૪ જેટલા શ્રમિકો પાસેથી પોણા લાખથી પણ વધુની રકમનું ભાડુ ઉઘરાવી નકલી પરમીટ સાથે મહારાષ્ટ્ર મોકલવાનું કૌભાંડ બહાર આવ્યું છે. તાલુકા પોલીસે રીબડા પાસે બસ પકડી પાડી બે શખ્સો વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરી છે. પ્રાપ્ત વિગતો મુજબ ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશન પીએસઆઇ અજયસિંહ જાડેજા દ્વારા પૂર્વ બાતમીના આધારે ગોંડલ રાજકોટ નેશનલ હાઈવે રીબડા ચોકડી પાસે વોચ ગોઠવવામાં આવી હતી. દરમ્યાન ડુપ્લીકેટ પરમીટ સાથે મોટા મહીકાથી નીકળેલ જીજ૧૧ફફ૩૪૩૪ નંબર બસને અટકાવી તપાસ કરતા ડુપ્લિકેટ પરમીટનું કૌભાંડ બહાર આવ્યું હતું. પોલીસે આશિષ નાનજીભાઈ વિરડીયા રહે .સુરત તેમજ તેના પિતા નાનજીભાઈ બેચરભાઈ વિરડીયા રહે. મોટા મહિકા વિરુદ્ધ આપીસી કલમ ૪૬૫, ૪૬૮, ૪૭૧, ૨૬૯, ૧૮૮ તેમજ ૧૧૪ મુજબ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. જે રીતે છેલ્લા થોડા સમયથી પરપ્રાંતીય લોકો વતન જવાની માંગ કરી રહ્યા હતા અને અમુક જગ્યાઓ પર પરપ્રાંતીયઓ દ્વારા હંગામો પણ કરવામાં આવ્યો હતો.

કોરોનાના ગાંધીનગરમાં ૮,જામનગરમાં ૨ તથા આણંદ,ભાવનગર અને કડીમાં ૧-૧ કેસ નોંધાયા

ગાંધીનગર

ગુજરાતમાં કોરોના મહામારી વચ્ચે દરરોજ અનેક કેસો વધી રહ્યા છે. સરકારના અર્થાગ પ્રયત્નો કરવા છતાં દિનપ્રતિદિન કેસોની સંખ્યા વધી રહી છે. મહેસાણાના વિસનગરમાં આજથી બજારો ખુલી ગયો છે, પરંતુ તેમ છતાં આજે મહેસાણામાં કેસ વધી રહ્યા છે. બીજી બાજુ રાજ્યમાં પરપ્રાંતિય શ્રમિકો પર રાજનીતિ પુરી થયા બાદ હવે ડુંગરી પર રાજનીતિ શરૂ થઈ છે. રાજકોટમાં વોર્ડ નં. ૧૨ના કોંગ્રેસના કોર્પોરેટર જરૂરિયાતમંદ લોકોને ડુંગળીનું વિતરણ કરી રહ્યા હતા. પરંતુ પોલીસે આવી તે બંધ કરાવી અટકાયત કરી હતી. એક પરિવારને ૭ કિલો ડુંગળી આપવામાં આવતી હતી. પરંતુ ગણ્યા ગાંઠ્યા લોકો જ આવતા હતા અને સોશિયલ ડિસ્ટન્સ અભાવ જોવા મળતા પોલીસે તેની અટકાયત કરી છે.

કડીમાં કોરોનાનો વધુ એક કેસ

મહેસાણા જિલ્લાના કડીમાં કોરોનાનો વધુ એક કેસ નોંધાયો છે. કડીમાં ૫૯ વર્ષીય આધેડનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. હાલ દર્દીની ગાંધીનગર સિવિલમાં સારવાર ચાલી રહી છે. કડીમાં કૌશિકભાઈ દવે નામના વ્યક્તિનો રિપોર્ટ પોઝિટીવ આવ્યો છે. સંક્રમિત વ્યક્તિ કેડીલા ઝાયડ્સ હોસ્પિટલમા એડમિટ હતા. શંકાસ્પદ લાગતા ગાંધીનગર ખાતે તેમને ખસેડાયા હતા. જે રિપોર્ટ આજરોજ પોજેટિવ આવ્યો તે હાલ ગાંધીનગર સિવિલ ખાતે સારવાર હેઠળ ખસેડાયા છે.

જામનગરમાં આજે વધુ ૨ કેસ

જામનગરમાં વધુ બે પોઝિટિવ કેસ આજે નોંધાયા છે. જેમાં પટેલ કોલોનીમાં રહેતા ૬૩ વર્ષીય પૂરૂષ અને રણજીત સાગર રોડ પર મારવાડીવાસમાં રહેતા ૩૬ વર્ષના યુવાનને કોરોના પોઝિટિવ રિપોર્ટ આવ્યો છે. આ સાથે જામનગરમાં કુલ ૨૮ કેસ પોઝિટિવ નોંધાયા છે.

ભાવનગરના પાલિતાણામાં ૧ કેસ

ભાવનગરના પાલિતાણામાં વધુ એક કેસ પોંઝિટિવ નોંધાયો છે. પોઝિટિવ કેસના સંપર્કમાં આવેલા વિલાસબેન કિશોરભાઈ સોરઠીયા (ઉ.વ.૪૯)ને સમરસ છાત્રાલયમાં ક્વોરન્ટીન કરાયા હતા. જેનો રિપોર્ટ પોઝિટિવ આવતા આઈસોલેશન વોર્ડમાં ખસેડાયા છે. ભાવનગર જિલ્લામાં પોઝિટિવ કેસની સંખ્યા ૯૫ થઈ છે. અગાઉ પાલીતાણામાં પોઝીટીવ કેસ આવેલ તેમના સંબંધી છે તેઓ સમરસ હોસ્ટેલમાં અગાઉથી જ કોરોન્ટાઈન હતા.

ગાંધીનગરમાં કોરોનાના વધુ ૮ કેસ

ગાંધીનગરમાં કોરોના વાયરસે કાળો કહેર વરસાવ્યો છે. ગાંધીનગરમાં સેક્ટર ૨૪ અને સેક્ટર ૭માં કોરોનાના કેસ નોંધાતા હડકંપ મચી જવા પામ્યો છે. એવું જાણવા મળી રહ્યું છે કે કોરોનાના દર્દીના સંપર્કમાં આવતા સંક્રમણ થઈને ૮ કેસ સામે આવ્યા છે. મોટાભાગના લોકો પોઝીટીવ વ્યક્તિના સંપર્કમાં આવ્યા હોવાથી કેસ વધ્યા છે.

આણંદના ખંભાતમાં વધુ ૧ પોઝિટિવ કેસ

આણંદના ખંભાતમાં આજે વધુ ૧ પોઝિટિવ કેસ નોંધાયો છે. ખંભાતના ચિતારી બજારમાં ૬૦ વર્ષના વૃદ્ધને કોરોના પોઝિટીવ કેસ નોંધાતા અરેરાટી વ્યાપી ગઈ છે. ખંભાતમાં હવે નવા વિસ્તારમાં કોરોનાની એન્ટ્રી થઈ ચૂકી છે. આજે પણ નવો વિસ્તારમાં પોઝીટીવ કેસ આવતા તંત્ર માટે ચિંતાનો વિષય બન્યો છે.

એક વર્ષ સુધી રહેશે અમલ

કોરોના સંકટમાં ગુજરાતમાં મંત્રીઓ, ધારાસભ્યોના પગારમાં ૩૦% ધરખમ ઘટાડો

ગુજરાતના ધારાસભ્યો, મંત્રીઓ, વિધાનસભા અધ્યક્ષ અને વિરોધપક્ષના નેતાને થશે અસર

ગાંધીનગર

કોરોનાના કહેરને કારણે ગુજરાત સહિત સમગ્ર દેશમાં આગામી ૧૭મી મે સુધી લોકડાઉન જાહેર કરી દેવામાં આવ્યું છે. ગુજરાતમાં લોકડાઉનને કારણે ધંધા-રોજગાર પડી ભાંગ્યા છે, જેને કારણે લોકોને આર્થિક ભીંસ પડી રહી છે. સામાન્ય લોકો જ નહીં, લોકડાઉનને સરકારને પણ આવકમાં મોટો ફટકો પડ્યો છે. ત્યારે ગુજરાત સરકારે ધારાસભ્યો, મંત્રીઓ, વિધાનસભા અધ્યક્ષ અને વિરોધપક્ષના નેતાના પગારમાં ૩૦ ટકાનો કાપ મુકી દીધો છે. આ અંગે ગુજરાત સરકાર દ્વારા વટહુકમ બહાર પાડવામાં આવ્યો છે. ગુજરાત સરકારના વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગ દ્વારા ૮મી એપ્રિલ ૨૦૨૦ના ગુજરાત રાજપત્ર (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૨૦૨૦ના ગુજરાત વટહુકમ ક્રમાંકઃ ૧નો ગુજરાતી અનુવાદ લોકોની જાણ માટે પ્રસિદ્ધ કરાયો છે. ગુજરાત વિધાનસભાના સભ્યો, અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના અને મંત્રીઓ તથા વિરોધપક્ષના નેતાઓના પગાર અને બથ્થાંને લગતા કાયદા વધુ સુધારવા બાબતનો વટહુકમ છે. આ વટહુકમમાં જણાવાયું છે કે,

ગુજરાત રાજ્યની વિધાનસભાનું સત્ર ચાલુ નથી અને ગુજરાતના રાજ્યપાલને એવી ખાતરી થઈ છે કે ગુજરાત વિધાનસભાના સભ્યો, અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના અને મંત્રીઓ તથા વિરોધપક્ષના નેતાના પગાર અને ભથ્થાને લગતા કાયદા સુધારવા માટે તાત્કાલિક પગલું લેવાનું તેમને માટે જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે. તેથી હવે ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૧૩ના ખંડ(૧)થી તેમને મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ આથી આ વટહુકમલ પ્રસિદ્ધ કરે છે. આ વટહુકમનો અમલ પહેલી એપ્રીલ ૨૦૨૦થી શરૂ થઈ ગયો છે. તેમજ આ વટહુકમ આગામી એક વર્ષ સુધી અમલમાં રહેશે. જે પ્રમાણે દરેક સભ્યને મહિના દીઠ ૩૦ ટકા ઓછો મૂળ પગાર ચકવવામાં આવશે.

સમગ્ર વિશ્વ કોવિડ-૧૯ તરીકે ઓળખાતા કોરોનાવાઈરસના પ્રકોપ સામે ઝઝૂમી રહ્યું છે, જેનાથી સમગ્ર વિશ્વમાં હજારો લોકોએ જીવ ગુમાવ્યો છે અને લાખો માણસોને તેનો ચેપ લાગ્યો છે અને ભારત પણ તેમાં અપવાદરૂપ નથી. ગુજરાત રાજ્ય પણ કોવિડ-૧૯ ની કટોકટીભરી પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યું છે અને કોઈપણ વ્યક્તિ ચોક્કસપણે કહી શકે તેમ નથી કે કેટલા લાંબા સમય સુધી તે પરિસ્થિત ચાલુ રહેશે. રાજ્ય સરકાર મહત્તમ પ્રયત્નો કરી રહી છે અને કોરોના વાઈરસનો સામનો કરવા માટે, તમેણે પોતાના તમામ સાધનો પણ કામે લગાડી દીધા છે.

માત આપનાર ગાંધીનગર કોરોનાના સકંજામાં સપડાયું, જવાબદાર કોણ..?

ગાંધીનગરમાં કોરોનાના વધુ ૮ કેસ સામે આવતા તંત્રમાં વધી ચિંતા

૨૨ વ્યક્તિઓને રાંચરડા ખાતે ફેસેલિટી કવોરેન્ટાઇન કરાયા

ગાંધીનગર

રાજ્યમાં કોરોનાનો કહેર યથાવત છે, ત્યારે પાટનગર ગાંધીનગરમાં વધુ કેસો નોંધાતા તંત્રમાં ખળભળાટ મચ્યો હતો. જેમાં ગાંધીનગરમાં કોરોનાના વધુ આઠ કેસ પોઝિટિવ આવતા આરોગ્ય તંત્ર દોડતું થયુ હતું. જ્યારે આઠ કેસ પૈકી ચાર કેસ એક જ પરિવારમાં નોંધાયા છે. ૮ કેસ પૈકી ૬ વ્યક્તિ અગાઉથી જ ફેસિલીટી ક્વોરન્ટિન હેઠળ હતા. ક્વોરન્ટીન સમય દરમિયાન ટેસ્ટ કરાતાં પોઝિટીવ રીપોર્ટ આવ્યો હતો. તો અન્ય ૨ કેસ સાયલેન્ટ કેરિયર તરીકે સામે આવ્યા છે. જાસપુરમાં આવેલા વોટર પ્લાન્ટમાંછ કર્મચારીઓનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. જેથી આરોગ્ય તંત્ર દ્વારા સંપર્કમાં આવેલા ૨૨ વ્યક્તિઓને ફેસેલિટી કવોરન્ટાઇન કરાયા છે. તેમજ જાસપુરમાં હાઉસ ટુ હાઉસ સર્વે પણ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ગઈકાલે પલસાણા અને મટવાકુવા વિસ્તારમાં પણ એક એક કેસ પોઝિટિવ મળી આવ્યા હતા.કલોલના જાસપુર ખાતે આવેલા વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં અંદાજે ૫૩ જેટલા કર્મચારીઓ કામ કરે છે.

જાસપુરના છ કર્મચારીઓનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. આ ઉપરાંત આ પ્લાન્ટમાં નોકરી કરતા અમદાવાદના બે અને ગાંધીનગરના સેક્ટર-૫/સીમાં રહેતા કર્મચારીનો પણ કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. ત્યારે આરોગ્ય તંત્ર દ્વારા જાસપુર ગામના છ કર્મચારીઓના સંપર્કમાં આવેલા પરિવારજનો સહિત કુલ ૨૨ વ્યક્તિઓને રાંચરડા ખાતે ફેસેલિટી કવોરેન્ટાઈન કરવામાં આવ્યા છે અને હાઉસ ટુ હાઉસ સર્વે પણ કરવામાં આવી રહ્યા છે.

કલોલના પૂર્વ વિસ્તારમાં આવેલી ગણેશકુંજ સોસાયટીમાં રહેતા ૬૩ વર્ષિય વૃધ્ધાનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. કલોલમાં સૌ પ્રથમ આ એક કેસ પોઝિટિવ નોંધાયો હતો. ત્યારે સારવાર બાદ વૃધ્ધા અને તેમના પરિવારનો કોરોના ટેસ્ટ કરવામાં આવતા તમામના રિપોર્ટ નેગેટિવ આવ્યા છે. જેથી તેમને ઘરે પરત મોકલવામાં આવ્યા છે.

સોલા સિવિલમાં એઆરટી સેન્ટરમાં ફરજ બજાવતી નર્સ સહિત ત્રણ લોકો કોરોનાગ્રસ્ત

સોલા

સોલા સિવિલ હોસ્પિટલમાં આવેલા એઆરટી સેન્ટરમાં ફરજ બજાવતી ૨૭ વર્ષની નર્સ સહિત ત્રણ કર્મચારીઓના કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે. એઆરટીમાં ફરજ બજાવતી નર્સનો રિપોર્ટ બે દિવસ પહેલાં અને એક નર્સ અને બ્રધરનો રિપોર્ટ આજે પોઝિટિવ આવ્યો છે. જ્યારે કેન્સર હોસ્પિટલમાં વધુ એક કર્મચારીનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. આ સાથે જ કેન્સર હોસ્પિટલમાં પોઝિટિવ કર્મચારીઓનો આંક ૬૪ પર પહોંચી ગયો છે. નોંધનીય છે કે, રોજ એઆરટી સેન્ટરમાં ૨૫ જેટલા એઇડ્ઝગ્રસ્ત દર્દીઓ સારવાર માટે આવે છે ત્યારે તેમને પણ ચેપ લાગ્યો હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

સોલા સિવિલ હોસ્પિટલના એઆરટી સેન્ટરમાં ફરજ બજાવતી નર્સને થોડા દિવસો પહેલાં શરદી-ખાંસી અને તાવની તકલીફ શરૂ થઈ હતી. જેથી તેનો કોરોના રિપોર્ટ કરવામાં આવ્યો હતો. જે રિપોર્ટ પોઝિટિવ આવતા તેને તાત્કાલીક ત્યાં જ સારવાર માટે દાખલ કરવામાં આવી હતી. એઆરટીમાં ૮ કાઉન્સિલર, સ્ટાફ પણ કામ કરે છે અને દરરોજ એઇડ્સના ૨૫ જેટલા દર્દીઓ આવન-જાવન કરે છે. છતાં તંત્ર દ્વારા તે દર્દીઓની તપાસ કરવામાં આવી ન હતી. ઉપરાંત નર્સના સંપર્કમાં આવેલ અન્ય સ્ટાફે કોરોનાનો રિપોર્ટ કરવા રજૂઆત કરતા તંત્રએ હાલ સાવધાની રાખો અને જો લક્ષણ દેખાશે તો તેમનો રિપોર્ટ કરવામાં આવશે તેવી હૈયાધારણ આપી હતી. જો કે, ત્યારબાદ આજે નર્સ અને બ્રધરનો રિપોર્ટ પોઝિટિવ આવતા અન્ય સ્ટાફના લોકોમાં ડર વ્યાપી ગયો છે.

મહેસાણા જિલ્લાના વિસનગરમાં તમામ બજારો શરતો સાથે ખુલ્યા

અમદાવાદ

કોરોના વૈશ્વિક બિમારી વચ્ચે ગુજરાત સહિત આખા દેશમાં લોકડાઉન ચાલી રહ્યું છે. લોકડાઉન ૩.૦ હવે ધીરેધીરે પૂર્ણતાના આરે છે. તો બીજી બાજુ રાજ્યમાં રેડ ઝોનમાં લોકડાઉન હજુ વધવાના એંધાણ દેખાઈ રહ્યા છે, ત્યારે મહેસાણાના વિસનગરમાં એક મોટા સમાચાર મળી રહ્યા છે. મહેસાણા જિલ્લાના વિસનગરમાં આજથી ચાની કીટલી, ગલ્લા હોટલ, મોલ સિવાય તમામ બજારો ખુલ્યા. વિસનગરમાં આજથી સવારથી ૭થી ૧ બજારો ખોલવાની મંજૂરી આપી દેવામાં આવી છે. હા પરંતુ કેટલીક શરતોને આધીન બજારો ખોલવાની પરમિશન પ્રાંત અધિકારીએ આપી છે. વિસનગરમાં જીઆઈડીસી સવારે ૯થી ૫ સુધી ચાલુ રહ્યા હતા. ઉદ્યોગોમાં કામ કરનાર લોકોએ ફરજિયાત માસ્ક, સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરવું પડશે. અત્રે નોંધનીય છે કે, વિસનગર તાલુકા સેવાસદનમાં રવિવારે પ્રાંત અધિકારી સી.સી. પટેલની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં ધારાસભ્ય ઋષિકેશ પટેલ, ડીવાયએસપી એમ.બી. વ્યાસ, મામલતદાર બી.જે. પરમાર, ચીફ ઓફિસર અશ્વિન પાઠક, તાલુકા અને શહેર પીઆઈ હાજર રહ્યા હતા. બેઠકમાં કોપરસીટી મર્ચન્ટ એસોસીએસને કરેલી રજૂઆત અંગે ચર્ચા કરાઇ હતી. જેમા ચર્ચા વિચારણાના અંતે વહીવટી તંત્ર દ્વારા સવારે ૭ થી ૧ વાગ્યા સુધી ચાની હોટલ, રેસ્ટોરન્ટ, મોલ અને પાનના ગલ્લા સિવાય તમામ બજારો તેમજ જીઆઈડીસીમાં આવેલી ફેક્ટરી અને ઉદ્યોગો ખોલવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ચીફ ઓફિસર અશ્વિન પાઠકે જણાવ્યું કે, સરકાર દ્વારા પ્રતિબંધિત ન હોય તેવા તમામ ધંધા-ઉદ્યોગ અને વ્યવસાયને બપોરે એક વાગ્યા સુધી ખુલ્લી રાખવાનો નિર્ણય કરાયો છે.

સુરતમાં નવા ૨૨ કેસ આવતા પોઝિટિવનો આંકડો ૯૫૫ પર પહોંચ્યો, ૨૪ કલાકમાં એક પણ મૃત્યુ નહી

સુરત જિલ્લામાં મૃત્યુઆંક ૩૯ પર પહોંચ્યો : સુરત જિલ્લામાં રિકવરી આંક ૫૩૦ થયો

સુરત

મહાનગરપાલિકાના જણાવ્યા અનુસાર, ૨૨ નવા પોઝિટિવ કેસ આવ્યાં છે. જ્યારે જિલ્લામાં એક પણ પોઝિટિવ કેસ આજે આવ્યો નથી. જેથી શહેર અને જિલ્લાના મળીને કુલ ૯૫૫ પોઝિટિવ કેસનો આંકડો પહોંચ્યો છે. આજે શહેર ભરમાં એક પણ મોત ન થતાં મૃત્યુ આંક છેલ્લા બે દિવસથી ૩૯ પર સ્થિર રહ્યો છે. આજે ૨૨ પોઝિટિવ આવ્યા તેની સામે શહેરમાંથી ૨૨ દર્દીઓને ડિસ્ચાર્જ પણ કરવામાં આવ્યાં છે. હાલ સારવાર હેઠળ ૩૬૪ દર્દીઓ છે. જેમાંથી તે પૈકી ૨૫ દર્દીઓની હાલત ગંભીર છે. જેમાં ૨- વેન્ટિલેટર, ૮- બીપેપ અને ૧૪ દર્દી ઓક્સિજન પર હોવાથી ડોક્ટરો ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

કોરોનાની સામે જંગ લડી રહેલી સિવિલ હોસ્પિટલની તબીબ અને સ્ટાફ નર્સ સહિત શહેરના ૬૧ અને જિલ્લામાં ૧ દર્દી મળી કુલ ૬૨ દર્દીઓને રવિવારે રજા આપવામાં આવી છે. જેમાં સિવિલ હોસ્પિટલના તબીબ ડો. ખુશાલી જે શ્રોફ(૨૫) નો ગઈ તા.૨૩મી એપ્રિલે રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જેથી તેમને દાખલ કરાયા હતા. રવિવારે તેઓ સાજા થતા તેમને રજા આપી દેવામાં આવી છે. તેવી જ રીતે સિવિલમાં ફિઝિયોથેરાપી કોલેજમાં રહેતા અને સિવિલમાં સ્ટાફ નર્સ તરીકે ફરજ બજાવતા કાંતાબેન ભરતભાઈ ચૌહાણ(૫૮)નો પણ ગઈ તા.૨૭ એપ્રિલે રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જેથી તેમને પણ દાખલ કરાયા હતા. રવિવારે તેઓ પણ સાજા થતા તેમને પણ રજા આપી દેવામાં આવી છે. આ સાથે અત્યાર સુધીમાં કુલ ૫૩૦ દર્દીઓ સાજા થતા તેમને રજા આપી દેવામાં આવી છે.

દહેગામ સહિત તાલુકામાં સંપૂર્ણ લોકડાઉન, માત્ર સવાર-સાંજ ખુલશે દૂધના પાર્લર

ગાંધીનગર

ગાંધીનગર કલેકટર દ્વારા ગાંધીનગર અને કલોલ શહેરને કોરોના વાઇરસના સંક્રમણથી બચાવવા ૧૭ મે સુધી બંધ રાખવાનો આદેશ કરવામાં આવ્યો છે. દહેગામ શહેરમાંથી અમદાવાદ અને ગાંધીનગર જવાવાળા લોકોની સંખ્યા વધારે છે. ત્યારે હાલમાં ગાંધીનગર અને અમદાવાદમાં મોટા પ્રમાણમાં કોરોના વાઇરસના કેસ વધી રહ્યા છે. અગમચેતીના ભાગરૂપે દહેગામ નગરપાલિકા દ્વારા પાલિકા વિસ્તારને ૧૭ મે સુધી સંપૂર્ણ લોકડાઉન રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે. દહેગામ શહેરમાં હાલ કોઈ એક્ટિવ કેસ નથી. પરંતુ વર્તમાન સમયને જોતા એવી શંકા છે કે, દહેગામ શહેરમાંથી અવરજવર કરતાં લોકોના કારણે કોરોના વાઇરસ પ્રવેશી શકે છે.

બીજી તરફ ગઈકાલે રવિવાર હોવાના કારણે મોટાભાગની દુકાનો બંધ હતી, જ્યારે પરિપત્ર પણ ગઈકાલે જ કરાયો હતો. સોમવારે દુકાનો શરૂ થતાની સાથે જ દહેગામવાસીઓએ એક અઠવાડિયાની ખરીદી કરવા દોટ મૂકી હતી, તેને લઈને ક્યાંક સોશિયલ ડિસ્ટન્સિંગનો પણ ભંગ થતો હોય તેવું જોવા મળ્યું હતું. શહેર ઉપરાંત દહેગામ તાલુકા વિકાસ અધિકારી દ્વારા ગ્રામ્ય વિસ્તારને પણ ૧૭ મે સુધી સંપૂર્ણ બંધ રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે. રખિયાલ ગ્રામ પંચાયત દ્વારા પણ રખિયાલ ગામની બજારોને બંધ રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે.

૨૦ મેં ના રોજ ટ્રસ્ટી મંડળની મિટિંગ યોજાશે

અમદાવાદમાં કોરોનાની સ્થિતિ જોતા રથયાત્રાની પરવાનગી મળે તેવી સંભાવના નહીવત

અમદાવાદ

દેશભરમાં કોરોનાનો સંકજો યથાવત છે, ત્યારે ગુજરાતમાં સંક્રમણની દ્રષ્ટીએ બીજા નંબર પર છે ત્યારે અમદાવાદ શહેરમાં ચેપગ્રસ્ત આંકડો ધીમે ધીમે વધી રહ્યો છે. ત્યારે જુન મહિનામાં ભગવાન જગન્નાથજી ની રથયાત્રા દર વર્ષે યોજાય છે. પરંતુ રાજ્યના સુપર રેડ ઝોન ગણાતા અમદાવાદમાં ૨૩મી જૂને સરકાર રથયાત્રા કાઢવાની મંજૂરી ન આપે તેવી સંભાવના છે. રાજ્યના સીએમ વિજય રૂપાણીના સચિવ અશ્વિનિ કુમારને આ અંગે સવાલ કરવામાં આવતા તેમણે જણાવ્યુ હતુ કે, અમદાવાદમાં કોરોનાની સ્થિતિ જોતા રથયાત્રાની પરવાનગી મળે તેવી સંભાવના ઓછી છે. તો બીજી તરફ જગન્નાથ મંદિરના ટ્રસ્ટી મંડળના સભ્ય મહેનદ્રભાઈનું કહેવુ છે કે, ઓછા લોકો સાથે રથયાત્રા નિકળશે .તેમણે



લોકો ટીવી ચેનલથી ભગવાન જગન્નાથની રથયાત્રાના દર્શન કરે તેવી અપીલ કરી હતી. વૈશ્વિક મહામારી કોરોના વાયરસને પગલે જગન્નાથ ભગવાનની રથયાત્રાને લઈને સૌથી મોટા સમાચાર આવ્યા છે. જગન્નાથ મંદિરના ટ્રસ્ટી મહેન્દ્ર જા એ જીએસટીવી ન્યુઝ સાથે એક્સક્લ્યુઝીવ વાતચીત કરી છે. રથયાત્રા તો નીકળશે જ પરંતુ રથમાં માત્ર મંદિર ના મહારાજ અને પુજારીઓ જ હાજર રહેશે. નગરજનોને ટીવી ચેનલોના માધ્યમથી રથ યાત્રા નિહાળવા માટેની માનસિક તૈયારીઓ રાખવા કહ્યું. અમદાવાદમાં સતત કોરોનાના કેસ વધી રહ્યા છે. એવામાં જમલાપુર હવે કોરોનાનું સુપર હોટસ્પોટ બન્યુ છે. આવી સ્થિતમાં રથયાત્રાને મંજૂરી આપવામાં એવી શક્યતાઓ નહીવત છે. રથયાત્રામાં ૧૦ લાખ લોકો એકત્ર થાય છે. જેથી કોરોનાને ચેપ ન ફેલાય તે માટે કેટલાક મહત્વના નિર્ણય સરકાર લઈ શકે છે.

નડિયાદ-એક્સપ્રેસ હાઈવે પર ટ્રેલર પાછળ કાર ઘૂસી જતાં બે વ્યકિતનાં મોત

નડીયાદ

નડિયાદ — અમદાવાદ એક્સપ્રેસ હાઈવે ઉપર આવેલ વાંઠવાળી ગામની સીમમાં એક મારૂતી સીફ્ટ ગાડીના ચાલકે પોતાની ગાડી પુર ઝડપે અને બેફીકરાઈથી હંકારી આગળ જતા ટ્રેલરના પાછળના ભાગે ધડાકા ભેર અથડાવી હતી. જેથી ગાડીના ચાલકને શરીરે ગંભીર ઈજા પહોંચતા તેનું ઘટના સ્થળે મૃત્યુ નીપજયું હતું. જ્યારે ગાડીમાં બેઠેલ અન્ય ત્રણ વ્યક્તિઓને ઈજાઓ પહોંચતા સારવાર અર્થે મહેમદાવાદ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જયાં સારવાર દરમ્યાન વધુ એક આધેડનું મૃત્યુ નીપજયું હતું. કચ્છના રામપરનો એક પરિવાર મુંબઈથી પોતાના વતન જવા નીકળ્યો હતો. આ બનાવ સંદર્ભે મહેમદાવાદ પોલીસે કાર ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

કચ્છ જિલ્લાના સામખીયારી પાસે આવેલ રામપર ગામમાં ધનજીભાઈ વિનુભાઈ પટેલ (ઉ.વ.૫૭) રહે છે. તેઓનો એક દિકરો મુંબઈ ખાતે રહે છે. ધનજીભાઈ પોતાની પત્ની જશુબેન તથા એક દિકરો મુંબઈ ખાતે ગયા હતા. જયાંથી તેઓ શનિવારે પરત પોતાના વતન જવા એક મારૂતી સીફ્ટગાડી બેસી કચ્છ તરફ જઈ રહ્યા હતા. રવીવારે સવારે તેઓની ગાડી નડિયાદ —અમદાવાદ એક્સપ્રેસ હાઈવે ઉપર આવેલ વાંઠવાળી ગામની સીમમાંથી પસાર થઈ રહી હતી. તે દરમ્યાન સીફ્ટગાડીના ચાલક ધર્મેશભાઈ ખંડવાલ (ઉ.વ.૨૭)નાઓએ પોતાની ગાડી પુરઝડપે હંકારતા સવારે ૬.૩૦ કલાકે આગળ જતા ટ્રેલર નં. જી.જે.૨૩ વાય.૭૭૧૬ના પાછળના ભાગે ધડાકાભેર અથડાવી હતી. જેથી ગાડીના ચાલક ધર્મેશભાઈને માથાના તેમજ શરીરના અન્ય ભાગોએ ગંભીર ઈજાઓ થતાં ઘટના સ્થળે મૃત્યુ નીપજયું હતું. જયારે ગાડીમાં બેઠેલા ધનજીભાઈ, જશુબેન તથા એક યુવકને શરીરે વત્તા ઓછા પ્રમાણમાં ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાતા સારવાર દરમ્યાન ધનજીભાઈનું મૃત્યુ નીપજયું હતું. આ બનાવ સંદર્ભે અમદાવાદ ઈસનપુરના ઘનશ્યામગીરી શ્રીરામગીરી ગીરીની ફરિયાદના આધારે મહેમદાવાદ પોલીસે મારૂતી ગાડીના ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ટિકટોક સ્ટાર અલ્પિતા ચૌધરીએ કોરોનાને હરાવ્યો

મહેસાણા

મહેસાણા પોલીસ કર્મચારી તેમજ ટિકટોક સ્ટાર અલ્પિતા ચૌધરીએ કોરોનાને મ્હાત આપી છે. રવિવારે મહેસાણા માં એક સાથે ૨૧ કોરોના દર્દીઓને રજા આપવામાં આવી હતી. કોરોનાનો રિપોર્ટ નેગેટિવ આવતા જ અલ્પિતા ચૌધરી એ પોતાનો વીડિયો જાહેર કરીને ખુશી વ્યક્ત કરી હતી. નોંધનીય છે કે ટિકટોક વીડિયોને કારણે અલ્પિતાને પોલીસ માંથી સ્પેન્ડ કરવામાં આવી છે. અલ્પિતા ચૌધરી ટિકટોક વીડિયોને કારણે ખૂબ જ ચર્ચામાં આવી હતી. અલ્પિતાની વડનગર સિવિલ હૉસ્પિટલ ખાતે સારવાર ચાલી રહી હતી. અલ્પિતાએ વીડિયો જાહેર કરીને ખુશી વ્યક્ત કરી હતી. જેમાં તેણીએ જણાવ્યું હતું કે મારો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો.

૧૦ દિવસ પછી મારો રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. સતત બે રિપોર્ટ નેગેટિવ આવ્યા બાદ હું ઘરે જઈ રહી છું. ઘરે જતાં પહેલા બધા લોકોને એક વાત કહેવા માંગું છું કે વડનગર સિવિલના ડૉક્ટરોએ અમને જે સારવાર આપી છે તે ખૂબ સારી છે. અહીં અમને ઘર જેવું જ જમવાનું મળતું હતું. હૉસ્પિટલે અમને કોઈ જ તકલીફ પડવા દીધી નથી. અહીં કામ કરતા ડૉક્ટર્સ સહિત તમામ સ્ટાફનો હું દિલથી આભાર માનું છું. જય હિન્દ. મહેસાણા જિલ્લાની કોરોનાની સ્થિતિ અંગે વાત કરવામાં આવે તો અહીં અત્યાર સુધી કુલ ૫૦ પોઝિટિવ કેસ નોંધાઈ ચુક્યા છે. જેમાંથી એક વ્યક્તિનું મોત થયું છે. અલ્પિતા ચૌધરીને સસ્પેન્ડ કરવામાં આવ્યા બાદ તેણી રાતોરાત સ્ટાર બની ગઈ છે. તેણે પોલીસ સ્ટેશનમાં બેસીને ટિકટોક વીડિયો બનાવ્યા હતા. આ માટે તેણીને સસ્પેન્ડ કરી દેવામાં આવી હતી. વર્ષ ૨૦૧૬માં આરએલડીમાં ભરતી થયેલી અર્પિતા ચૌધરીને ૨૦૧૮માં મહેસાણામાં પોસ્ટિંગ મળી હતી. અલ્પિતા સામે શિસ્તભંગના પગલાં લેવામાં આવ્યા બાદ તેને અનેક ઓફરો મળી હતી. જે બાદમાં તેણી અનેક આલ્બમ અને ગીતમાં પણ નજરે પડી હતી.

અમદાવાદના બે મોટા કબ્રસ્તાનમાં એકાએક ૪૦થી વધુ મૃતદેહ આવ્યા હોવાની વાતથી રહસ્ય ઘૂંટાયું

અમદાવાદ

કોરોના મહામારી વચ્ચે અમદાવાદ શહેરના કોટ વિસ્તારમાં ટપોટપ લોકોના મોત નિપજતા હતા. જેના પગલે કોટ વિસ્તારમાં કેટલાક લોકો હોસ્પિટલમાં સારવાર લેવાનું ટાળી રહ્યા હતા. હોસ્પિટલમાં સારવાર ન લેવાના લીધે કેટલાકના મોત નિપજયા હતા. જયા શહેરના કોટ વિસ્તારમાં છેલ્લા બે દિવસથી એવી ચર્ચા ચાલી રહી છે કે, બે કબ્રસ્તાનમાં કેટલાક મૃતદેહોને દફનાવવામાં આવ્યા છે. જેની કોઈ જગ્યાએ નોંધ કરવામાં આવી નથી. જેની જાણ શહેર પોલીસને થતા પોલીસે માધુપુરા અને દાણીલીમડાના કબ્રસ્તાનમાં ખાનગી રાહે વોચ ગોઠવી છે. એટલુ જ નહીં છેલ્લા બે-ત્રણ દિવસમાં કેટલા મૃતદેહો દફનાવવામાં આવ્યા તેની માહીતી પણ મેળવી લીધી છે. જો કે, આ બાબતે ઉચ્ચ પોલીસ અધિકારીઓ મૌન સેવી રહ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર શહેરના એક કોટ વિસ્તારમાંથી ૧૮ લોકોના મોત થયા છે અને બે કબ્રસ્તાનમાં ૪૦થી વધુ મૃતદેહ આવ્યા હતા. અમુક લોકાએ કોરેનાની સારવાર કરાવવા માટે હોસ્પિટલમાં દાખલ થયા નહોતા.જેના લીધે તેમના ઘરમાં જ મોત નિપજયા હતા.

આ મોત નિપજેલાને શહેરના માધવપુરા અને દાણીલીમડાના કબ્રસ્તાનમાં દફનાવવામાં આવ્યા હતા. જેની કોઈ સત્તાધીશો સમક્ષ જાણ પણ કરવામાં આવી નહોતી અને તેમના કોઈ રિપોર્ટ પણ કરાવવામાં આવ્યા નહોતા.આ બાબકે કેટલાક સ્થાનિકોએ પોલીસને ખાનગીમાં જણાવ્યુ હતુ કે, દાણીલીમડા અને માધપુરા કબ્રસ્તાનમાં કેટલાકને દફનાવી દેવામાં આવ્યા હતા.જેમાં કેટલાકને તો કોરોના પોઝિટિવ હતા. આ બાબતે પોલીસે ઉચ્ચ પોલીસ અધિકારીઓનું ધ્યાન દોર્યુ હતુ.બાદમાં પોલીસ દ્વારા માધુપુરા અને દાણીલીમડાના કબ્રસ્તાનમાં ખાનગીમાં વોચ મુકી દીધી હોવાનું જાણવા મળે છે બે-ત્રણ દિવસમાં કેટલાને દફનાવવામાં આવ્યા તેની માહિતી મેળવી છે. આ બાબતે ઉચ્ચ પોલીસ અધિકારી મૌન સેવી રહ્યા છે. પોલીસ ખાનગીમાં કયા કારણો સર મોત થયું તેની પણ તપાસ કરી રહી છે. જોકે ક્રાઇમ બ્રાન્ચના ઉચ્ચ અધિકારીને આ અંગે પૂછતાં તેમણે આવી કોઈ વોચ રાખવામાં આવી રહી નથી અને આવું કઈ ન હોવાનું જણાવ્યું હતું. શહેરના વિવિધ કબ્રસ્તાન ઉપર શહેર પોલીસ દ્વારા વોચ રાખવામાં આવી રહી છે તેમ આધારભૂત સૂત્રોએ જણાવ્યું છે. કબ્રસ્તાનમાં મૃતદેહો રોજ બરોજ વધુ આવી રહ્યા છે અને તે ક્યાં કારનો સર મોત નિપજયું તે નક્કી થઈ રહ્યું નથી. સૂત્રોના જણાવ્યા અનુસાર બે કબ્રસ્તાનમાં ૪૦ થી વધુ લાશ આવી હતી. જોકે પોલીસની વોચ અંગે ક્રાઇમ બ્રાન્ચના અધિકરીઓ મૌન રહ્યા છે અને આવી કોઈ વોચ નથી તેમ જણાવી રહ્યા છે. આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર શહેરના એક કોટ વિસ્તારમાંથી ૧૮ લોકોના મોત થયા છે અને બે કબ્રસ્તાનમાં ૪૦થી વધુ મૃતદેહ આવ્યા હતા. અમુક લોકો સારવાર કરવી રહ્યા નથી અને કોરોના થાય બાદ પણ કોઈ ને જાણ કર્યા વગર મૃતકની અંતિમ વિધિ કરી દેતા હોવાનું પોલીસના ધ્યાને આવ્યું છે. જેથી શહેરના કબ્રસ્તાન પર પોલીસ દ્વારા ખાનગી વોચ રાખવામાં આવી રહી હોવાનું પોલીસબેડામાં ચર્ચાઈ રહ્યું છે.

અમદાવાદની ૧૨૦૦ બેડની હોસ્પિટલ માટે ૩ વાર ઈન્ટરવ્યુ છતાં પણ સ્ટાફ મળતો નથી

અમદાવાદ

ગુજરાત સરકારે અમદાવાદ સહિત રાજ્યના તમામ જિલ્લામા કોવિડ ડેડિકેટેડ હોસ્પિટલો શરૂ તો કરી છે પરંતુ સરકારને સ્ટાફ મળતો જ નથી. સૌથી મોટી એવી અમદાવાદની કોરોના ડેડિકેટેડ ૧૨૦૦ બેડની હોસ્પિટલ માટે ત્રણ વાર ઈન્ટરવ્યુ કરવા છતાં પણ સ્ટાફ મળતો નથી તો સુરતની ૫૦૦ બેડની કોવિડ હોસ્પિટલ માટે બે વાર ઈન્ટરવ્યુ કરવા છતાં સ્ટાફ મળતો નથી. ગુજરાત સરકાર દ્વારા અમદાવાદમાં સિવિલ હોસ્પિટલ ખાતે હંગામી ધોરણે ૧૨૦૦ બેડની કોવિડ હોસ્પિટલ ઉભી કરવામા આવી છે. આ હોસ્પિટલ માટે સરકાર છેલ્લા એક મહિનાથી સ્ટાફ શોધી રહી છે પરંતુ મળતો જ નથી. સરકારે ૭૦૦ જેટલી નર્સ, ૧૫૦થી વધુ એમબીબીએસ ડોક્ટરો તથા, ૯૦ જેટલા પલ્મોનોલોજિસ્ટ માટે બે થી ત્રણ વાર માટે ભરતી જાહેરાત આપી છે.

સરકારને કોવિડ હોસ્પિટલ માટે હજી સુધી પુરતો સ્ટાફ મળતો નથી. જેથી સરકારે કેન્સર સહિતની અન્ય હોસ્પિટલો તથા વિભાગોમાંથી રેસિડેન્ટ ડોક્ટરો અને નર્સો સહિતનાં સ્ટાફ લાવવો પડ્યો છે. આ ઉપરાંત સુરતની ૫૦૦ બેડની કોવિડ હોસ્પિટલ માટે પણ બે વાર ભરતી જાહેરાત આપવામા આવી છે. જેમાં પણ ૨૬૦ જેટલી નર્સ, ૬૦ એમબીબીએસ ડોક્ટરો અને ૧૦ પલ્મોનોલિજસ્ટ તેમજ એનેસ્થેટિસ્ટ માટે ભરતી જાહેરાત અપાઈ હતી.

સરકાર દ્વારા ૧૧ માસના કરારના આધારે સ્ટાફ ભરતી કરવામા આવી રહ્યો છે તેમજ જોઈએ તેટલી સુરક્ષા અને તકેદારી રાખવામા ન આવતી હોય તેમજ કોરોનાનો ડર હવે એટલો બધો ફેલાયો છે કે સરકારની કોવિડ હોસ્પિટલોમાં મેડિકલ સ્ટાફ આવવા તૈયાર નથી. સિવિલ હોસ્પિટલથી માંડી સરકારી હોસ્પિટલોમાં અનેક રેસિડેન્ટ ડોક્ટરો અને નર્સોને કોરોનાનો ચેપ લાગી ચુક્યો છે ત્યારે હવે કોવિડ હોસ્પિટલમાં કામ કરવામાં લોકોને ડર લાગે છે.

વડોદરાના તુલસીવાડીમાં તબીબોના કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા તંત્રમાં હડકંપ

વડોદરા

અમદાવાદ અને સુરત બાદ હવે વડોદરામાં પણ કોરોનાના કેસ સતત વધી રહ્યાં છે. કોરોના ફાઈટર્સ પણ સતત કોરોનાની ઝપેટમાં આવી રહ્યાં છે. તુલસીવાડીમાં દવાખાનું ધરાવતા તબીબો કોરોનાગ્રસ્ત થયા હોવાના સમાચાર છે. મળતી માહિતી મુજબ વડોદરાના તુલસીવાડીમાં દવાખાનું ધરાવતા ડો.ચાગલાણી તબીબબંધુઓના કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યાં છે. આ તબીબબંધુઓએ નેક દર્દીઓને તપાસ્યા પણ હતાં. આરોગ્ય વિભાગને એવી શંકા છે કે અનેક દર્દીઓ પણ કોરોનાગ્રસ્ત થયા હોઈ શકે છે. ડોક્ટરના સંપર્કમાં આવેલા લોકોની તપાસ કરીને તેમને ક્વોરન્ટાઈન કરવામાં આવશે.

અત્રે જણાવવાનું કે ગુજરાતમાં કોરોનાના કેસ વધી રહ્યાં છે. દેશમાં મહારાષ્ટ્ર પછી સૌથી વધુ કોરોનાના કેસ ગુજરાતમાં છે. ગુજરાતમાં કુલ કેસ ૮૧૯૫ થયા છે. ગુજરાતમાં સૌથી વધુ કેસમાં અમદાવાદ નંબર વન પર છે. અમદાવાદમાં ૫૮૧૮, વડોદરામાં ૫૧૮, સુરતમાં ૮૯૫, રાજકોટમાં ૬૬, ભાવનગરમાં ૯૪, આણંદમાં ૭૮, ગાંધીનગરમાં ૧૨૯, પાટણમાં ૨૭, ભરૂચમાં ૨૮, નર્મદામાં ૧૨, બનાસકાંઠામાં ૮૧, પંચમહાલમાં ૬૧, છોટાઉદેપુરમાં ૧૪, અરવલ્લીમાં ૭૩ મહેસાણામાં ૫૦, કચ્છમાં ૮, બોટાદમાં ૫૬, ગીર-સોમનાથમાં ૧૨, દાહોદમાં ૨૦, ખેડામાં ૨૯, મહીસાગરમાં ૪૪ અને જામનગરમાં ૨૬ કેસ નોંધાયા છે.

મધ્યપ્રદેશના પ્રવાસની મજા માણી, કાર્યવાહી કરવા લોકોની માંગ

ગોંડલ

જિલ્લાના ગોંડલ તાલુકાના બાંદ્રાના શ્રમિકોને વતન મૂકવા જઈ રહેલી બસમાં ગામના સરપંચે પોતાની મનમાની ચલાવી પ્રવાસ ખેડતા ગામમાં રોષ ફેલાયો હતો. આ સરપંચ વિરુદ્ધ જાહેરનામા ભંગનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવા માગ ઉઠી છે. સરપંચ અને તેના મળતિયાને હાલ આરોગ્ય વિભાગ દ્વારા હોમ ક્વોરેન્ટાઈન કરાયા છે. ગોંડલ શહેર તાલુકામાંથી પ્રાંતિયોને વતન મોકલવા માટે પોલીસ પ્રસાશન તનતોડ મહેનત કરી છે.

સરપંચ રાજુભાઈ રૈયાણી અને નરેન્દ્ર ભટ્ટીએ મનમાની કરી શ્રમિકો સાથે પ્રવાસ કર્યો હતો. જાગૃત નાગરિક રાહુલ ઘોણિયા અને કલ્પેશભાઈ ચનીયારા દ્વારા આરોગ્ય વિભાગમાં ફરિયાદ કરતા સરપંચ અને તેના મળતિયાને હોમ ક્વોરેન્ટાઈન કરવામાં આવ્યા હતા.

મહેસાણા જિલ્લામાં ૩ સુપરસ્પ્રેડર સહિત ૪ કોરોનાની ઝપટમાં, એકનું મોત, તંત્ર ચિંતામાં

કડી

મહેસાણા જિલ્લામાં રવિવારે ૨૯ દર્દી કોરોનામુક્ત થઈને ઘરે ગયાં ત્યારે વધુ ચાર પોઝિટિવ કેસ નોંધાવા ઉપરાંત છઠીયારડાના એક દર્દીનું મોત થતાં તંત્રને હાંશકારો લેવાનો સમય પણ ના મળ્યો. એમાંય નવા ચાર પોઝિટિવ પૈકી ત્રણ છૂટક શાકભાજીનું વેચાણ કરતા હોઈ સુપરસ્પ્રેડરની શ્રેણીમાં આવતા દર્દીઓના કારણે તંત્રમાં દોડધામ મચી ગઈ છે. જે સાથે મહેસાણા જિલ્લામાં બેનાં મોત સાથે કુલ ૪૮ (બે અમદાવાદના) કોરોના દર્દી પૈકી ૩૭ સ્વસ્થ થયા છે, જ્યારે હાલમાં ૯ દર્દી સારવાર હેઠળ છે.

મહેસાણા જિલ્લામાં કોરોના વાયરસે લીધેલો ભરડો થોડોક ખુલે છે ત્યાં ફરીથી પાછો કસાઈ જતો હોવાની સ્થિતિ જોવા મળી રહી છે. અગાઉ જિલ્લામાં પોઝિટિવ નોંધાયેલા સાતેય કોરોના પોઝિટિવ દર્દીઓ સ્વસ્થ થતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરાયા એ જ દિવસે વધુ કેસ આવવાની શરૂઆત થઈ ગઈ હતી અને જોતજોતામાં પોઝિટિવ કેસનો આંકડો ૪૨ પર પહોંચી ગયો હતો. તો ફરીથી કેટલાક દિવસ નવા પોઝિટિવ કેસ નહોતા નોંધાયા હતા અને રવિવારે વધુ ૨૯ દર્દી સ્વસ્થ થઈને ઘરે જઈ રહ્યાં છે ત્યારે જિલ્લામાં વધુ ચાર પોઝિટિવ કેસ નોંધાયા છે અને છઠીયારડાના ૬૨ વર્ષિય પુરૂષનું મોત નિપજ્યું છે. નવા ચાર કોરોના પોઝિટિવ કેસમાં મહેસાણાના બાસણાનગરની ૧૧ વર્ષિય કિશોરી ઉપરાંત કડીના ચંદીગઢ વિસ્તારમાં આવેલી શાંતિનગર સોસાયટીના ત્રણ વ્યક્તિઓનો સમાવેશ થાય છે. કિશોરી તેના પિતાના સંપર્કથી સંક્રમિત થઈ છે તો કડીના ૪૫, ૪૦ અને ૨૮ વર્ષિય પુરૂષો મોડાસાની ટ્રાવેલ હિસ્ટ્રીમાં કોરોના પોઝિટિવ મહિલાના સંપર્કમાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે.

ઉદ્યોગ જગતની મદદ છતા પણ કામદારોની વતન જવાની જીદ

લાંબા લોકડાઉનમાં બેરોજગાર શ્રમિકોની ધિરજ ખુટી

સુરત

કડોદરા નગરમાં હાલમાં ચાલી રહેલ લોકડાઉન સમયગાળામાં નગર પાલિકાના સત્તાધીશોના પાપે કોઈ સહાય ન મળતા પરપ્રાતિયોએ ભુખમરાના કારણે વતનની વાટ પકડી વતન વાપસી માટે મજબુર બન્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર કડોદરા ઔદ્યોગિક વિસ્તાર હોવાની હજારોની સંખ્યામાં પરપ્રાંતીયો રહે છે . હાલ રોજગાર ધંધા બંધ હોવાના કારણે આર્થિક તંગીના લીધે પરપ્રાંતીઓમાં ભુખમરાની પરિસ્થિતિ ઉભી થઈ ચે. ત્યારે લોકોને મદદરૂપ થવું મહાન કાર્ય છે. છતાં પણ નગર પાલિકા તરફથી કોઈ પણ જાતની મળી રહી છે. જ્યારે વિસ્તારમાં ઉદ્યોગકારો સહાય માટે આગળ આવતા દાતાઓએ કડોદરા ખાતે સત્તાધીશો રાજકીય આગેવાનો જવાબદારી સોંપી હતી. જેમાં પણ આગેવાનોએ પોતાના મત વિસ્તારમાં ગણ્યા ગાઠિયા લોકોને સહાય આપી હતી. જેમાં રાજકારણ રાજકીય રમત રમતા હોવાનું બહાર આવ્યું છે. આથી ભુખમરાને લઈનો મોટા ભાગના પરપ્રાંતીયોએ વતન જવાનો નિર્ણય લઈ ગમે તેમ રીતે પણ વતન જઈ રહ્યા છે.

ડાંગ કલેકટરશ્રીના અધ્યક્ષ સ્થાને કોવિડ ૧૯ અંતર્ગત કામગીરીની સમીક્ષા બેઠક યોજાઈ

આહવા

ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા જિલ્લા સેવા સદન, આહવા ખાતે આજરોજ કલેકટરશ્રી એન.કે.ડામોર ના અધ્યક્ષ સ્થાને જિલ્લા વિકાસ અધિકારીશ્રી એચ. કે. વઢવાણિયા તથા ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં કોવિડ ૧૯ અંતર્ગત કામગીરીની સમીક્ષા બેઠક યોજાઈ હતી.

વિશ્વ વ્યાપી કોરોના વાઈરસના સંક્રમણને અટકાવવા માટેના સૂચનો કરતા કલેકટરશ્રી એન. કે. ડામોરે જણાવ્યું હતું કે કોરોના વાઈરસના સંક્રમણને અટકાવવા માટે ગ્રામ્ય કક્ષાએ લોકોને સમજૂત કરવા ટીમો બનનાવવી જોઈએ. કોરોના વાઈરસની ગંભીરતા જોતા સોશ્યલ ડિસ્ટન્સનો કડક અમલ થાય તે જરૂરી છે. વધુમાં દરેક ગામોના સરપંચશ્રીઓ અને આગેવાનશ્રીઓને અનુરોધ છે કે આપના ગામમાં જિલ્લા કે રાજય બહારથી આવનાર વ્યક્તિઓના નામ રજીસ્ટર બનાવી નોંધણી કરવી જોઈએ. જેથી સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ હોમ કવોરન્ટાઈનની સંપૂર્ણ અમલવારી કરી શકાય.

ભારત સરકારના આયુષ મંત્રાલયના જણાવ્યા મુજબ લોકોની રોગપ્રતિકારક શક્તિ વધે તે માટે દરેક ગામે આયુષ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલ માર્ગદર્શિકા મુજબ આયુર્વેદિક દવાઓનો ઉપયોગ તેમજ ઔષધિ પીવડાવવાની કામગીરી થાય તે જરૂરી છે. સાથે ટેકનોલોજીમાં પણ કદમ મિલાવી સરકાર દ્વારા શરૂ કરાયેલી આરોગ્ય સેતુ એપ્લીકેશન દરેક લોકો ડાઉનલોડ કરે જેથી કોરોના વાઈરસની સચોટ જાણકારી અને સલાહ દરેક લોકો સહેલાઈથી મેળવી શકે.

કોવીડ ૧૯ ની આ બેઠકમાં પીવાના પાણીની પરિસ્થિતિ,જિલ્લામાં ચાલતા નરેગા યોજનાના કામો, સુજલામ સુફલામ યોજના અંતર્ગત કામો,ખેતીવાડીને લગતા ખેડૂતોને અનાજ બિયારણ વિતરણ ખાતર સમયસર મળી રહે તથા તમામ લોકોને સરકારશ્રી તરફથી આપવામાં આવતા અનાજનો પુરવઠો સમયસર મળી રહે તે અંગેની સમીક્ષા કરવામાં આવી હતી.

આ બેઠકમાં નિવાસી અધિક કલેકટરશ્રી ટી. કે. ડામોર, પ્રાંત અધિકારીશ્રી કાજલબેન ગામીત,જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામકશ્રી ડી. આર. અસારી, તમામ મામલતદારશ્રીઓ,તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ, ઈ.ચા.પ્રોગ્રામ ઓફિસરશ્રી જિજ્ઞાશા ચૌધરી સહિત સબંધિત તમામ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહયા હતા.

વેપારી-ધંધા અને રોજગારની નવી દિશા માટે સરકારના બે નિર્ણય

સુરત

કોરોના વાયરસ અને લોકડાઉનને કારણે વેપાર–ધંધો તેમજ રોજગારીને જે વિપરીત અસર થઈ છે તેનામાંથી બહાર નીકળવા તેમજ વેપાર–ધંધાને ફરીથી વધુ ગતિશીલ બનાવવા માટે રાજ્ય સરકાર દ્વારા હાલમાં જ બે મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા છે.

નવા પ્રોજેક?ટ ઝડપથી શરૂ થાય તે દૃષ્ટિકોણથી રાજ્ય સરકારે પહેલો મહત્વનો નિર્ણય એ લીધો છે કે ૧૨૦૦ દિવસ કામ કરવા માટે કોઈપણ વ્યક્તિ નવો ઈન્ડસ્ટ્રીયલ પ્રોજેક્ટ લાવે તો એને લેબર લોઝના બધા કાયદામાંથી મુકિ?ત આપવામાં આવશે. પરંતુ મજદુરોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને નીચે મુજબની ત્રણ બાબતોમાં છુટછાટ આપવામાં નહી આવે.

૧. મિનિમમ લઘુત્તમ વેતનધારો. મજદુરોને મિનિમમ વેજીસ મળવો જ જોઈએ.

૨. સેફટીના નિયમોમાંથી મુક્તિ નહીં મળે.

૩. કોઈ અકસ્માત થયો અને લેબરને શારીરિક નુકસાન થયું અથવા તેનુ મૃત્યુ થાય તો તેના પરિવારને પૂરેપૂરું વળતર આપવું પડશે. વળતર અંગેના જૂના કાયદાની તમામ જોગવાઈ લાગુ પડશે.

આ સિવાય કોઈપણ ફેક્ટરીને મજદુર કાયદા મુજબના કોઈપણ નિયમ લાગુ નહીં પડે. ૧૨૦૦ દિવસના નવા ઈન્ડસ્ટ્રીયલ પ્રોજેક?ટ માટે ઓનલાઈન અરજી કરવાની રહેશે, જેને સરકાર ઝડપથી મંજૂરી આપશે. નવો ઈન્ડસ્ટ્રીયલ પ્રોજેક?ટ શરૂ થાય ત્યારથી ૧૨૦૦ દિવસ ગણવામાં આવશે. જૂની ફેક્ટરીઓને મજદુર કાયદા મુજબના બધા જ કાયદા લાગુ પડશે તેની સ્પષ્ટતા સરકારે કરી છે.

તદુપરાંત ચાઈનામાંથી જાપાન, કોરીયા અને યુએસએ વિગેરે દેશની અનેક કંપનીઓ ગુજરાતમાં આવે એના માટે રાજ્ય સરકારે બીજો મહત્વનો નિર્ણય લીધો છે. જેમાં સરકારે કંપનીઓ માટે સાણંદ, દહેજ, એસ.ઈ.ઝેડ. અને જીઆઈડીસીમાં ૩૩ હજાર હેક?ટરથી વધુ જમીનની વ્યવસ્થા કરી છે. ધોલેરામાં ઈન્ફ્રાસ્ટ્રકચર ઉભું થાય તે માટે વ્યવસ્થા કરી છે. એમ.એસ.એમ.ઈ. અને એન્સીલરીને પણ મોટા કામ મળે તેમજ એફડીઆઈમાં અને રોજગારમાં ગુજરાત રાજ્ય અવ્વલ રહે તે માટે ઉદ્યોગ વિભાગ દ્વારા ભારત સરકારની મદદથી કંપનીઓનો સીધો સંપર્ક કરવામાં આવ્યો છે. ઉદ્યોગ વિભાગ આ દિશામાં પૂરજોશમાં આગળ વધી રહયો છે.

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીએ રાજ્ય સરકાર સમક્ષ ઔદ્યોગિક અને વાણિજ્યક વપરાશકારોને વીજબીલ અને ગેસબીલમાં રાહત આપવાની માંગણી કરી હતી. ચેમ્બરની આ માંગણીને રાજ્ય સરકારે ગ્રાહય રાખી ઔદ્યોગિક અને વાણિજ્યક વપરાશકારોને વીજળીના બીલ ભરવા માટે ૩૧મી મે સુધી છુટ આપવામાં આવી છે. જ્યારે ગેસ બીલ ચાર મહિનાના હપ્તા દ્વારા ભરી શકાશે તેવી જાહેરાત કરવામાં આવી છે.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઈએ જણાવ્યુ હતુ કે, રાજ્ય સરકાર દ્વારા ઉપરોક?ત જે નિર્ણયો લેવામાં આવ્યા છે તેને કારણે ભવિષ્યમાં આર્થિક ગતિવિધિ વધશે તેમજ વધુ રોજગારી માટે નવી દિશાઓ ખુલશે. સાથે જ ઉદ્યોગકારો અને વેપારીઓને આર્થિક રીતે થોડી રાહત મળી રહેશે. આથી ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રી વતિ ચેમ્બર દ્વારા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીનો આભાર વ્યક્ત કરવામાં આવે છે.

નવસારી જિલ્લામાંથી કુલ ત્રણ ટ્રેનો ઉત્તર પ્રદેશ રવાના

નવસારી

કોરોના વાયરસના સંક્રમણને અટકાવવા લોકડાઉનની પરિસ્થિતિનું નિર્માણ થયું છે, જેના ભાગરૂપે જિલ્લામાં કામ કરતા પરપ્રાંતિય શ્રમિકોને જિલ્લા વહિવટી તંત્ર દ્વારા ગતરોજ નવસારી રેલ્વે જંકશન ખાતેથી સાંજે ૧૭-૦૦ કલાકે ૧૨૪૮ જેટલા પરપ્રાંતિય મજુરો અને તેમના પરિવારને ઉત્તરપ્રદેશના લખનૌ ખાતે વતનમાં પરત ફરવા માટે ટ્રેનની વ્યવસ્થા કરી આપવામાં આવી છે. નવસારીના શ્રમિકોને વતન જવા માટે તંત્ર દ્વારા આજરોજ નવસારીથી ઉત્તરપ્રદેશ માટે ત્રીજી ટ્રેન મોકલવામાં આવી રહી છે. હાલ સુધીમાં નવસારીથી કુલ ૩ શ્રમિક ટ્રેન રવાના થઈ ચૂકી છે. જેમાં ત્રણેય ટ્રેન ઉત્તરપ્રદેશ માટેની હતી. ટ્રેનમાં મુસાફરી કરનાર તમામ શ્રમિકો અને તેના પરિવારજનો વચ્ચે સોશ્યિલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી હતી. દરેક કોચમાં સોશ્યિલ ડિસ્ટન્સીંગને ધ્યાને રાખીને શ્રમીકોને સમાવવામાં આવ્યા હતા. નવસારીથી મુસાફરી કરનાર તમામ શ્રમિકોને ફૂડ પેકેટ, પાણીની બોટલ તેમજ બાળકો માટે ચોકલેટ, બિસ્કીટ ફુડપેકેટ આપવામાં આવ્યા હતા.

નવસારીમાં માનસિક અસ્થિર આધેડ પુરૂષની આત્મહત્યા

સુરત

નવસારીના વિરાવળ ગામે યમન પાર્ક સોસાયટીમાં રહેતાં આધેડે અસ્થિર મગજની બીમારીથી કંટાળી એસીડ પી આત્મહત્યા કરી લેતા કરૂણ મોત નીપજ્યું હતું.

પોલીસ દ્વારા મળતી માહિતી અનુસાર નવસારીના વિરાવળ ગામે યશફીન હોસ્પિટલની પાછળ યમન પાર્કસોસાયટી-૧ ખાતે રહેતા અબ્દુલ કાદીર રઝાક શેખ (ઉ.વ.૫૧)એ ગત તા.૨૬-૪-૨૦૨૦ના રોજ પોતાના ઘરે અસ્થિર મગજની બીમારીથી કંટાળી એસીડ પી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. જેને સારવાર માટે નવસારીની લાયન્સ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પરંતુ તબીયતમાં કોઈ સુધારો થયો ન હતો અને સારવાર દરમિયાન આજે મધ્યરાત્રે ૩.૦૦ વાગ્યે કરૂણ મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે નવસારી રૂરલ પોલીસમાં રજનીકાંત પટેલે ફરિયાદ નોંધાવતા હે.કો. શૈલેષકુમાર તપાસ કરી રહ્યા છે.

સુરતમાં લોક ડાઉનના ભંગ અંગે વધુ ૨૮૬ લોકોની અટક

બિન જરૂરી બહાર નિકળનાર લોકોના વાહનો જપ્ત

સુરત

કોરોના વાયરસની મહામારી વચ્ચે સુરત શહેરમાં વધી રહેલા કોરોના વાયરસના કેસોને ધ્યાને લઈ શહેર પોલિસ દ્વારા લોકડાઉનનો ચુસ્ત રીતે અમલ કરવા માટે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

ગત રોજ જાહેરનામા ભંગના બદલ વિવિધ કલમો હેઠળ ૨૮૬ જેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. બિનજરૂરી બહાનાબાજી કરીને બહાર ફરતા ૬૫૯ લોકોના વાહનો જપ્ત કરવામાં આવ્યા છે. સી.સી.ટીવી કેમેરાની મદદથી ૦૧ ગુનાઓ નોંધવામાં આવ્યા છે.

નોંધનીય છે કે, લોકડાઉન દરમિયાન સુરત શહેર પોલીસ દ્વારા કુલ ૧૩,૧૧૭ આરોપીઓની જુદા જુદા ગુનાઓમાં ધરપકડ કરવામાં આવી છે. બિનજરૂરી બહાનાઓ બનાવીને ફરતા ૩૦,૨૩૮ જેટલા લોકોના વાહનો ડીટેઈન કરવામાં આવ્યા છે. સુરત શહેરમાં ત્રીજા તબક્કાના લોકડાઉનના નિયમોનું કડકપણે પાલન કરાવવામાં આવી રહ્યું છે. જેથી શહેરીજનોએ ઘરથી બહાર ન નીકળવા અને સોશ્યલ ડિસ્ટન્સ તેમજ લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરવા અનુરોધ કરાયો છે. કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે શહેરીજનોને સહયોગ આપવા અને ઘરમાં સુરક્ષિત રહેવાની અપીલ સૂરત શહેર પોલિસ દ્વારા કરવામાં આવી રહી છે.

કાકુ લોક ડાઉન ગ્રુપનો અવિરત ભોજન સેવા યજ્ઞ

સુરત

કોરોના વાયરસ મહામારીમાં લોક ડાઉનના પગલે શ્રમજીવીઓ તથા ગરીબ વર્ગ માટે વિવિધ સેવા ભાવિ સંસ્થાઓ દ્વારા સમગ્ર સુરતમાં ઠેર ઠેર ભોજન સેવા યજ્ઞ કાર્યરત થયા છે. વિકટ સ્થિતિમાં જરૂરિયાત મંદોની સહાય અર્થે સુરતના કોલીવાડ વરિયાળી બજાર શ્રી કૃષ્ણ મંદિર વિસ્તારમાં સામાજિક અગ્રણી કાન્તીભાઈ જાદવ તથા મહિલા અગ્રણી કુસુમબેન જોગદીયાના સંયુક્ત પ્રયાસો દ્વારા તાકીદની સ્થિતિમાં કા+કુ લાક ડાઉન ગ્રુપની દ્વારા તા. ૧લી માર્ચથી દર રોજ બપોરે અને રાત્રે બે સમય સેંકડો લોકો માટે રસોઈ તૈયારી કરીને વિતરિત કરવામાં આવે છે. માનવ સેવા કાર્યમાં કા+કુ લોક ડાઉન ગ્રુપના ઉમદા પ્રદાનની નોંધ લઈ માજી કોર્પોરેટર ગોવિંદભાઈ ડાભીએ ગ્રુપના અગ્રણી કાન્તિભાઈ જાદવ તથા કુસુમ બેન જોગદીયાના પરોપકારી કાર્યની કદર લોક ડાઉન ગ્રુપના તમામ સભ્યો, શુભેચ્છકો, તથા દાતાઓની દિલેરીને બિરદાવી છે.

લિંબાયતમાં સાડાચાર લાખ કરતા વધુ લોકોના આરોગ્યની તપાસ કરાઈ

સોશ્યલ ડિસ્ટન્સ અને માસ્ક પહેરવું જીવન શૈલી બની ગઈ: મ્યુનિ કમિશનર

સુરત

સુરત મહાનગર પાલિકાના મ્યુ.કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ ગઈ કાલે તા.૧૦ મેના રોજ કોરોના બાબતે અદ્યતન વિગતો આપતાં જણાવ્યું હતું કે સુરત શહેરમાં ૫૭.૮ ટકા રિકવરી રેટ થયો છે જે એક ખુબ જ સારો રેટ છે તેની પાછળનું કારણ છઈં કેસોની અર્લી આઈડેન્ટીફિકેશન કરવામાં આવે છે. ૪.૩ ટકા મૃત્યુ દર છે. આજે પોઝિટીવ કેસો પૈકી સૌથી વધુ સુરતના લિંબાયત ઝોનમાં ૧૩ કેસો મળી આવ્યા છે, અને કુલ ૩૪૬ કેસો થયા છે. આ સિવાય લિંબાયતમાં સાડા ચાર લાખ કરતા વધુ લોકોનો સર્વે કરવામાં આવ્યો છે.

મ્યુ. કમિશનરશ્રી વધુમાં જણાવ્યું કે આજની સ્થિતિએ ૧૬૫૧ લોકો હોમ ક્વોરેન્ટાઈન અને વિકેન્દ્રિત ક્વોરેન્ટાઈન સેન્ટરમાં ૪૫૫ લોકો છે. સમરસ ખાતે કોવિડ કેર સેન્ટરમાં ૭૮ લોકો છે. સુરત શહેરમાં હોમિયોપેથી દવાનું વિતરણ કરવામાં આવ્યું છે. આયુષ મંત્રાલયના સુચન પ્રમાણે રોગપ્રતિકારક દવાનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. દરેક દવાની દુકાનમાં આયુષ મંત્રાલય દ્વારા સુચન કરેલી હોમિયોપેથી દવાઓ રાખવાની રહેશે.

હાલની પરિસ્થિતિમાં સ્લમ એરિયામાં ૪૦ ફિવર ક્લિનિક અને ૨૭૭ વોશ બેસિનનુ આયોજન કરવામાં આવ્યુ છે. ૬૦ પ્રચાર ગાડી મુકવામાં આવી છે. સંવેદના પ્રોજેક્ટ હેઠળ ખાનગી અને મ્યુન્સિપલ દ્વારા ૪,૭૧,૦૦૦ ફુડ પેકેટનું આજે વિતરણ કરવામાં આવ્યું છે. જો લોકડાઉનનુ વ્યવસ્થિત પાલન કરવામાં આવે તો કોવિડનું ઈન્ફેક્શન ફેલાતુ નથી. સોશ્યલ ડિસ્ટન્સિગનું પાલન કરવુ અને માસ્ક ફરજીયાત પણે પહેરવુ એ એક જીવનશૈલી બની ગઈ છે. સુરતમાં લોકડાઉન ખુલે તે પછી પણ તમામ જાહેર સ્થળોએ વોશ બેસિનની વ્યવસ્થા કરવામાં આવશે. દરેક નાગરિક પોતાની જવાબદારી નિભાવે અને લોકડાઉનનું સંપુર્ણ પાલન કરે તથા જે ટીમો સર્વેલન્સ માટે આવે તો તેમનો સાથ સહકાર લોકો આપે તેવી વિનંતી એસએમસી દ્વારા કરવામાં આવે છે.

જો લોકડાઉનનુ ૨૧ દિવસ સુધી વ્યવસ્થિત પાલન કરવામાં આવે તો કોવિડનું ઈન્ફેક્શન ફેલાતુ નથી. સાથે સાથે સોશ્યલ ડિસ્ટન્સિગનું પાલન કરવુ અને માસ્ક ફરજીયાતપણે પહેરવુ જોઈએ. દરેક નાગરિક પોતાની જવાબદારી નિભાવે અને લોકડાઉનનું સંપુર્ણ પાલન કરે તથા જે ટીમો સર્વેલન્સ માટે આવે તો તેમનો સાથ સહકાર લોકો આપો તેવી વિનંતી મ્યુ. કમિશનરશ્રીએ કરી હતી.

નોંધનીય છે કે, સુરત શહેરમાં ૮૭૬ અને જિલ્લામાં ૫૭ કેસો મળી કૂલ પોઝિટીવ કેસોની સંખ્યા ૯૩૩ થઈ છે.

યુપી સરકાર દ્વારા આવતી ૧૦ ટ્રેનોમાંથી માત્ર બે ને અપાઈ મંજુરી

સુરતથી યુપી જનારી ૧૦ ટ્રેનમાંથી ૮ ટ્રેન રદ થતા શ્રમિકોમાં રોષ

સુરત

કોરોના વાયરસને લઈને વતન જવા માટે સુરતમાં રહેતા શ્રમિકો ઉતાવળિયા બન્યા છે. ત્યારે પહેલા ઓડિસ્સા સરકાર દ્વારા ટ્રેન રદ કરવામાં આવી હતી. ગતરોજ સાંજે યુપી સરકાર દ્વારા પરિપત્ર જારી કરી સોમવારના રોજ સુરતથી યુપી જનારી ૧૦ ટ્રેનોમાંથી માત્ર ૨ જ ટ્રેનને પરવાનગી આપવામાં આવી છે. જેના કારણે ૮ ટ્રેનો રદ થઈ જતાં કારીગરો અને યુપી જનારા વર્ગમાં નારાજગી વ્યાપી છે. કોરોના વાયરસને લઈને રોજી રોટી માટે સુરત આવીને કામ કરતા શ્રમિકો લોકડાઉનને કારણે સતત હેરાનીનો સામનો કરી રહ્યા હતા. ત્યારે વતન જવાની માંગ સાથે સતત રસ્તા પર ઉતરીને દેખાવ કરવામાં આવતો હતો. ત્યારે સુરત તંત્ર દ્વારા તમામ શ્રમિકો વતન મોકલવાની શરૂઆત કરવામા આવી હતી. કોરોના દર્દીનો રિપોર્ટ પોઝિટિવ આવતા ઓરિસ્સા હાઈકોર્ટ દ્વારા પહેલા ઓરિસ્સા આવતી ટ્રેન પર પ્રતિબંધ મુક્યો હતો. જેને કારણે શ્રમિકોમાં નારાજગી જોવા મળી હતી. ત્યારે સુપ્રીમ કોર્ટ દ્વારા ફરી મંજૂરી આપવામાં આવી હતી.

ગતરોજ ફરી એક વાર શ્રમિકો માટે મઠા સમાચાર સામે આવ્યાં છે. મોડી રાત્રે યુપી સરકાર દ્વારા સુરત સહિત અમદાવાદ, દેવભુમિ દ્વારકા, પંચમહાલ-ગોધરા, ભાવનગર, ભુજ તથા નવસારી, બનાસકાંઠા, પાટણ અને રાજકોટના કલેક્ટરને સંબોધીને પત્ર લખવામાં આવ્યો હતો. જેમાં જણાવાયું હતું કે, તેમની પાસે શ્રમિકોની યાદી મંગાવવામાં આવી છે, તે ફોરમેટમાં શ્રમિકોની યાદી મળતી નથી. જેને પગલે શ્રમિકોને તેઓના નિવાસ સ્થાન સુધી મુકવા જવા માટે ટ્રાન્સપોર્ટેશનની તકલીફો ઉભી થઈ રહી છે.

યુપી સરકારનું કહેવું છે કે, ગુજરાત સરકાર તમામ જિલ્લાની યાદી ભેગી કરીને વતન પ્રમાણે યાદી મોકલે તો જ આ પ્રક્રિયા સરળ થશે. જેને લઈને હાલમાં ટ્રેનોની મંજૂરી સ્થગિત કરવામાં આવી છે. જ્યાં સુધી નવી સૂચના ન મળે ત્યાં સુધી નવી ટ્રેનો દોડાવવાની પ્રક્રિયા અટકાવી દેવામાં આવી છે. સુરતથી યુપી સરકાર દ્વારા મંગાયેલા ફોરમેટમાં જ શ્રમિકોની યાદી મોકલવામાં આવી રહી છે. રવિવારે ૧૦ ટ્રેનની મંજુરી યુપી સરકાર દ્વારા મળતા જેની સંપુર્ણ તૈયારી કરી લીધી હતી. મોડી રાત્રે યુપી સરકારે ૮ ટ્રેનોની મંજુરી રદ કરી દીધી હતી. સોમવારે મઉ અને આઝમગઢ ખાતેની ટ્રેન રવાના થશે જ્યારે યુ.પી. સિવાયના રાજ્યની ટ્રેન રાબેતા મુજબ રહેશે. જોકે યુપી સરકારના આ ફરમાન ને લઈને દેશ સાથે સુરતમાં રહેતા શ્રમિકોમાં નારાજગી સાથે રોષ ભભૂકી રહ્યો છે.

બિહાર વિકાસ પરિષદે પાંચ ટ્રેનો બુક કરવા કલેકટરને યાદી મોકલી

સુરત

સુરત થી બિહારના જુદા જુદા વિસ્તારોમાં મુસાફરી કરવા માટે ૫ ટ્રેનો બુક કરવા માટે દ્વારા બિહાર વિકાસ પરિષદ, સુરત દ્વારા ૬૦૦૦ મુસાફરોની ડેટા શીટ સુરતમાં જિલ્લા મેજિસ્ટ્રેટ કચેરીમાં રજુ કરવામાં આવી છે. બિહાર વિકાસ પરિષદના ચેયરમૈન શ્રી કે.કે. શર્મા, અધ્યક્ષ શ્રી દિલીપ શાહ, કન્વીનર શ્રી સુનિલ મિશ્રા, પરિષદના ઉપાધ્યક્ષ શ્રી ધર્મેશસિંહ, મહામંત્રી શ્રી સત્યેન્દ્રકુમાર શુક્લ, શ્રી રણજીત શર્મા, વિનોદ પાંડે અન્ય લોકોના સહયોગથી સુરતના વિવિધ વિસ્તારોમાં માં વસેલા બિહાર રાજ્યના મજૂર વર્ગ નાં લોકો માટે, ૪ મે ૨૦૨૦ થી ના દિવસ-રાત તેમના વતન મોકલવા કાર્ય કરી રહ્યા છે. અત્યાર સુધીમાં ૬૦૦૦ કામદારો ઉપરાંત, ૧૫,૦૦૦ સદસ્યને તેમના પોતાના રાજ્ય રાજ્યમાં મોકલવા ઓનલાઈન નોંધણી કરાવી ચૂકેલ છે. પરિષદનાના ઉપપ્રમુખ શ્રી ધર્મેશ સિંહ, સુરત જિલ્લા મેજિસ્ટ્રેટ કચેરી સાથે સતત સંપર્કમાં રહે છે, સુરત જિલ્લા મેજિસ્ટ્રેટ કચેરી તરફથી સતત માહિતી આપવામાં આવી રહી છે કે, ગુજરાત સરકાર અને સુરત જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરીને બિહાર સરકાર દ્વારા મંજૂરી નથી મળી. તેથી, બિહાર વિકાસ પરિષદ દ્વારા કરાયેલા મજૂરોની નોંધણીને ટ્રેન નો સ્લોટ મળી શક્યો નથી. બીજી ઘણી સંસ્થાઓ મજૂરને બિહાર મોકલવા માટે કામ કરી રહી છે, બિહાર અને ઝારખંડનો લગભગ ૬ થી ૭ લાખ મજૂર વર્ગ સુરતમાં કામ કરી રહ્યો છે, જેઓ તાળાબંધીના કારણે બેરોજગાર બેઠા છે, અને જેમની પાસે ખાવા માટે પૈસા નથી. ઘણા કામદારો ભૂખથી પરેશાન છે, તેથી મોટાભાગના કામદારો તેમના વતન જવાની ઇચ્છા ધરાવે છે.

આહવામાં કોરોના વોરિર્યસ સફાઈ કામદારોનું નગરજનો દ્વારા સન્માન

વિપરીત સ્થિતિમાં કર્મયોગીઓની ફરજ નિષ્ઠા

આહવા

ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે કોરોના વોરિયર્સ ગ્રામ પંચાયતના સફાઇ કામદારોનું સન્માન આહવાનગરના સહયોગ સોસાયટીના રહીશો દ્વારા આજરોજ કરવામાં આવ્યું હતું.

કોરોના વાઇરસને અટકાવવા માટે સરકારશ્રી દ્વારા અનેક પગલા લેવામાં આવ્યા છે. સાથે સાથે આરોગ્ય સારૂ બની રહે તે માટે વારંવાર નાની નાની બાબતોમાં તકેદારી રાખવાનો અનુરોધ કરવામાં આવે છે. ત્યારે વહેલી સવારથી જ ગ્રામજનોની સુખાકારી માટે સફાઇ કામદારો પોતાની ફરજ બજાવવા નીકળી પડે છે. કોરોના વોરિયર્સના ઉત્સાહ વધારવાનો દિશા નિર્દેશ દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ આપ્યો છે. વિશ્વવ્યાપી કોરોનાના કહેરને અટકાવવા માટે કપરી પરિસ્થિતિમાં પણ વહીવટીતંત્રના કોરોના વોરિયર્સ કર્મયોગી ભાવનાથી પોતાની ફરજ બજાવે છે.

આજરોજ આહવા નગરના સહયોગ સોસાયટીના રહીશો દ્વારા પ્રેરક કાર્ય કરવામાં આવ્યું હતું. ઉત્પલભાઇ પુરોહિતે માહિતી આપતા જણાવ્યું હતું કે વહેલી સવારે અડીખમ ફરજ બજાવતા કોરોના વોરિયર્સ સફાઇ કામદારો સાચા અર્થમાં ગ્રામજનોની સેવાઓ કરી રહયા છે. આજે લોકોના સન્માનની તક મળી છે. સોસાયટીના રહીશોએ આ કામદારોને સોશ્યલ ડિસ્ટન્સનું પાલન કરીને પુષ્પગુચ્છ આપી સન્માન કર્યુ હતું. સાથે સાથે રોજીંદા વપરાશમાં આવતી નાની વસ્તુઓની કિટ તથા થોડી રોકડ રકમ પણ આપવામાં આવી હતી. આમ સોસાયટીના રહીશોએ તેઓના કામને બિરદાવી ઋણ સ્વિકારની ભાવના પ્રગટ કરી હતી.

બે-ત્રણ દિવસ તાપમાનમાં આંશિક રાહતની સંભાવના

સુરતમાં દક્ષિણ-પશ્ચિમ દિશાથી ફુંકાતો પવન

સુરત

સમગ્ર દક્ષિણ ગુજરાતમાં આજે સવારથી વાદળછાયુ વાતાવરણ વચ્ચે ગરમીથી આંશિક રાહત અનુભવાઇ રહી છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી અનુસાર ગતરોજ શહેરનું અધિકતમ તાપમાન ૩૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. આજે સવારે શહેરનું ન્યુનતમ તાપમાન ૨૮.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૭૨% અને હવાનું દબાણ ૧,૦૧૦ મિલીબાર નોંધાયું છે. શહેરમાં સવારથી જ દક્ષિણ પશ્ચિમ દિશાથી કલાકના સરેરાશ છ કલાકની ઝડપે પવન ફૂંકાઇ રહ્યો છે. ગતરોજ ની સરખામણીએ આજે ભારે પવનના લીધે ગરમીથી આંશિક રાહત અનુભવાઇ રહી છે. મે મહિનાના બીજા સપ્તાહ દરમિયાન શહેરીજનોને ઉનાળાની કાળઝાળ ગરમીથી રાહત મળી રહી છે. આગામી બે ત્રણ દિવસ સુધી પવનના લીધે તાપમાનનો પારો સામાન્ય કરતાં નીચે નોંધાઇ તેવી શક્યતા છે. હવામાન વિભાગે વધુમાં જણાવ્યું છે કે સમગ્ર દક્ષિણ ગુજરાતમાં આગામી સપ્તાહથી ગરમીમાં વધારો નોંધાઇ તેવી શક્યતા છે.

સુરતમાં આધુનિક મશીનથી ૧૨ કલાકમાં ૩૦૦૦ PPE કીટનું કાપડ કાપી આપે છે

સુરત

શહેરમાં એકમાત્ર પીપીઈ કીટ માટે કાપડ કટીંગ કરી આપતું કારખાનું છે. આધુનિક મશીનથી ૧૨ કલાકમાં ૩૦૦૦ પીપીઈ કીટનું કાપડ કાપી આપે છે. મશીન પર લોડ કરાયેલા ૩૧ મીટર કાપડથી એક સમયમાં ૪૫૦ પીપીઈ કીટનું કાપડ કટીંગ થઈ બહાર આવી જાય છે. એક મહિનામાં દોઢ લાખ પીપીઈ કીટનું કાપડ કટીંગ કરી સિલાઈનું જોબ વર્ક કરતા ૧૦થી વધુ વેપારીઓને સપ્લાય કર્યું છે. સુરતની એક માત્ર આધુનિક મશીન છે જે ૧૨૫-૧૫૦ રૂપિયા સુધીમાં ક્વોલિટી પીપીઈ કીટ તૈયાર કરી આપતી મશીન કહેવાય છે. કાપડ, કટીંગ, સિલાઈ સહિતના ખર્ચ બાદ ૧૨૫-૧૫૦માં પડતી કીટ બજારમાં ૨૫૦-૩૫૦ સુધીના ભાવમાં મળી રહી છે.



કોઈમ્બતુર સ્થિત સિટ્રા(સાઉથ ઇન્ડિયા ટેક્સટાઈલ રિસર્ચ એસોસિએશન) નામની સંસ્થા પીપીઈ કીટ માટેનું કાપડની લેબ ટેસ્ટ કર્યા બાદ પરવાનગી આપે પછી જ કીટનું કટીંગ થાય છે. સુરતના ડીલરને ૩ લાખ કીટનો ઓર્ડર ઇન્ડિયન રેલવે પણ આપ્યો છે. તેમજ અલગ અલગ સંસ્થાઓ, હોસ્પિટલ, પાલિકા સહિતની અનેક સંસ્થાઓ ઓર્ડર આપી રહી છે. આ મશીન ની મદદથી ૪ જણા જ રોજના ૫૦૦૦ કીટ માટે કાપડ કટીંગ કરી નાખે છે. ડોક્ટર અને પરિચારિકા જો ૮ કલાકની નોકરી હોય તો દિવસની બે કીટ જોઈએ. વધતા પોઝિટિવ કેસને લઈ બે પાળીમાં કામ કરવાનું આયોજન કરાયું છે. ૧૦નો સ્ટાફ માલિક સાથે આખો દિવસ કામ કરી ઓછા કર્મચારીઓમાં સોશિયલ ડિસ્ટન્સ રાખી કામ કરે છે.

વર્ષો જુના રિતી રિવાજોમાંથી બહાર નિકળવાનો આ સમય છેઃ સવાણી

ચેમ્બર દ્વારા મથુરદાસ સવાણી સાથે વિશેષ સંવાદ

સુરત

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ગઈકાલે સાંજે ૫:૦૦ કલાકે વિડિયો કોન્ફરન્સ (વેબીનાર) થકી મુઠ્ઠી ઊંચેરા માનવી અને જાણીતાં સમાજ સેવક શ્રી મથુરદાસ સવાણી સાથે વિશેષ સંવાદનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં શ્રી મથુરદાસ સવાણીએ હાલની વર્તમાન પરિસ્થિતિને કારણે ઉભી થયેલી આફતને અવસરમાં બદલવાની દિશામાં સમાજોપયોગી માર્ગદર્શન આપ્યુ હતુ. તેમણે સમાજને કૂરિવાજોમાંથી બહાર નીકળીને ખૂબ જ લગનથી અને પ્રોડક?ટીવિટી સાથે કામ કરવા બાહ્ય ભારણને દૂર કરવાની વાત પ્રસ્તુત કરી હતી. સમાજને રોગમુક?ત બનાવવા જમીનની ફળદ્રુપતા અને કુદરતી જળસંચય વધારવા માટે તેમજ બેટી બચાવો અને ફેમિલી ફાર્મર અભિયાનને સફળ બનાવવા માટે સમાજે મનોમંથન અને ચિંતન કરવાની જરૂર છે. સમાજમાં મોટા પરિવર્તન લાવવા માટે સમાજના પોઝીટીવ માણસોની ટીમ બને તો સમાજ અને દેશ માટે મોટુ કામ કરી શકાશે તેમ તેમણે જણાવ્યુ હતુ.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઈએ જણાવ્યુ હતુ કે, લોકડાઉનમાં લોકોની ધીરજ ખુટી રહી છે. માનસિક અને આર્થિક રીતે હતાશ લોકોને પોતાનું ભવિષ્ય અંધકારમય દેખાઈ રહ્યું છે ત્યારે આજના વેબીનાર થકી શ્રી મથુરદાસ સવાણીના માર્ગદર્શનથી લોકોને ચોકકસપણે મોટીવેશન મળશે.

શ્રી મથુરદાસ સવાણીએ જણાવ્યુ હતુ કે, વર્તમાન સમયમાં અનેક પ્રકારની મુશ્કેલી છે પણ મંદીની પાછળ તેજી હમેશા હોય જ છે. ટેક્ષટાઈલનો વ્યવસાય એકાદ બે મહિના બંધ રહેશે તો આગળ તેજી પણ આવે છે. ડાયમંડ ઈન્ડસ્ટ્રીમાં પણ અત્યાર સુધી આવુ જ જોતા આવ્યા છીએ. ઉદ્યોગ અને વ્યવસાય માટે આવનારા દિવસો સારા જ હશે પણ વર્તમાન સ્થિતિ ખરાબ છે. આ સ્થિતિમાંથી સારુ શું મેળવી શકાય, એનામાંથી નવુ શું શીખી શકીએ કે જે આપણને ભવિષ્યમાં ઉપયોગી થઈ શકે તેના ઉપર ધ્યાન આપવાની જરૂર છે.

તેમણે જણાવ્યુ હતુ કે, માણસ જન્મે અને મૃત્યુ પામે ત્યાં સુધી તે સમાજના સોળ જેટલા પ્રસંગોમાંથી પસાર થાય છે. સમાજના આ પ્રસંગો તેને કયારેક આર્થિક રીતે પાયમાલ કરે છે તેમજ સમય, મેનેજમેન્ટ અને સંબંધ જાળવવામાં મુશ્કેલી પેદા કરે છે. સામાજિક રિતીરિવાજો વ્યકિતને બાહ્યભારણ રાખે છે, જેનાથી કામની કવોલિટી આપી શકાતી નથી. અત્યારથી સ્થિતિમાં વીસ જણાંની હાજરીમાં લગ્ન થઈ રહયાં છે. બેસણાની બધી વિધિઓ ઘરમેળે થઈ ગઈ છે. સમાજે વર્ષો જૂના રિતીરિવાજમાંથી બહાર નીકળવાનો સમય આવી ગયો છે. દુનિયા વચ્ચે વ્યવસાયિક સીમાડા રહયા નથી. એવા સંજોગોમાં અન્ય દેશો સાથેની સ્પર્ધામાં ટકવા માટે મોટી તક ઉભી થઈ છે.

તાતીથૈયામાં યુવક પર ચપ્પુથી ઘાતકી હુમલો

કડોદરા

પલસાણા તાલુકાના તાતીથૈયામાં રહેતા યુવાન ઉપર સોસાયટીમાં રહેતાં અન્ય ઈસમ સાથે મળી માતા-પુત્રએ બહેન સાથે કેમ વાતો કરે તેમ કહી ઉશ્કેરાઈ જઈ ચાકુના ઘા ઝીંકી દેતા ઈજાગ્રસ્ત યુવાનને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. બનાવ અંગે કડોદરા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ ભુસાવળના વતની અને તાતીથૈયા ખાતે રાધે રેસીડેન્સીમાં સલીમ ઉર્ફે માથા ઝાકીર શેખ ઉ.વ.૨૫ રહે છે. ગતરોજ સોસાયટીમાં ગાર્ડન પાસે ઉભો હતો. ત્યારે રાત્રિના સમયે સોસાયટીમાં રહેતાં ધીરજ શેઠ સાથે મળી માતા આશાબેન તથા પુત્ર ગુલ્લુ શેઠે પાસે આવી મારી બહેન સાથે કેમ વાતો કરે છે. રૂપિયા ૫૦૦ કેમ આપેલ છે તેમ કહી નાલાયક ગાળો આપી ઢોર માર માર્યો હતો. ત્યારબાદ આડા સંબંધનો ખાર રાખી ઉશ્કેરાઈ જઈ સલીમને ગળાના ભાગે ચપ્પુના ઘા ઝીંકી લોહી લુહાણ કરી ત્રણેય જણાં નાસી ગયા હતા. ઈજાગ્રસ્ત સલીમને લોકોએ સારવાર અર્થે સુરતની સ્મીમેર હોસ્પિટલમાં લઈ જવાયો હતો.

મહારાષ્ટ્રથી ટ્રકમાં ડાંગ આવેલો ૧૪ લાખનો ગુટખાનો માલ પકડાયો

માલેગાંવથી બટાકા ભરેલી ટ્રકમાં ગુટખા અને તમાકુનો જથ્થો છુપાવાયો હતો

સુરત

મહારાષ્ટ્રથી બટાકા ભરીને લવાતા ટ્રકમાંથી લાખો રૂપિયાની કિંમતનો તમાકુ-ગુટખાનો જથ્થો મળી આવતા ડાંગ પોલીસે ટ્રક સહિત રૂા.૧૮.૯૬ લાખની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી બેની ધરપકડ કરી હતી.

લોકડાઉનમાં પાન-મસાલા સહિત તમાકુની તમામ પ્રોડક્ટના વિતરણ-વેચાણ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો હોવા છતાં પણ ટેમ્પા ટ્રકમાં તમાકુની મોટાપાયે હેરફેર કરવામાં આવી છે. આવા જ એક કિસ્સામાં ડાંગ જિલ્લાના સુબીર નજીકથી પોલીસે એક ટ્રક આંતરીને પાન-મસાલા-ગુટખા-તમાકુનો જથ્થો જપ્ત કરી બે વ્યક્તિની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ડાંગ જિલ્લાના સુબીર નજીક શીંગાણા ફોરેસ્ટ નાકા પાસે પોલીસે ટ્રક નં.એમએચ-૪૧-જી-૭૨૦૦ને અટકાવી આ ટ્રકની ઝડતી લેતા ટ્રકમાંથી વિમલ પાનમસાલા-ગુટખા, તમાકુનો મોટાપાયે જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ટ્રક સહિત રૂા.૧૮,૯૬,૮૦૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. તેમજ મહારાષ્ટ્ર માલેગાંવના ટ્રક ડ્રાઈવર શેખ આસિફ શેખ, શેખ મલામ શેખની ધરપકડ કરી કાયદેસરની ધરપકડ કરવામાં આવી હતી. જ્યારે વઘઈ-વાંસદાની વચ્ચે તમાકુ-ગુટખાનો જથ્થો આપનાર સલીમ નામના વ્યક્તિને વોન્ટેડ જાહેર કર્યો હતો.

નવસારીમાંથી ૧૨૩૦ શ્રમિકો પ્રયાગરાજ જવા રવાના થયા

નવસારી

જિલ્લા કલેકટરશ્રી આર્દ્રા અગ્રવાલના માર્ગદર્શન હેઠળ ગતરોજ વધુ શ્રમિક વિશેષ ટ્રેનના માધ્યમ દ્વારા નવસારી જિલ્લામાં ઉત્તર પ્રદેશના મૂળ નિવાસી ૧૨૩૦ જેટલા પ્રવાસીઓને મોકલવાની સુચારૂ વ્યવસ્થા કરવામાં આવી હતી. શ્રમિક વિશેષ ટ્રેનના માધ્યમ થી વતન તરફ પ્રયાણ કરનારા શ્રમિકોના ચહેરા પર સ્મિત હતું અને લોકડાઉન પુરૂ થતાં નવસારીમાં પાછા વ્યવસાય કરવા આવવાની મક્કમતા હતી..આ ટ્રેન ઉત્તર પ્રદેશના પ્રયાગરાજ માટે નિર્ધારિત કરવામાં આવી હતી. જિલ્લા વહીવટી તંત્રે પ્રવાસીઓને ફૂડ પેકેટ અને પાણીની બોટલ આપવામાં આવી હતી.

મદ્રેસામાં ભણતા ૬૭૦ વિદ્યાર્થીઓની વ્હારે આવ્યા કલેકટર ડો. ધવલ પટેલ

વતન બિહાર જવા માંગતા ૬૭૦ વિદ્યાર્થીઓ તત્કાલ ટ્રેન દ્વારા જવાની વ્યવસ્થા

સુરત

સમગ્ર વિશ્વમાં કોરોના વાયરસ કહેર વર્તાવી રહ્યો છે ત્યારે ભારતમાં પણ તેના સંક્રમણને નાથવા માટે ભારત સરકાર દ્વારા લોકડાઉન અમલમાં મૂકવામાં આવ્યું છે. તેવા સમયે સૂરત શહેરની મદ્રેસા ઈસ્લામીયા વકફમાં અભ્યાસ કરતા અને મૂળ બિહારના વતની એવા ૬૭૦ જેટલા વિદ્યાર્થીઓની વ્હારે જિલ્લા કલેકટર ડો.ધવલ પટેલ આવ્યા હતા. મદ્રેસામાં વેકેશન હોવાથી વતન બિહાર જવા માંગતા ૬૭૦ વિદ્યાર્થીઓ લોકડાઉનના કારણે સુરતમાં ફસાઈ ગયા હતા, જેમને તત્કાલ સ્પેશ્યલ ટ્રેન દ્વારા બિહાર પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. તા.૦૯મીની મધ્ય રાત્રિના ૧.૩૦ વાગ્યે કુલ ૬૭૦ મદ્રેસાના વિદ્યાર્થીઓ તથા અન્ય શ્રમિકો મળી કુલ ૧૧૯૫ ને લઈને સ્પેશ્યલ ટ્રેન તેમના માદરે વતન બિહાર જવા રવાના થઈ હતી. ૨૪ કલાકનું ૨૦૭૩ કિલોમીટરનું અંતર કાપી નોનસ્ટોપ ટ્રેન બિહારના પટના પહોંચશે. મદ્રેસાના તમામ વિદ્યાર્થીઓની આંખોમાં વતન જવાની ખુશી છલકાતી હતી.

મદ્રેસાના ટ્રસ્ટી સલીમભાઈ ચાંદીવાલા (મામા)એ જણાવ્યું કે, શહેરની મદ્રેસા ઈસ્લામિયા વકફની શહેરની અલગ-અલગ શાખાઓમાં બિહાર રાજયના ગરીબ પરિવારના ૧૪ થી ૨૨ વર્ષની બાળકો અને કિશોરો અભ્યાસ કરી રહ્યા હતા. તેઓની પરીક્ષાઓ પૂર્ણ થતા તા.૨૩ અને ૨૪મી માર્ચના રોજ વતન બિહાર જવા માટે ટ્રેનનું એડવાન્સ ટિકીટનું બુકીંગ કરવામાં આવ્યું હતું. પરંતુ કોરોના સંક્રમણને અટકાવવા માટે કરવામાં આવેલા લોકડાઉનના પરિણામે તેઓ અહીં મદ્રેસામાં ફસાયા હતા. બિહાર ખાતે રહેતા બાળકોના માતા-પિતા તરફથી વારંવાર રજૂઆતો કરીને પોતાના બાળકોને વતન આવવા માટે ચિંતા કરવામાં આવતી હતી. લોકડાઉન લંબાયું હોવાથી બંધ વાહનવ્યવહારની સ્થિતિમાં બાળકોને વતન મોકલવા માટે ટ્રસ્ટીગણ ચિંતામાં મૂકાયા હતા. લાંબા સમયથી વતન જવાની રાહ જોઈ રહેલા કેટલાક બાળકોની માનસિક સ્થિતિ પર વિપરિત અસર થઈ રહી હતી.. આ અરસામાં ભારત સરકારે શ્રમિક ટ્રેનોની પરવાનગી આપતા અમે જિલ્લા કલેકટરશ્રી ડો.ધવલ પટેલને મળીને સમગ્ર પરિસ્થિતિથી વાકેફ કર્યા. સરળ અને નિખાલસ સ્વભાવના કલેકટરશ્રીએ બાળકોની ચિંતા કરીને વતન જવા માટે ટ્રેનની તત્કાલ વ્યવસ્થા કરી આપી. સમગ્ર કેન્દ્ર તથા રાજય સરકાર, જિલ્લા વહીવટીતંત્ર, રેલ્વે તથા સુરત મહાનગર પાલિકાના સહયોગથી તા.૯મીના રોજ મધ્યરાત્રિએ ૧.૩૦ વાગે બાળકોનું સ્ક્રિનીગ, મેડિકલ ચેકઅપ સાથે સોશિયલ ડિસ્ટન્સીગના પાલન સાથે સુરત રેલ્વે સ્ટેશન ખાતેથી ૬૭૦ જેટલા બાળકો-કિશોરોને સૂરતથી બિહારના પૂર્ણીયાની સ્પેશ્યલ ટ્રેનમાં રવાના કરવામાં આવ્યા હતા.

લોકડાઉન વચ્ચે સુરત વિપરીત પરિણામનો કિસ્સો

સુરત : ૮ મહિનાની બાળકીને પિતાએ જ પછાડી મારી નાંખી

બાળકી રડતી હોવાના લીધે ઉંઘ બગડતા ઉશ્કેરાયેલ પિતાનું ક્રૂરતાભર્યુ કૃત્ય : વિસ્તારમાં ભારે અરેરાટી, પિતાની ધરપકડ

અમદાવાદ

કોરોનાના કહેર વચ્ચે લોકડાઉનના કારણે લોકોની માનસિક સ્થિતિ પર અસર થઈ રહી હોવાના એક પછી એક અનેક કિસ્સા રાજયના જુદા જુદા વિસ્તારોમાંથી સામે આવી રહ્યા છે. ત્યારે આવી જ એક ઘટના સુરતમાં બની છે. જેમાં સલાબતપુરા વિસ્તારમાં આઠ મહિનાની બાળકી રડતી હોવાના કારણે ઉંઘ ખરાબ થતા ઉશ્કેરાઈ ગયેલા પિતાએ તેને પછાડી કરપીણ હત્યા કરી નાખી હતી. ઘટનાની જાણ થતા ઘટના સ્થળે પહોંચેલી પોલીસે પિતાની ધરપકડ કરી છે. બનાવને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે અરેરાટીની લાગણી પ્રસરી ગઇ હતી. આ અંગે પ્રાપ્ત માહિતી પ્રમાણે, સુરતના સલાબતપુરા વિસ્તારમાં આવેલા રેશનવાડમાં ઉર્વેશ શેખ પરિવાર સાથે રહે છે અને લોન્ડ્રીનું કામ કરે છે. આજે ઘરમાં પોતાની આઠ મહિનાની બાળકી રડતી હોવાના કારણે ઉંઘ ખરાબ થઈ હતી. જેથી ઉશ્કેરાયેલા ઉર્વેશે પોતાની જ બાળકીને માર મારી પછાડી દેતા ગંભીર ઈજાથી મોત થયું હતું. ઘટનાની જાણ થતા પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી. હાલ સલાબતપુરા પોલીસે પિતાની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. જો કે, બનાવને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ હતી. ખાસ કરીને આઠ મહિનાની ફુલ જેવી બાળકીને જમીન પર પટકી ક્રૂરતાપૂર્વક મારી નાંખવાના કૃત્યને લઈ ભારે અરેરાટીની લાગણી પણ પ્રસરી ગઈ હતી. લોકોએ ફુલ જેવી બાળકીની કરપીણ હત્યાને લઈ ક્રૂર પિતા પર ફિટકાર વરસાવ્યો હતો.

નવસારીનો માત્ર એક દર્દી હોસ્પિટલમાં સારવાર હેઠળ

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.દિલીપ ભાવસારે નવસારી જિલ્લામાં કોરોના વિષયક પરિસ્થિતિની જાણકારી આપતાં જણાવ્યું કે અત્યાર સુધીમાં જિલ્લામાં કુલ ૦૮ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા છે જે પૈકી ૭ દર્દીઓ સાજા થઈ ગયા છે અને ૧ દર્દી સારવાર હેઠળ છે. હાલમાં જિલ્લામાં જ્યાં પોઝિટિવ કેસો નોંધાયા છે એવા કન્ટેનમેંટ ઝોન અને સંલગ્ન બફર ઝોનના વિસ્તારોમાં આરોગ્ય સર્વેક્ષણ સહિતની તકેદારીઓ મેડિકલ ટીમો દ્વારા લેવામાં આવી રહી છે.પોઝિટિવ કેસો સાથે નિકટ સંપર્ક હોય એવા વ્યક્તિઓને હોમ કોરોન્ટાઈનમાં તકેદારી હેઠળ રાખવામાં આવ્યા છે.

પલસાણામાં કાર્ડ વગરના ૧૭ હજાર પરિવારોને મફત અનાજનું વિતરણ

સુરત

લોકડાઉન બાદ રાજય સરકારે જાહેર કરેલ અન્ન બ્રહ્મ યોજના હેઠળ પલસાણા તાલુકાના પુરવઠા શાખા દ્વારા કડોદરામાં અનાજનું વિતરણ કરવામાં આવેલ જેમાં રાશન કાર્ડ વગરના ૧૭ હજારથી વધુ લાભાર્થીઓએ લાભ લીધો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર લોકડાઉન જાહેર થયા બાદ રાશન કાર્ડ વગરના છુટક મજુરી કરતા લોકોને રાજય સરકાર તરફથી અન્ન બ્રહ્મ યોજના હેઠળ અનાજ આપવાનું જાહેર કરેલ છે. ત્યારે પલસાણા તાલુકાના પુરવઠા વિભાગ દ્વારા કડોદરામાં આવેલ કચ્છ સમાજની વાડી ખાતે અન્ન બ્રહ્મ યોજના હેઠળ પ્રતિ વ્યક્તિ ૩.૫ કિલો ઘઉં ૧.૫ કિલો ચોખા ૧ કિલો મીઠુ , ૧ કિલો ચણા, ૧ કિલો તુવેર દાળનું વિતરણ કરવામાં આવ્યું છે. જેમાં સોશિયલ ડિસ્ટન્સના પાલન સાથે કડોદરા સહિત આસપાસના ગામોના વિસ્તારના રાશન કાર્ડ વગરના મધ્યમ વર્ગના ૧૭૦૦૦થી વધુ લોકોએ યોજનાનો લાભ લઈ રાહત અનુભવી છે.

વરેલીમાં પોલીસ પર હુમલો કરનાર ૨૦૪ પરપ્રાંતિયો પૈકી વધુ ૯ આરોપી પોઝિટિવ



સુરત


વરેલી ગામમાં વતન જવાની માંગ સાથે વિફરેલા પરપ્રાંતીયોએ પોલીસ પર હુમલો કરવાની ઘટના બાદ પકડાયેલા આરોપીઓના તબક્કાવાર કોરોના સેમ્પલો લેવામાં આવ્યા હતા. જેમાં રવિવારે વધુ ૯ હુમલાખોરના કોરોના પોઝિટિવ રિર્પોટ આવતા આંકડો ૧૫ પર પહોંચ્યો હતો.

ત્રીજા લોકડાઉનના પ્રથમ દિવસે ૪ મેના રોજ પલસાણાના વરેલી ગામે રહેતા પરપ્રાંતીયો વતન જવાની માંગ સાથે ઉશ્કેરાઈ રસ્તા પર ઉતરી આવી પોલીસ પર હુમલો કર્યો હતો.મોડી રાત્રિએ મુખ્ય આરોપીઓ સહિત ૨૦૪ની ધરપકડ થઈ હતી.

કામરેજના ઘલુડીમાં પોલીસ હેડક્વાર્ટરમાં તમામને રાખવામાં આવ્યા હતા. બીજા દિવસે કોર્ટમાં રજૂ કરતા પહેલા મેજિસ્ટ્રેટના હુકમથી તમામ આરોપીઓનો કોરોના રિપોર્ટ કાઢવાનો હુકમ કરવામાં આવતા તબક્કા વાર ૩ દિવસ સેમ્પલ લઈ ચકાસણી અર્થે મોકલી આપવામાં આવ્યા હતા. આ સેમ્પલ પૈકી પ્રથમ દિવસે ૨, બીજા દિવસે ૪ અને રવિવારના રોજ ૯ ના રિપોર્ટ કોરોના પોઝિટિવ આવતાની સાથે જ તંત્ર ફફડી ઉઠ્યું હતું.

એક જ ગામમાં ૧૫ કોરોના પોઝિટિવ કેસ આવતા વરેલી ગામ સુરત જિલ્લા માટે હોટ સ્પોટ સાબિત થયું હતું. રિપોર્ટ આવ્યાની સાથે જ પોલીસ અને આરોગ્ય ટીમ વરેલી ગામ પહોંચી કોરોન્ટાઇન કરવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી. પથ્થરમારામાં પરપ્રાંતીયોને સમજાવવા ગયેલા કડોદરાના પરપ્રાંતીય નેતાઓ ટોળામાં ૧ કલાકથી વધુ સમય રહ્યા હતા.૧૫ હુમલાખોરના કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા નેતાઓ સ્વૈચ્છિક કોરોન્ટાઇન થઈ એ જરૂરી છે.

સુરત લૉકડાઉનમાં યુવકે પોતાની હોટલમાં ચાલુ કરી વાળંદની દુકાન, થઈ ધરપકડ



સુરત

કોરોના વાયરસને કારણે લૉકડાઉન દરમિયાન ચાની હોટલ ચલાવતા યુવાનનો ધંધો ન ચલવાથી તેણે વાળંદનો ધંધો શરૂ કર્યો હતો. નવા ધંધા માટે એક યુવકે જરૂરિયાત મુજબ બહારથી માણસો બોલાવી વાળંદની દુકાન શરુ કરી ગ્રાહકોને ભેગા કર્યા હતા. જોકે, આવુ કરવુ યુવાનને ભારે પડ્યું હતું. પોલીસે આ યુવક સાથેના લોકો વિરુદ્ધ લોકડાઉન ભંગનો ગુનો નોંધીને જેલના સળિયા પાછળ મોકલી આપ્યા છે.

કોરોના વાયરસ વચ્ચે લોકડાઉન ચાલી રહ્યું છે. ત્યારે લોકોના વેપાર ઉધોગ બંધ થઈ ગયા છે. જેથી તેમની હાલત દિવસેને દિવસે બગડી રહી છે. તેવામાં અલથાણ સોહમ સર્કલ ખાતે આવેલી શ્રી સાંઇ ગોલ્ડન ચા હોટલના માલિક મંગલ જગન્નાથ પાલ લોકડાઉનમાં પોતાનો વેપાર નહિ ચાલતો હોવાને લઈને રૂપિયાની જરૂરિયાત હતી. જેથી તેણે પોતાની હોટલમાં વાળંદ ચંદનકુમાર શત્રુધ્ન ઠાકુરને બહારથી બોલાવ્યા હતા. અહીંયા વાળ કટીંગ કરવા માટે બનારસીલાલ જગન્નાથ, વૈશ્યબિશુ ઉર્ફે વિશ્વનાથ ધશુ શર્મા, રાકેશસીંગ નરેન્દ્રસીંગ અને બાલેન્દ્રપ્રસાદ ગજરાજપ્રસાદ તિવારી, અનિલ બિજય સીંગ અને રામસાગર શિવપૂજન પાલ ભેગા થયા હતા. આ ઘટનાની જાણકારી સ્થનિક લોકોએ એપોલીસને આપી હતી જેને લઈને પોલીસ આ હોટલ પર આવીને તપાસ કરી હતી. આ તમામ લોકો વિરુદ્ધ ખટોદરા પોલીસે હોટલ માલિક, વાળંદ સાથે વાળ કટીંગ કરવા આવેલા તમામ લોકોની ધરપક કરીને તેમના વિરુદ્ધ એપેડમિક ડિસીઝ એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ચોર્યાસી તાલુકા તથા શાંતિ ઉત્કર્ષ મહિલા મંડળ ગ્રુપ - સુરત દ્વારા 'મધર ડે' ની અનોખી ઉજવણી કરવામાં આવી



સુરત

અત્યારે વિશ્વના મોટાભાગના દેશો જ્યારે કોરોના વાઇરસ થી પીડાય રહ્યા છે ત્યારે આપણો દેશ પણ આ પીડા થી બાકાત નથી રહ્યો. દિવસે ને દિવસે પરિસ્થિતી વિકટ બનતી જાય છે જ્યારે આપના માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના અને ઉપમુખ્યમંત્રી અને હેલ્થ મિનિસ્ટર એવા નિતિનભાઈ પટેલના સંદેશ રૂપે સફાઈ કર્મચારીઓ કે જેઓ રાત દિવસ ખડે પગ પોતાની ફરજ બજાવે છે. ત્યારે આપને પણ તેમનું સન્માન કરવું જોઈએ.

સુરત શહેરના પુર્વ મેયર શ્રીમતી અસ્મિતાબેન શિરોયા માર્ગદર્શન નીચે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સુરત શહેરની જાણીતી સંસ્થા શાંતિ ઉત્કર્ષ મહિલા મંડળ,નેહરૂ યુવા કેન્દ્ર સુરત અને ઈંડિયન રેડક્રોસ સોસાયટી ચોર્યાસી તાલુકા બ્રાન્ચ સહયોગથી મધર ડે× એટલે માતાનો ઋણ સ્વીકારવાનો દિવસ નિમિતે સુરત મ્યુનિસિપલમાં કામ કરતાં સફાઈ કર્મચારીઓ કે જેઓ પોતાના ફરજના ભાગ રૂપે દિવસ રાત આપના શહેરને ચોખ્ખું રાખીને રોગ મુક્ત અને કોરોના મુક્ત બનાવી રહ્યા છે.આવા કર્મચારીઓ સાચા અર્થમાં કહીએ તો માતાની ભૂમિકા ભજવી રહ્યા છે. તેઓની કાળજી રાખવીએ આપણાં સૌની ફરજ છે તેવું માની સુરત શહેરના હોમગાર્ડઝ કમાન્ડન્ટ સાથે રેડક્રોસ બ્રાન્ચ સુરતના પ્રમુખ ડો. પ્રફુલ્લભાઈ શિરોયા, નેહરૂ યુવા કેન્દ્ર સુરતના સંયોજક સચિન શર્મા, યુથ રેડ કોસના ડો. કોમલ શિરોયા (દેસાઈ) તેમજ રંગઅવધુત સોસાયટીના રહીશો દ્વારા માસ્ક, હોમિયોપેથિક દવા, મલ્ટી વિટામિન યુક્ત એનર્જી ડ્રિક આપી સાથે તાળીઓ પાડીને માન સન્માન આપવામાં આવ્યું હતું.

આ પહેલા પણ સોસાયટીમાંથી કચરો એકત્રીત કરતાં કર્મચારીઓનું ફુલોથી સ્વાગત કરીને આર્થિક સહયોગ પણ આપવામાં આવ્યો હતો. વરાછા ઝોન ઓફિસમાં આવેલ દરેક ૧૧ જેટલી વોર્ડ ઓફિસના આશરે ૭૦૦ જેટલા કર્મચારીઓને ગરમીમાં ઠંડક મળે તે હતું થી આઈસ્ક્રીમ પણ આપવામાં આવ્યો હતો.આ સેવાકીય કાર્યમાં મયુર પાનસેરીયા અને યોગેશનો સહયોગ સાંપડયો હતો.આમ ઉપરોક્ત સંસ્થાઓ દ્વારા આવા કર્મચારીઓનું ત્રીજી વખત સન્માન આપવામાં આવ્યું હતું.

સુરત તંત્રમાં સંકલનના અભાવે છેલ્લા ચાર દિવસથી પેસેન્જરો અટવાયા

અસંખ્ય સૌરાષ્ટ્રવાસી રત્નકલાકારો માટે હવે બસની વ્યવસ્થા કરાઈ




સુરત

દોઢ મહિના સમય કરતાં પણ વધારે લંબાયેલા લોકડાઉનનો સમય પસાર કર્યા પછી સુરતમાં રહેતા સૌરાષ્ટ્રવાસી રત્નકલાકારો પોતાના વતન જવા ઈચ્છે છે. સરકારે મંજૂરી આપી એસ.ટી.નિગમ બસ ફાળવી રહી છે. પરંતુ સંકલનના અભાવે છેલ્લા ચાર દિવસથી પેસેન્જરો અટવાયા છે. ગત રોજ ડાયમંડ એસોસિએશન ઓફિસની બહાર મોટી સંખ્યામાં એકત્ર થયેલા રત્ન કલાકારોએ વતન મોકલવાની માંગ કરી હતી. જેથી સરકારી તંત્રે એસોસિએશન સાથે સંકલન કરી આજે લંબે હનુમાન બસ ડેપો ખાતેથી રત્નકલાકારોને વતન લઈ જવા બસની વ્યવસ્થા કરાઈ છે. એક તરફ કોરોના કેસ વધી રહ્યા છે તો બીજી બાજુ લોકડાઉન વધારે લંબાઈ અથવા તો સખત કરવામાં આવે તો અમે ઘર બાર જઈ શકશું નહીં તે ડરને લીધે અસંખ્ય લોકો ખૂબ જ ઝડપથી પોતાના વતનમાં પહોંચી જવાની ઉતાવળ કરી રહ્યા છે. ૩૦નું ગ્રુપ બનાવી આધારકાર્ડ નંબર સાથેનું લિસ્ટ અને પૈસા ભરી બસ મેળવી શકાય તેવી વ્યવસ્થા ગોઠવાઈ હોય તેના આધારે લગભગ ચાર હજાર કરતા વધારે બસનું બુકીંગ થઈ ચૂક્યું છે. તેમાંથી ૧૧૫૦ બસનું ડાયમંડ એસોસિએશનના માધ્યમથી બુકિંગ થયું છે. એસોસિએશન ઓફિસની બહાર મોટી સંખ્યામાં એકત્ર થયેલા રત્નકલાકારોના કહેવા મુજબ જે લોકોએ પ્રથમ બુકીંગ કરાવ્યું છે તેઓને હજુ બસ ફાળવવામાં આવી નથી અને ગઈકાલનું બુકિંગ થયું છે તેઓને બસ ફાળવી દીધી રવાના થઈ ગયા છે. અને કેટલાક લોકો પોતાના વતનમાં પહોંચી પણ ગયા છે.

સંકલનના અભાવે થયું હોવાની ચર્ચા થઈ રહી હતી પરંતુ રત્નકલાકારોનો આક્ષેપ એવો હતો કે, લાગવગશાહી અને ઓળખાણ વાળાને પ્રથમ બસ ફાળવવામાં આવી છે. ગ્રુપ લીડર જીગ્નેશ વઘાસિયા અને સાગર રાઠોડે જણાવ્યું હતું કે, અમે સાત તારીખે ફોર્મ ભર્યા હોવા છતાં પણ અમને બસ ફાળવવામાં આવી નથી. અમારા પછી જે લોકોએ ફોર્મ ભર્યા છે તેઓને બસ મળી ગઈ છે. જીગ્નેશ ઉકાણીએ જણાવ્યું કે, અમને ત્યાં સુધી પહોંચવામાં મોટી મુશ્કેલી પડે છે. રસ્તામાં પોલીસ અમને જવા દેતા નથી અને અમારા અસંખ્ય મિત્રોએ પોલીસના ડંડા ખાઈને પણ ત્યાં ફોર્મ ભર્યા છે. છતાં પણ અમે બસથી વંચિત રહી ગયા છીએ તેથી અમારી આ વ્યથા છે.

સુરતમાં વેડરોડ સરદાર હોસ્પિટલ પાસેથી બાળકનું અપહરણ કરતો શખ્સ ઝડપાયો

પોલીસ લાઉડ સ્પીકરથી એનાઉન્સ કરી કરી રહી છે બાળકના માતા-પિતાની શોધખોળ



સુરત

શહેરના વેડરોડ વિસ્તારમાં આવેલી સરદાર હોસ્પિટલ પાસેથી બાળકને લઈને ભાગતા એક ઈસમને પોલીસ પકડી પાડ્યો હતો. શંકાસ્પદ હલચલ બાદ પોલીસની પૂછપરછમાં બાળકના અપહરણનો પ્રયાસ બહાર આવ્યો હતો. હાલ પોલીસ દ્વારા વેડરોડ વિસ્તારમાં બાળકને સાથે રાખી લાઉડ સ્પીકરથી એનાઉન્સ કરી બાળકના માતા-પિતાની શોધખોળ ચાલી રહી છે.

પોલીસના જણાવ્યા પ્રમાણે, બાળકને લઈને ભાગતા ઈસમને પકડી પાડ્યા બાદ તેની પૂછપરછ હાથ ધરવામાં આવી છે. જોકે, તેની પાસેથી હજુ કોઈ ચોક્કસ મહિતી મળી નથી. જેથી મહિલા પોલીસ હાથમાં બાળક ઊંચકીને ચાલતા ચાલતા વેડરોડ સહિતના વિસ્તારોમાં ફરીને પરિવાર શોધી કાઢવાનો પ્રયાસ કર્યો છે. પોલીસ વાનના લાઉડ સ્પીકર દ્વારા એનાઉન્સ કરી બાળકના પરિવારને શોધવાનો પ્રયાસ કરાઈ રહ્યો છે.

ડાંગ જીલ્લો બન્યો કોરોનામુક્ત

ત્રણ દર્દીઓના કોરોના રિપોર્ટ નેગેટિવ આવતા તંત્રએ રાહત

ડાંગ

ગુજરાતમાં આમ તો કોરોનાના કેસ કૂદકે ભૂસકે વધી રહ્યાં છે પરંતુ આજે એક રાહતના સમાચાર મળ્યા છે. રાજ્યનો ડાંગ જિલ્લો આજે કોરોના વાયરસથી મુક્ત થયો છે. ડાંગ જિલ્લાના ત્રણ દર્દીઓના કોરોના રિપોર્ટ નેગેટિવ આવતા તંત્રએ રાહતની અનુભવી છે. કલેક્ટરે જિલ્લાને કોરોના મુક્ત જાહેર કરી આગોતરા આયોજન માટે મિટિંગ કરી. મહામારીથી જિલ્લો મુક્ત બનતા વહીવટી તંત્ર, ડોક્ટરો, પ્રજાજનોમાં ખુશીની લાગણી જોવા મળી.

અત્રો જણાવવાનું કે ગુજરાતમાં કોરોના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે ત્યારે ડાંગના આ પોઝિટિવ સમાચાર રાહત આપનારા છે. રાજ્યના આરોગ્યવિભાગ દ્વારા છેલ્લે જાહેર કરાયેલા આંકડા મુજબ ગુજરાતમાં હાલ કોરોનાના ૮૧૯૫ કેસ છે. જ્યારે ૪૯૩ લોકોએ જીવ ગુમાવ્યાં છે. કુલ ૨૫૪૫ લોકો રિકવર થયા છે. રાજ્યમાં અમદાવાદ, સુરત અને વડોદરામાં સૌથી વધુ કેસ જોવા મળી રહ્યાં છે.

નવસારીમાં લોક ડાઉન ભંગ બદલ ૧૭૪ લોકની અટક

નવસારી પોલીસ દ્વારા લોકડાનની કડક અમલવારી

નવસારી

કોરોના વાયરસની મહામારી વચ્ચે સંક્રમણને અટકાવવા નવસારી જિલ્લા પોલિસ દ્વારા લોકડાઉનમાં કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.


નવસારી જિલ્લા પોલીસ દ્વારા પ્રાપ્ત થયેલી વિગતો અનુસાર તા.૯મી મે ના રોજ પોલીસ દ્વારા નિયમોનું ઉલ્લંઘન કરનારા ઈસમો સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેમાં કલમ ૧૮૮ આઈપીસી કલમ ૧૩૫ ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ હેઠળ ૧૩૫ સામે એફ.આઈ.આર. કરવામાં આવી છે તેમજ ૧૭૪ ની અટક કરવામાં આવી છે. જિલ્લામાં ૯૩ વાહનો ડીટેઈન કરવામાં આવ્યા હતા અને રૂ.૨૫૦૦નો દંડ વસુલ કરવામાં આવ્યો હતો. તા. ૦૯મી મે સુધીમાં કુલ ૮૨૩૮ એફઆઈઆર કરવામાં આવી છે. તેમજ કુલ ૯૧૪૫ વ્યકિતઓની અટકાયત કરવામાં આવી છે. શહેરીજનોને લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરી કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે સહયોગ આપવા અને ઘરમાં સુરક્ષિત રહેવાની અપીલ નવસારી જિલ્લા પોલીસ દ્વારા કરવામાં આવે છે.

સુરતમાં કોરોના સામેના રિકવરી રેટમાં વધારો થતા તંત્રમાં રાહત

એક મહિનામાં નોંધાયેલા ૨૩૩ કેસ પૈકી ૨૦૮ દર્દી રિકવર, ૧૩ એક્ટિવ અને ૧૨ના મોત થયા

સુરત

શહેર-જિલ્લામાં પોઝિટિવ કેસનો આંક ૯૩૩ પર પહોંચી ગયો છે. જોકે,સારા સમાચાર એ છે કે, ગત રોજ સિવિલ હોસ્પિટલની તબીબ અને સ્ટાફ નર્સ સહિત શહેર જિલ્લામાં કોરોનાને મ્હાત આપી ૬૨ દર્દીઓ સાજા થતા તેમને રજા આપી દેવામાં આવી હતી. આ સાથે અત્યાર સુધીમાં કુલ ૫૩૦ વ્યક્તિઓ કોરોનાને મ્હાત આપી સાજા થયા છે. જેથી રિકવરી રેટ ૫૭ ટકા જેટલો થઈ ગયો છે. કોરોના વાઈરસનો પહેલો કેસ ૧૯ માર્ચના રોજ નોંધાયો હતો. ત્યારબાદ સુરતમાં કેસમાં વધારો થઈ રહ્યો હતો. દરમિયાન ૧૪ દિવસની સારવાર બાદ દર્દીઓ રિકવર થવાની શરૂઆત થઈ હતી. શરૂઆતના એક મહિનો એટલે કે ૧૯ માર્ચથી ૧૯ એપ્રિલ સુધીમાં ૨૩૩ કેસ નોંધાયા હતા. જેમાંથી અત્યારે ૨૦૮ દર્દીઓ રિકવર થઈ ચૂક્યા છે. જ્યારે ૧૨ના મોત થયા હતા. જ્યારે હાલ ૧૩ કેસ એક્ટિવ હોવાનું



પાલિકાની વેબસાઈટ પરથી જાણવા મળ્યું છે. ૧૯ એપ્રિલથી ૧૦ મે સુધીમાં ૭૦૦ કેસ નોંધાયા છે. જેમાં લિંબાયત વિસ્તારમાં સૌથી વધુ કેસ નોંધાયા છે. ૧૯ એપ્રિલ બાદ નોંધાયેલા કેસ પૈકી ૩૨૨ દર્દીઓ રિકવર થઈ ચૂક્યા છે. જ્યારે ૨૭ના મોત થયા છે. હાલ સિવિલ હોસ્પિટલમાં ૩૫૧ કેસ એક્ટિવ છે.

નવસારી જિલ્લામાં ૧૧.૪૦ લાખથી વધુ લોકોના સર્વે

૧૭૭૬ પૈકીના ૧૭૪૨ સેમ્પલના રિપોર્ટ નેગેટવિ

નવસારી

કોવિડ-૧૯ વાયરસ સંક્રમણને પગલે નવસારી જિલ્લામાં તા.૧૦/૦૫/૨૦૨૦ના રોજ ૨૭ સેમ્પલ લેવામાં આવ્યા છે. જેમાં નવસારી- ૦૫, જલાલપોર-૧૧, ગણદેવી- ૧૧ સેમ્પલ લેવામાં આવ્યાં છે. જેમાં અત્યાર સુધીમાં કુલ- ૧૭૭૬ સેમ્પલ પૈકી ૧૭૪૨ સેમ્પલ નેગેટીવ આવ્યા છે. ૨૬ સેમ્પલના રીઝલ્ટ બાકી છે.

જિલ્લામાં આરોગ્ય કર્મચારીઓ દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વેની ઘનિષ્ટ કામગીરી થઈ રહી છે. જિલ્લામાં ચોથા રાઉન્ડમાં હાઉસ ટુ હાઉસ સર્વેમાં ૧૧,૪૦,૩૧૪ વસ્તીને આવરી લેવામાં આવી છે.

જિલ્લામાં કુલ-૦૩ કોવિડ-૧૯ હોસ્પિટલ છે. કુલ-૦૮ પોઝીટીવ કેસ છે. આજદિન સુધીમાં કુલ ૭ દર્દીઓ કોરોનાની સારવાર લઈ સાજા થઈને રજા આપી દેવામાં આવી છે. સિવિલ હોસ્પિટલ, યશફીન હોસ્પિટલ અને ઉદિત હોસ્પિટલ વાંસદાને કોવિડ-૧૯ હોસ્પિટલ તરીકે માન્ય રાખવામાં આવી છે. ત્રણ હોસ્પિટલ મળીને કુલ-૩૦૦ આઇસોલેશન બેડ તથા ૩૦ આઇ.સી.યુ.બેડની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. નવસારી જિલ્લામાં આજદિન સુધીમાં કુલ-૦૮ પોઝીટીવ કેસ નોદ્ધધાયાના અહેવાલ જિલ્લા પંચાયત, આરોગ્ય વિભાગ દ્વારા જણાવાયું છે.

ભરૂચ, અંકલેશ્વરમાં આજથી શાકભાજી વિક્રેતાઓનું સ્ક્રિનિંગ

ભરૂચમાં એસઆરપીના બે જવાનોના કોરોના રિપોર્ટ પોઝીટિવ આવતા તંત્ર હરકતમાં

ભરૂચ

ભરૂચમાં વળી પાછા કોરોનાના બે કેસ જોવા મળ્યાં છે. અમદાવાદ ફરજ પર ગયેલા એસઆરપીના બે જવાનોના કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. વાલિયાના રૂપનગર ખાતે આવેલા એસઆરપી કેમ્પના બે જવાનો કોરોનાના ચેપનો ભોગ બન્યાં. અત્રે જણાવવાનું કે સમગ્ર ગુજરાતમાં કોરોનાનો પ્રકોપ જોવા મળી રહ્યો છે. અમદાવાદ, સુરત, વડોદરામાં કોરોનાના સૌથી વધુ કેસ નોંધાયા છે. ભરૂચની વાત કરીએ તો ભરૂચમાં અત્યાર સુધીમાં ૨૮ કેસ નોંધાયા હતાં અને ૨ વ્યક્તિના મૃત્યુ થયા છે.


ભરૂચ અને અંકલેશ્વરમાં આજથી શાકભાજી વિક્રેતાઓનું સ્ક્રિનિંગ હાથ ધરાશે. ૩ દિવસમાં ૧૫૦૦થી વધુ શાકભાજી વિક્રેતાઓના આરોગ્યનું ચેકિંગ શરૂ થશે. હેલ્થ કાર્ડ વગર શાકભાજી વેચવા પર પ્રતિબંધ છે અને કાર્ડ વગર પકડાયા તો ગુનો નોંધાશે. જિલ્લા બહારથી આવનાર લોકોની જાણકારી આપવા હેલ્પ લાઈન નંબર જાહેર,૯૦૯૯૯ ૧૮૯૨૪ જાહેર કરાયો છે.

સાયબર ઠગ દ્વારા બેંક ખાતામાંથી ઓનલાઈન ઉપાડી લીધેલા રૂ.૫૦, ૦૦૦/- પરત મેળવી આપતી ભરૂચ સાયબર ક્રાઇમ સેલની ટીમ

ભરૂચ જિલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાંના માર્ગદર્શન હેઠળ ભરૂચ જિલ્લામાં બનતા સાયબર ક્રાઇમના કેસમાં જેમાં નાણાકીય છેતર પીંડીના બનાવોમાં ભોગ બનનારને તાત્કાલીક મદદરૂપ થવા જણાવેલ જેથી જિલ્લાની સાયબર ક્રાઇમ સેલની ટીમ હંમેશા આવા બનાવોમાં ભોગ બનનાર ને તાત્કાલિક મદદરૂપ થાય છે.

ગત તા.૨૦ એપ્રિલના રોજ દેવેંદ્રકુમાર પરમાર રહે. પ્લોટ નં-૧૬,શ્રીજી દર્શન- ૨ સોસાયટી, સાંઇવાટિકાની પાછળ, અંકલેશ્વર, કોસમડી,ભરૂચ ના એ પોતે બેંક ઓફ બરોડામાં ખાતુ ધરાવે છે, જેમને કોઇ અજાણ્યા નંબર પર થી ફોન આવેલ અને સામેથી એવુ કહેલ કે તમને પ્રધાનમંત્રી તરફથી રૂ.૨૦૦૦/- આપવામાં આવે છે જે તમને મળવાપાત્ર છે.જેવી ખોટી ઓળખ આપી તેમની પાસેથી એ.ટી.એમ. કાર્ડની વિગત મેળવી ઓનલાઈન રૂ.૫૦, ૦૦૦/- ઉપાડી લીધા હતા. જે પૈસા ઉપડવાનો મેસેજ આવતા તેમને જાણ થયેલ કે કોઇએ તેમની સાથે નાણાકીય છેતરપીંડી કરેલ છે,જેથી તેમને તાત્કાલીક સાયબર ક્રાઇમ સેલની કચેરીનો સંપર્ક કરતા અત્રેથી આ બનાવમાં તાત્કાલીક એકશન લઇ તેમના રૂ.૫૦,૦૦૦/- રીફંડ ઓનલાઈન વોલેટ કંપની મારફતે કરાવેલ છે.

વેરો વધારા બાબતે આપણી નગર પાલિકા છે તો આપણે જ સહકાર આપવો કઈ ખોટુ નથી : રાજેન્દ્ર પટેલ, ભાજપ મહામંત્રી



ગટર સાફ કરતો ફોટો વાયરલ થતા રાજેન્દ્ર પટેલે મીડિયા કર્મીઓ ને મેસેજ કરી સ્પષ્ટતા કરતા હકીકત જણાવી સાથે વેરો વધારવા પણ સહમતી દર્શાવી

(ભરત શાહ દ્વારા)

રાજપીપળા

નર્મદા જિલ્લા માં હાલ કોરોનાની મહામારી વચ્ચે લોકડાઉન લાગુ કરવામાં આવ્યું છે. સમગ્ર દેશમાં લોકડાઉન અમલમાં છે ત્યારે રાજપીપળા નગરપાલિકાની વર્ષો થી નબળી સ્થિતિ હોય કેટલીક તકલીફો વધતા વેરા વધારવાનો ઠરાવ કરવામાં આવતા રાજપીપળા નગર પાલિકામાં ૧૮ સભ્યોએ પાલિકાના મુખ્ય અધિકારીની વાત સાથે સંમત થઈ વેરા વધારવાનો ઠરાવ પર સંમતિ ની મહોર મારી દીધી છે જ્યારે કેટલાક સભ્યો એ વિરોધ નોંધાવ્યો છે જોકે આ વેરો વધારા બાબત હાલ શહેરમાં ભારે ચર્ચા માં રહી છે પરંતું આવનારા સમય માં શુ થશે તે હલ કહેવું મુશ્કેલ હોય તેવા સમયે રાજપીપળા શહેર ભાજપના મહામંત્રી રાજેન્દ્ર પટેલનો પોતાની દુકાન પાસે ગટર સફાઈ કરતો ફોટો સોશિયલ મીડિયામાં વહેતો થતા રાજકારણ ગરમાયુ હતું.

જોકે આ બાબતે રાજપીપળા શહેર ભાજપના મહામંત્રી રાજેન્દ્ર પટેલે ટેલિફોનિક વાતમાં જણાવ્યું હતું કર્મચારી ઓના પગાર લાઈટબીલ સહિત તકલીફ હોય તો વેરો વધારો કઈ ખોટી વાત નથી અને પાલીકા ના આ નિર્ણય ને હું સમર્થન આપું છું.રાજપીપળા ખાતે મારી જે ક્લિપ આપી છે એમાં હું ભાજપનો મહામંત્રી પછી છું પરંતુ હું ભારતનો એક જવાબદાર નાગરિક છું તેથી મારા મેડિકલ સ્ટોર પાસે હું સાફ સફાઈ કરું એ એક નાગરિક તરીકેની મારી ફરજ છે. સ્વચ્છતા પોતાના ઘરથી ચાલુ કરવી એવું હું માનું છું આપણા પીએમ નરેન્દ્ર મોદી એ સ્વચ્છતા અભિયાન ચલાવ્યું હતુ એમાં હું એક જવાબદાર વ્યક્તિ તરીકે આ કામ કરું છું.અને તેમના વિચારો ને અનુસરુ છું માટે મારી ગટર જાતે સફાઈ કરું છું અને ગઈકાલે પણ મેં કરી હતી.

નર્મદા,ભરૂચના કોરોના વોરીયર્સ ૧૨૦૦ જેટલા વીજ કર્મચારીઓને વિના મૂલ્યે હોમિયોપેથીક દવાનું વિતરણ



(ભરત શાહ દ્વારા)

રાજપીપળા

અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘ દ્વારા ડીજીવીસીએલ ભરૂચ સર્કલના અધિક્ષક ઈજનેર એચ. આર.શાહ ની સંમતિથી સરકાર ની આવશ્યક સેવા હેઠળ આવતા વિભાગોમાંની ડિજી વીસીએલ વીજ કંપની માં કામ કરતા ભરૂચ,નર્મદા ના ૧૨૦૦ જેવા કર્મચારીઓ કે જે આવી કોરોના મહામારીમાં પણ સમાજ વચ્ચે જઈને જીવના જોખમે સેવા બજાવી રહ્યા છે.જેમને સરકારે કોરોના વોરીયર્સ જાહેર કરેલ છે તેવા વીજ કંપનીના કર્મચારી ઓની રોગપ્રતિકારક શક્તિ વધે અને તેમનો આત્મ વિશ્વાસ પણ વધે અને હિંમતભેર આવી મહા મારીમાં ફરજ બજાવે તેવા શુભ આશયથી અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘ દ્વારા હોમિયોપેથીક દવા હ્યુમિનિટી બુસ્ટર ડોઝ(રોગ પ્રતિકારક શક્તિ વધારનારી) દવા કર્મચારીઓને વિતરણ કરવામાં આવી હતી.

અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘ યુનિયન દ્વારા ભરૂચની અનુભૂતિ કલીનીક હોમિયોપેથી હોસ્પિટલને અને તેના ટ્રસ્ટને તથા તેમાં સેવા આપનાર ડો.પ્રણવ પાઠક સાથે વાત કરી વીજ કંપનીના ૧૨૦૦ જેવા કર્મીઓને હોમિયોપેથીક દવા વિતરણ કરાઈ હતી.વીજ પુરવઠો સતત જળવાઈ રહેવાના કારણે આ કાળઝાળ ગરમીમાં લોકો લોકડાઉનમાં ઘરમાં રહી શકે તેવી મહત્વની સેવા આપનાર વીજ સૈનિકોને પણ રોગપ્રતિકારક શક્તિ વધારનાર દવા પીવડાવવામાં આવે એવી વિનંતી કરતા અનુભૂતિ ક્લિનિકના ટ્રસ્ટ ના ટ્રસ્ટીઓ તથા ડો.પ્રણવ પાઠક દ્વારા વીજ કંપનીના૧૨૦૦ જેટલા ભરૂચ નર્મદા જિલ્લાના વીજ કર્મચારીઓને દવા પુરી પડે તેટલી દવાનો જથ્થો વિના મુલ્યે અપાતા તે બદલ અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘ ના મહામંત્રી ચિરાગ શાહ અને વીજ કંપનીના કર્મચારીઓ એ આભાર આભાર વ્યક્ત કર્યો હતો.

રાજપીપળાની બેન્ક ઓફ બરોડા દ્વારા જિ.પં. આરોગ્ય શાખાને ૧ હજાર માસ્ક,૧ હજાર સેનીટાઈઝેશન બોટલ અને ૧ હજાર હેન્ડ ગ્લોવ્ઝ અપાયા



(ભરત શાહ દ્વારા)

રાજપીપળા

સમગ્ર વિશ્વમાં નોવેલ કોરોનાની મહામારી ફેલાયેલી છે,દેશ અને ગુજરાત રાજ્ય પણ તેમાંથી બાકાત રહ્યું નથી ત્યારે જિલ્લા કલેક્ટર મનોજ કોઠારીના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સુચારૂ વ્યવસ્થાતંત્ર ગોઠવાયું છે.રાજપીપળા ના લીડ ડિસ્ટ્રીક્ટ બેંક મેનેજર ગોવિંદભાઈ પ્રજાપતિએ રાજપીપળા બેન્ક ઓફ બરોડાની મુખ્ય શાખાના બ્રાન્ચ મેનેજર સજલ મેડા તથા ભરતભાઈ કોઠારી એ બેન્કના સી.એસ.આર.ફંડ માંથી જિલ્લા પંચાયતની આરોગ્ય શાખાને ૧ હજાર માસ્ક,૧ હજાર સેનીટાઈઝેશનની બોટલ અને ૧ હજાર હેન્ડ ગ્લોવ્ઝનું સાધન સહાયના રૂપમાં દાન અપાયું હતું. આમ, બેન્ક ઓફ બરોડાએ પ્રર્વતમાન નોવેલ કોરોના વાયરસ સંક્રમણ સંદર્ભે બેન્કે પોતાનું સામાજીક ઉત્તરદાયિત્વ નિભાવ્યું છે.

નર્મદા જીલ્લામા કોરોનાની રી-એન્ટ્રી, ૧૭ દિવસ બાદ હેલ્થ ઓફિસરનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો

વિરપોર ચેકપોસ્ટ ઉપર CHO(કોમ્યુનિટી હેલ્થ ઓફિસર) તરીકે ફરજ બજાવનાર ગરુડેશ્વર તાલુકાના ગોરા ગામનો આરોગ્ય નો યુવાન કોરોના ચેપગ્રસ્ત આવતા રાજપીપળા ની કોવિડ હોસ્પિટલ માં સારવાર હેઠળ

ગઈકાલે ચકાસણી અર્થે કુલ ૮ સેમ્પલો મોકલવામાં આવ્યા હતા, તે પૈકી નો એક કેસ પોઝીટીવ આવ્યો જ્યારે અન્ય ૭ નેગેટીવ રીપોર્ટ આવ્યા છે.



(ભરત શાહ દ્વારા)

રાજપીપળા

નર્મદા જીલ્લો કોરોના મુકત થયાં બાદ ૧૭ મા દિવસે એક હેલ્થવર્કર નો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવતા ઓરેંજ ઝોન મા થી ગ્રીન ઝોન મા જવાના સ્વપ્ન ઉપર પાણી ફરી વળ્યું છે.

પાછલાં થોડા દિવસો થી વેપાર ધંધા અને લોકોનુ જન જીવન થાળે પડતું દેખાઈ રહ્યુ હતું.અને લોકો એ આ માટે હાશકારો અનુભવ્યો હતો. કે હવે આપણે ગ્રીન ઝોન મા આવી જઈશું અને સામાન્ય જીવન જીવી શકીશું, વેપારી આલમમાં પણ ગભરાટ ઓછો થતાં દુકાનો ખોલી વેપાર ધંધા નિયંત્રણો વચ્ચે ચાલુ કર્યા હતા.

રાજ્યો અને જિલ્લાઓ વચ્ચે અવર જવર ની સરકારી છુટ મળતાંજ લોકો કે જેઓ ક્યાંક ને ક્યાંક ફંસાયેલા હતાં રઘવાયા બની ને પોતાના વતન ,ગામ કે શહેર તરફ દોટ મુકી હતી, છુટછાટ ના પરિણામે નર્મદા જીલ્લા મા કોઈક કોરોના પોઝીટીવ કેસ ઘુસી ના આવે તેવી પણ સતત ચિંતા વહીવટી તંત્ર અને જીલ્લા ના લોકો મા જોવા મળી રહી હતી,ત્યાંજ આજે નવો એક કેસ પોઝીટીવ આવતા તમામ આશાઓ ઉપર પાણી ફરતું જણાયું હતું.

જાણવા મળ્યા મુજબ નાંદોદ તાલુકા જેતપુર PHC માં ફરજ બજાવતા CHO(કોમ્યુનિટી હેલ્થ ઓફિસર) અશોક ચાવડા હાલ માં વિરપોર ગામની પોલીસ ચેકપોસ્ટ ઉપર સ્કેનિંગ ની ફરજ પર હતા ત્યારે આરોગ્ય વિભાગના CHO નો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવતા તે હાલ રાજપીપળા ની કોવિડ હોસ્પિટલ માં સારવાર હેઠળ છે. અશોકભાઈ ચાવડા ગરુડેશ્વર તાલુકા ના ગોરા ગામના રહેવાસી છે તેમ જાણવા મળ્યું હતું.આમ એક નવો કેસ પોઝીટીવ આવતા તંત્ર પણ હરકત મા આવી ગયું છે. નર્મદા જિલ્લો ગ્રીન ઝોન માં જશે તેવા સપના હાલ ચકનાચૂર થતા જોવા મળી રહ્યા છે.

ત્રીજા તબક્કાના લોકડાઉનનો દરેક દિવસ અઘરો છતાં લોકોમાં સંયમ

સુરત

કોરોના વાયરસની મહામારીને કારણે કેન્દ્ર સરકારે તબક્કાવાર ત્રણ વખત લોકડાઉનનો અમલ કર્યો હતો. ત્રીજા તબક્કાના લોકડાઉનમાં પણ સુરત શહેરમાં સોશિયલ ડિસ્ટન્સિંગનો બરોબર અમલ ન થતા સુરત મનપા તંત્રે શાકભાજી ફ્રુટ વિતરણ વેચાણ પણ બંધ કરાવી દીધું હતું. તેમજ ત્રીજા તબક્કાના લોકડાઉનનો કડક અમલ કરાવવા માટે સુરત શહેર મનપા અને પોલીસ તંત્રે બરોબર કમ્મર કસી છે અને શહેરના મુખ્ય માર્ગો પૈકી એક સાઈડના રસ્તાને સદંતર બ્લોક કરવામાં આવી રહ્યા છે. તેમજ સોસાયટી મહોલ્લા-શેરીઓમાંથી પસાર થતા આંતરિક રસ્તાઓ પણ મોટાપાયે બંધ કરી દેવામાં આવ્યા છે. જેથી કરીને લોકો આંતરિક રસ્તાનો ઉપયોગ કરનારા ઉપર પણ હવે અંકુશ આવશે.

કલેકટરની પરમીટ ૧૭મી મે સુધી માન્ય ગણાશે

સુરત

હાલમાં કોરોના કોવિડ-૧૯ના કેન્દ્ર સરકારના લોકડાઉના આદેથી સરકાર દ્વારા તા.૧૭/૫/૨૦૨૦ સુધી લોકડાઉન લંબાવવામાં આવ્યું છે. જેથી સુરત જિલ્લા કલેકટરશ્રી દ્વારા અગાઉ તા.૩/૫/૨૦૨૦ની તારીખના સમયગાળા માટે આપવામાં આવેલ પરમીશનને તા.૧૭/૫/૨૦૨૦ સુધી માન્ય ગણવામાં આવશે તથા પરમીશન રીન્યુ કરવા માટે નવી અરજી કરવાની રહેતી નથી જેની નોંધ લેવા જિલ્લા કલેકટર અને મેજીસ્ટ્રેટશ્રી દ્વારા જણાવાયું છે.

નર્મદા પોલીસ દ્વારા લોકડાઉનના કાયદાનો કડક અમલ: કોઈની પણ સ્નેહ શરમ વિના જિલ્લામાં આવનજાવન પર રોક

વડોદરા રેડ ઝોન માંથી રાજપીપળા તરફ ઘૂસવા પ્રયાસ કરતા કે રાજપીપળા થી વડોદરા તરફ જવા પ્રયાસ કરતા લોકોની સાથે સરકારી બાબુઓને પણ પીએસઆઈ પાઠકે અટકાવી કાયદાનો અમલ કરાવ્યો

- **રાજપીપળા સિવિલ હોસ્પિટલ ના ડોક્ટર સહિત નર્મદા વહીવટી તંત્રના સરકારી અધિકારીઓ કે કર્મચારીઓ ને પોઈચા પુલ પરથી ન જવા દેતા રાજકીય આગેવાનો સહિતના ફોન રણકતા રહ્યા છતાં કાયદા સામે કોઈની શરમ ના રખાઈ**
- **જો સરકારી અધિકારી,કર્મચારીઓ કે ડોક્ટરો જેવા તંત્રના અધિકારીઓ જ કાયદાનું પાલન નહિ કરે તો આમ જનતા પાસે શુ અપેક્ષા રાખવી**



(ભરત શાહ દ્વારા)

રાજપીપળા

હાલ કોરોના મહામારી વચ્ચે લોકડાઉન નું કડક પાલન થઈ રહ્યું છે નર્મદા જિલ્લા માં હાલ એક પણ પોઝીટીવ કેસ નથી ત્યારે નર્મદા પોલીસ વડા હિમકર સિંહ ની કડક સૂચના મુજબ લોકડાઉન નો કડક અમલ કરતી પોલીસ ટિમ ગમે તેવા ચમરબંધ ને જરૂરી મંજૂરી કે પાસ વિના જિલ્લા બહાર કે અંદર પ્રવેશ માટેની છૂટ આપતી નથી છતાં શનિ રવિવાર ની રજાના મૂડમાં બહાર રહેતા કેટલાંક સરકારી અધિકારીઓ, કર્મચારીઓ અને ડોક્ટરો રાજપીપળા થી વાયા પોઈચા પુલ થઈ વડોદરા તરફ જવા પ્રયાસ કરતા હતા પરંતુ ત્યાં હાજર નર્મદા પોલીસ ના પીએસઆઈ કે.કે.પાઠકે કાયદા મુજબ જરૂરી પાસ કે મંજૂરી ન હોવાના કારણે બહાર જતા સરકારી બાબુઓ ને અટકાવી પરત રાજપીપળા મોકલી આપી કાયદાનો કડક અમલ થઈ રહ્યો હોવાનો દાખલો બેસાડ્યો હતો.ત્યારે લોકડાઉન નો કડક કાયદો લાગુ કરવામાં આવ્યો છે એ કાયદાનું પાલન આમ જનતા સહિત દરેક માટે લાગુ પડે છે છતા સરકારી તંત્ર નો રોફ દેખાડી કાયદાની પરવાહ ન કરી નર્મદ થી બહાર જવાનો કે આવવાનો પ્રયાસ કરતા કેટલાક સરકારી બાબુઓ ને પોઈચા પુલ પર હાજર પીએસઆઈ કે.કે.પાઠકે પોલીસ વડા હિમકર સિંહ ની કડક સૂચનાનો અમલ કરવા તેમજ કોઈની પણ સરમ રાખ્યા વિના કાયદાનો પાઠ ભણાવ્યો હતો. જોકે જાણવા મળ્યા મુજબ કેટલાક અધિકારીઓ, ડોક્ટરો ને જવા-આવવા દેવા માટે પોલીસ પર રાજકીય આગેવાનો તેમજ સરકારી અધિકારીઓ ના ફોન આવ્યા પરંતુ તેમ છતાં કોઈની લાગવગ કે સરમ ન રાખી નર્મદા જિલ્લા ને ગ્રીન ઝોન માં લાવવા નવો કોઈ કોરોના પોઝીટીવ કેસ ન આવે તેની તકેદારી ના ભાગરૂપે નર્મદા પોલીસે ખરેખર દરેક પાસે કાયદાની અમલ કરાવ્યો હતો.

નર્મદા પોલીસ વડા ની સૂચના મુજબ પોઈચા બ્રિજ ઉપર કડક અમલ કરતા પીએસઆઈ પાઠકે વડોદરા તરફ જતા કેટલાય સરકારી બાબુઓને પરત કર્યા